
આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું એકમાત્ર માસિક

કુમાર





શણગાર (લીનોકટ) યજ્ઞેશ્વર શુકલ


૪૧૮

વર્ષ પાંત્રીસમું · અંક દસમો · ઑક્ટોબર ૧૯૫૮ · સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત










રોમન સંસ્કૃતિનો જ્યારે ઉદય પણ નહોતો થયો ત્યાર પહેલાં ઇટાલિની ઉત્તરે એટ્રુસ્કન નામે એક સંસ્કૃતિ જાહોજલાલ હતી. ઈતિહાસમાં લખાએલાં એના પાનાં જાણે કે કેવળ ભુંસાઈ જ ગયાં હોય તેમ એ સંસ્કૃતિના આછા અણસાર સિવાય સદીઓથી આપણને તેનો વધુ ખયાલ નહોતો રહ્યો. કળા અને ઉદ્યોગ તથા વાણિજ્યના મુખ્ય ધામ સમું તેનું બંદર 'સ્પિના' ક્યાં આવેલું તે કંઇ જ નિશ્ચિત હતું નહિ. માત્ર લોકવાર્તાઓમાં તથા ગ્રીસ ને દક્ષિણ ઇટાલિમાં થએલા ઉત્ખનનો પરથી તે નામે કોઈ નગર હતું એટલું જ નિશ્ચિત થતું હતું. પણ વર્ષોની જહેમતો બાદ આખરે ૧૯૫૬માં એ ગુમ થએલા નગરનો પત્તો પુરાતત્ત્વવિદોએ મેળવ્યો છે. અહીં એ સંસ્કૃતિના હાથ લાગેલા અવશેષોમાંથી કેટલાંય પક્ષીપ્રાણી આકારનાં પાત્રો આપ્યાં છે. ઉપરના બક-આકારના પાત્ર પર દેખાતી પાંખાળી સ્ત્રી તે એક એટ્રુસ્કન દેવી 'લાસા'ની છે. અન્ય પાત્રો પણ આજ રીતે પશુપક્ષીને માનવાકૃતિ પરથી રચેલાં છે. એમ મનાય છે કે તેનો ઉપયોગ કીંમતી દ્રવ્યો ભરવામાં થતો. આ નમૂનાઓ ઈ. સ. પૂર્વે ૪થી સદીના એટ્રુસ્કન કારીગરોની કળાના દ્યોતક છે.



પોતાના ઉત્પાદનના પ્રચારાર્થે પ્રથમ મુંબઈમાં ને હમણાં અમદાવાદમાં કેલિકો મિલે એક અભિનવ પ્રદર્શન યોજ્યું છે. પોતાની આગવી જ શૈલીથી રજૂ થએલાં તેનાં દરેક અંગોમાં સૌથી વિશિષ્ટ તો છે તેનો, ભૂમિતીની અને ઇજનેરીની કેટલીક વ્યવહારુ ગણતરી ઉપર તૈયાર કરેલો ૩૦ ફૂટ ઊંચો અને ૧૦૦ ફૂટના વ્યાસનો વિશાળ ઘૂમટ (Dome). ૭૫૦૦ ચો. ફૂટના વિસ્તારને ઢાંકતો આ ઘૂમટ વચ્ચેથી કોઈ પણ પ્રકારના ટેકા વિના માત્ર તેના મુખ્ય બંધારણની પાતળી પોલી નળીઓ વડે જ તોળાઇ રહ્યો છે. આચ્છાદન માટે તેના પર મિલે ખાસ તૈયાર કરેલા પાણીથી અભેદ્ય (વૉટર-પ્રુફ) કાપડનું સુંદર આવરણ લગાવાયું છે. માત્ર થોડા જ સમયમાં ઊભાં કરી શકાય કે સંકેલી લઇ શકાય તેવા નાનાંનાનાં એકમોની તેની બુદ્ધિયુક્ત રચના તથા તેનું અતિશય હળવું વજન એ તેની વિશિષ્ટતા છે. ભારતમાં આ પ્રકારનો આ પ્રથમ જ ઘૂમટ છે અને તે એતદ્દેશીય સાધનસામગ્રી વડે જ તૈયાર કરેલો છે. રિચાર્ડ બકમિન્સ્ટર ફુલર નામના એક વિખ્યાત અમેરિકન ઈજનેરની આ મૂળ શોધ 'જીઓડેસિક ડોમ' નામે ઓળખાય છે. એન્જિનીઅરિંગના ફિલસૂફ ગણાતા એ પુરુષે બીજી પણ આવી અનેક વ્યવહારુ શોધો કરી છે. ઘૂમટની આ પ્રકારની રચનામાં વપરાએલા પદાર્થોમાંથી ઓછામાં ઓછા વ્યય થઈ વધુમાં વધુ લાભ મળે છે. આ જ રીતે એમની પ્રત્યેક શોધખોળોમાં પણ વપરાતા પદાર્થોમાંથી વધુમાં વધુ લાભ મેળવવાની એમની મુખ્ય નેમ તેઓ સિદ્ધ કરે છે. એમની એ આગવી પદ્ધતિ પાછળના એમના મુખ્ય વિચારને તેઓ 'ડાયમેક્સન' નામે ઓળખાવે છે.



'ટિકિટ જગત' માસિક બાબત
ઑગસ્ટ અંકમાં આપેલી જાહેરાતમાંના સર-નામે મનીઑર્ડર જઇ શકતા ન હોવાથી નીચેને સરનામે પૈસા મોકલવા તથા પત્રવ્યવહાર કરવો.
હરિલાલ ઍન્કર સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

કુમાર
ઑક્ટોબર ૧૯૫૮
અંક ૪૧૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો



સાગરતટના શ્રમજીવીઓ

ફોટો-કલાકાર : હૅરૉલ્ડ ટફ્ટી

સમાંતર રેખાઓ ધરાવતાં દૃશ્યો કે રચનાઓમાં ચિત્રસંયોજના સામાન્યત: મુશ્કેલ ગણાય છે. મદ્રાસના સમુદ્રતટ પર લેવાએલા આ દૃશ્યમાં પણ સામે દેખાતી તટરેખા અને માછીમારોના પગ આગળ તેમની જાળ તથા પ્રતિબિંબથી રચાઇ રહેલી બિનહયાત સમાંતર રેખાની વચ્ચે પાછાં ત્રણે ય ઊભેલાં ને એક જ દિશાગામી પાત્રોની એકવાક્યતા એવી મુશ્કેલી ઊભી કરનારાં છે. પણ તટ-જીવનના એક સામાન્ય દૃશ્યને તેની સ્વાભાવિક ક્રિયામાં ખૂબીથી ઝડપીને કલાકારે એ બે સમાંતર રેખાઓની વચ્ચે કોઇ પ્રાચીન કલાકારની પ્રશિષ્ટ શિલ્પકૃતિ જેવી જીવન-નાટકની રસમય રચના સર્જાવી છે. એમાં ત્રણે પાત્રોના દેહની વિભિન્ન ભંગીઓ તથા તેમના પાસાદાર સ્નાયુઓથી રચાએલી છાયાપ્રકાશની રમણાને ઝડપનારી કૅમેરા-કલા સામા કિનારાના આછા દૃશ્યની, વચ્ચેનાં મોજાંની તેમજ પગ આગળના પ્રતિબિંબોની કુમાશને પણ યોગ્ય ન્યાય આપવાનું ચૂકી નથી.



શૈશવ-સ્મૃતિ કલાકાર : શ્રીમતી મોહિની બક્ષી–જેમનો પરિચય આ અંકમાં આપ્યો છે. (કલાકારના સૌજન્યથી)

અદ્યતન શૈલીનાં ઢીંગલીપાત્રોથી મંડિત મધુર ડોલનભરેલું આ ચિત્ર નાનાં બાળકો આનંદથી ગીત ગાતાં સહજ લયમાં ઘૂમતાં હોય તેનું મનોહર સ્મરણ જગવી રહે છે. પૃષ્ઠભૂમિમાં કોઈ જાતની વિગતોનો ભાર ભર્યા વિના, વિશેષતઃ પીળા રંગની ચમક ધરાવતાં આ પાત્રો ચોમાસાનાં ફૂદાં જેવી લીલા બતાવે છે.

વાચકો લખે છે

૪૧૫મા અંકમાં ભારતનાં વિશ્વવિદ્યાલયો-ની ધ્યાનમુદ્રાઓ આપી છે. એ બધી તે તે વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ ત્યારની છે ને તેમાંની લગભગ બધી જ અત્યારે પણ ચાલુ જ છે. પરંતુ મુંબાઈ યુનિવર્સિટીએ ૧૯૫૭માં સો વર્ષ પૂરાં ક્યાં એ સમયે શતાબ્દી મહોત્સવ ઊજવી નીચે મુજબની નવી ધ્યાનમુદ્રા રાખી છે. એમાં પશ્ચાદ્ભૂમિકામાં યુનિવર્સિટી-નો રાજાબાઈ ટાવર, જમણી બાજુ કારખાનાં અને યંત્રનાં ચક્ર, ડાબી બાજુ આગબોટ અને નીચે વચમાં પુસ્તક છે. નીચે યુનિવર્સિટીનો નવો મુદ્રાલેખ 'शीलवृत्तफला विद्या' મૂક્યો છે.

University of Bombay



મુંબાઈ યુનિવર્સિટીની સાથે કલકત્તા ને મદ્રાસની યુનિવર્સિટીઓએ પણ સો વર્ષ પૂરાં ક્યાં છે. તો એ પ્રસંગે એ યુનિવર્સિટીઓએ પણ પોતાની ધ્યાનમુદ્રાઓ બદલાવી છે કે નહિ તે જાણકારો જણાવશે એવી આશા રાખું છું. ૪૧૫મા અંકમાં સાગર યુનિવર્સિટીની ધ્યાન-મુદ્રા ઊંધી છપાઈ [redacted] પરિચયમાં ગુજરાત યુનિવર્સિટીની [redacted]નું વર્ષ ખોટું છપાયું છે. એ ૧૯૫૭ નહિ પણ ૧૯૫૧ હોવું જોઈએ.

(મુંબાઈ) —(પ્રો.) રમણલાલ સી. શાહ

સપ્ટેમ્બરના અંકમાં વ્યક્તિવિશેષ નામ રણજિતસિંહજીવાળો લેખ સારી રીતે લખાએલો છે અને ઠીકઠીક માહિતી આપે છે; પણ એક છેલ્લા પૅરામાં ગાર્ડિનરના લખાણ પછી લખેલું છે કે 'તેમની 'લેગ થીઅરી' અને 'બૉડી લાઈન બૉલિંગ' આજ પણ અતુલ ગણાય છે.'

આ તદ્દન ખોટું છે. 'રંજી' આમ સ્લો બૉલર સારો હતો, પણ મોટી મૅચોમાં એણે બૉલિંગ કરી જ ન હતી. 'લેગ થીઅરી' 'રંજી'-ના સમય પછી કેટલાક કૅપ્ટનોએ મોટીમોટી મૅચોમાં અજમાવેલી અને હજી પણ બધે જ ઠેકાણે અજમાવાય છે. પણ 'બૉડી લાઈન બૉલિંગ' તો જારડીનની (જે હમણાં જ મૃત્યુ પામ્યો છે) કૅપ્ટન શિપ નીચે ઑસ્ટ્રેલિયામાં લારવૂડ અને તેના બે ફાસ્ટ બૉલર-ગોઠિયા મારફતે અજમાવવામાં આવી હતી ને ઇંગ્લંડ તથા ઑસ્ટ્રેલિયાની મૅચો સદંતર અટકી જાય એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. તે વર્ષે ઇંગ્લંડ જીત્યું, પણ પાછળથી એમ. સી. સી.એ 'બૉડી લાઈન બૉલિંગ' ગેરકાયદેસર ઠરાવી, જેને પરિણામે જારડીન ને લારવૂડ ક્રિકેટ જગતમાંથી નિવૃત્ત થયા. 'રંજી'ને આ બંને બૉલિંગ-રીતિ સાથે જરા જેટલો પણ સંબંધ નહોતો.

'રંજી'એ પોતાના સમયમાં સીધા ઝડપી બૉલોને પોતાના કાંડાના કૌશલ્યથી 'ફાઇન લેગ' પર કાઢવાની કલા સાધ્ય કરી હતી, જેને પરિણામે તેને ચાર ચાર રન મળતા હતા. આખરે ઇંગ્લંડ તેમજ ઑસ્ટ્રેલિયાએ 'ફાઇન લેગ' પર એક ફીલ્ડર ગોઠવવા માંડ્યો હતો ને એથી એમ કહેવાયું કે 'રંજી'એ સામાવાળાને એક ફીલ્ડર વધારવાની ફરજ પાડી!

એક બીજી વાત. પતિયાલામાં 'મહારાજા ટીમ' વિરુદ્ધ 'યુરોપીઅન ટીમ'ની મૅચ હતી. પતિયાલા તરફથી કર્નલ મિસ્ત્રીએ ૨૫૦ રન કર્યા વિકેટમાં પહેલા જઈને. કોઈએ શરત મારી કે આને હઠાવે એવો પતિયાલા ટીમમાં બીજો કોઈ ખેલાડી નથી! એક અંગ્રેજે જ આ શરત સ્વીકારી ને કહ્યું કે એ જ ટીમનો રમનાર 'રંજી' આ જુમલા કરતાં વધારે રન કરશે. શરત હતી સો સો રૂપિયાની. શરત માર્યા પછી અંગ્રેજ ગભરાયો, કારણકે ઘણી વાર ટીમને જરૂર ન હોય તો 'રંજી' ગમે તેમ રમતો. એણે જાતે જઈને 'રંજી'ના કાલાંવાલાં કર્યાં. 'રંજી'એ હસીને કહ્યું કે આ વખતે હું જિતાવી આપીશ, પણ મને પૂછ્યા વગર ફરી આવી શરત મારતો નહિ. આમ કહીને 'રંજી'એ ૨૫૧ રન કર્યા!

આ હકીકત પુસ્તકમાં છપાઈ છે; તે ઉપરાંત હજી બે વર્ષ પહેલાં મેં બુઝર્ગ કર્નલ મિસ્ત્રી પાસેથી જ આ વાતની સાક્ષી પુરાવી હતી.

(સાન્ટાક્રુઝ) —મનસુખલાલ કૃ. મહેતા

ઑગસ્ટ અંકમાં શ્રી પ્રિયવદન શાહે મૂકેલ પ્રશ્ન 'વાચનની ઝડપ કેમ વધે?'ના જવાબમાં:

અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. બેટ્સે એક પ્રયોગ દ્વારા સાબિત કર્યું છે કે એક માણસ એક મિનિટમાં ફક્ત ૧૫ શબ્દો જ વાંચી શકતો, તેણે નિયમિતરીતે ઝડપથી વાંચવાની એક પખવાડિયા સુધી પ્રૅક્ટિસ કરી અને ૧ મિનિટમાં ૯૦ શબ્દોની ઝડપ સુધી પહોંચી શક્યો. એવાં પણ દૃષ્ટાંતો નોંધાયાં છે કે જેઓ પહેલાં કરતાં ૧૪૨ ટકા સુધી સમજીને, ઝડપથી વાંચવાની આદત કેળવી શક્યા છે.

માત્ર ઝડપથી વાંચવું એટલું જ જરૂરી નથી, પરંતુ સાથે સાથે તે સમજવું અને યાદ રાખવું એ પણ એટલું જ જરૂરી છે. Read, Remember and Reproduce (વાંચો, યાદ રાખો અને ફરી રજૂ કરો), એ ધ્યેય જાળવવું જોઈએ. એ માટે ડૉ. બેટ્સની નિયમાવલિનો અમલ કરવાથી જરૂર ફાયદો થશે.

(૧) વાંચતી વખતે મોઢેથી બોલીને વાંચવાની ટેવ હોય તો જલદીથી તેનો ત્યાગ કરજો. તેથી આંખની સાથે વિચાર દોડતા નથી. હોઠ ફફડતા હોય તો બરાબર બંધ કરી દેજો—સીવી લેજો. લીટીની નીચે આંગળી રાખીને વાંચવાની આદત હોય તો બન્ને હાથ વડે પુસ્તક પકડી રાખજો જેથી એ આદત પણ છૂટી જશે. (૨) એકએક શબ્દને બદલે આખા વાક્યનો ભાવાર્થ જલદીથી સમજવા પ્રયત્ન કરો, ને જે વાંચો તે સંદર્ભમાં વાંચવાની ટેવ પાડો. (૩) ૧ મિનિટમાં કેટલું વાંચી શકો છો તે જુઓ અને પછી એ મુજબ જે વાંચવાનું છે તેની સમયમર્યાદા નક્કી કરો. ઍલાર્મ ઘડિયાળ લઈને બેસો અને નિશ્ચિત કરેલા વખતમાં નિશ્ચિત ભાગ પૂરો કરી શકો છો કે નહિ તે જુઓ. (૪) બધી શક્તિઓ વાચન પર જ કેન્દ્રિત કરો; ચિત્ત પરોવીને વાંચો. (૫) વાંચી ગયા પછી કેટલું યાદ રહ્યું તે જલદીથી જોઇ જાઓ. ત્યાર બાદ વાંચેલું ફરીથી વાંચી જાઓ અને જુઓ કે કેટલું ભૂલી ગયા હતા. (૬) એક પૅરેગ્રાફ, એક લીટી બે વાર વાંચવાને બદલે સળંગ વાંચો, જલદી વાંચો, જલદી, જલદી, જલદી! થોડા દિવસને અંતે ફાયદો અવશ્ય જણાશે.

(સુરેન્દ્રનગર) —સુરેશ પરીખ

[*'વાચનની કળા' વિગતવાર સમજાવતો એક લેખ 'કુમાર'ના ૨૯૨માં અંકમાં આવી ગયો, તે તરફ રસિક વાચકોનું ધ્યાન દોરીએ છીએ.]

સપ્ટેમ્બર અંકમાંના સુધારા

● 'ગોહના તાલ'ના ફોટોગ્રાફર અશ્વિન ત્રિવેદી નહિ, પણ અશ્વિન મહેતા છે. ● 'લાયક મળે તો...' સાદી નાટિકા છે, રેડિયોનાટિકા નથી. ● શ્રી ગિરીશ દેસાઈનો 'આકાશને પગથારે' વાળો લેખ 'રીડર્સ ડાઈજેસ્ટ'માં આવેલા અંગ્રેજી લેખને આધારે લખાએલો છે. આ સંપાદકીય સરતચૂક માટે અમારી દિલગીરી છે.

તેં જ

·મિશ્ર·

તેં—તેં જ તો પ્હેલી જ વેળ દષ્ટિની
બિછાવીને કોમળ રેશની, મને
ચીંધ્યો હતો મારગ સાવ સ્હેલો
અને સીધો, પ્રીતિની કેડી કેરો!
હું યે અજાણ્યો મનમોજી પંથી
ચડી ગયો એ પથ પે લહેરથી!

ને તેં જ રે ઈજન દેઇ દેઇ,—
નહીં, ધરી હાથ, મને પરાણે
ખેંચી લીધો તારી સમીપ એકદા
પ્રીતિતણે મંદિર રાસ ખેલવા:
ભળી ગયો હું ય મજેથી સાથમાં!

અચિંતવ્યો તેં જ વળી મને કશો
છાંટી દીધો રંગ ગુલાલ પાકો,
રંગી મને તું હરખાઈ ઊઠી ને
વધાવી મેં યે લીધી હોરી હેતની!

બેહાલ (કે ન્યાલ?) મને કરી દીધો
વર્ષાવીને સાવન જેવી ભાવન—
તેં, તેં જ તો—પ્હેલી જ તુષ્ટિ દષ્ટિથી!

હેમન્ત દેસાઈ

ધીરેધીરે

·ગઝલ·

જલે ઝંખતું આ ગગન ધીરેધીરે
ઉઘાડી હજારો નયન ધીરેધીરે.

કદી ફૂલને હોય સંશયની વૃત્તિ?
લઇ જાય ખૂશ્બુ પવન ધીરેધીરે.

જુઓ ખુશનસીબી મુલાયમ ફૂલોની.
થયું કંટકોથી જતન ધીરેધીરે.

ટહૂકે જો બુલબુલ કદી પાનખરમાં;
બની જાય ત્યાં એ ચમન ધીરેધીરે.

ભર્યા સ્વપ્ન-દરબારે શાયર તણા આ
કરે આજ મુજરો જીવન ધીરેધીરે.

કર્યું આ હૃદયની ભરી ગોરસીમાં
વ્યથાને રવૈયે મથન ધીરેધીરે.

હિનાશું તું પાની તળે દિલ, પડી જા
પછી રંગ લેશે પતન ધીરેધીરે.

હજુ તો નિહાળ્યા'તા રંગીન વાઘા,
હવે ત્યાં ફરકે કફન ધીરેધીરે.

તમે જો ઉમીદો મિટાવી છે હાથે
કરો લાશ એની દફન ધીરેધીરે.

બની જા તું જલબિંદુ વર્ષાનું 'અનવર'
થશે તારું સાગર-મિલન ધીરેધીરે.

અનવર આગેવાન

શિશુકવયથી

·પૃથ્વી·

શિશુકવયથી બોલાવ્યો છે મને સઘળી દિશે.
ચહુ દિશ થકી આવ્યાં આમંત્રણો સુખથી બહુ:
સુખવિવિધતા ચારે બાજુ અનન્ત કંઇ લહું:
સ્વરવિવિધથી બોલાવી સૌ રહ્યાં કંઇ કૈં મિષે.

અભિનવ દિશાથી કો બોલાવતું અવ, ઊર્ધ્વથી,
પરમ મૃદુ કૈં મીઠા મૌન સ્વરો અહ, શા સ્ફુરે!
હલચલ મચે ઊંડી શાતાતણી મધુરી ઉરે.
અભિનવ અવસ્થામાં મૂગો—કથાય નહીં કથી!

મુજ સ્મૃતિતણાં ડ્હોળાયેલાં જલો લવ આછરે.
શ્રવણ કરતી આછું આછું મુજ શ્રુતિની શ્રુતિ:
યુગયુગ થકી તારી આમંત્રતી મધુ ઝંકૃતિ:
ક્ષણ ન વિરમી: આવી પ્રીતિ તું શેં હૃદયે ધરે!

યુગયુગ થકી મીઠા બોલાવતા નભના સ્વર,
શ્રવણ કરું હું હાવાં, તારી જૂની કથની કર.

પ્રજારામ

આજ તો એવું થાય

·ગાન·

આજ તો એવું થાય:
વનરાવનને મારગ મને માધવ મળી જાય!

સેંથડે મેં તો સિંદુર પૂર્યા, આંખમાં આંજી મેશ,
સોળ સજ્યા શણગાર મેં, અંગે નવલા ધર્યા વેશ;
ઓરતો મને એક જ હવે અંતર રહી જાય:
વનરાવનને મારગ મને૦

મોતી ભરેલી હીર-ઈંઢોણી, મહીનું માથે માટ,
રોજની ટૂંકી આજ મને કાં લાગતી લાંબી વાટ!
વેચવા જઉં મહીડાં, મારા થંભતા જતા પાય:
વનરાવનને મારગ મને૦

બે ય બાજુથી ઝાડ ઝૂકીને કરતાં ચામર-ઢોળ,
ઉરમાં વ્યાપ્યો આજ અજંપો, ચિત્ત ચડ્યું ચગડોળ;
ખખડે સૂકાં પાન—શું એમાં વાંસળી કોઇ વાય!
વનરાવનને મારગ મને૦

અણુઅણુમાં ઝંખના જાગી, લાગી એક જ લેહ,
ચિત્તનું ચાતક ચાહતું કેવળ મોંઘો માધવ-મેહ;
પ્રાણ-પપીહો 'પિયુ પિયુ'નું ગીત પુકારી ગાય!
વનરાવનને મારગ મને૦

નેણ ભરીને નીરખ્યા કરું, સાંભળ્યા કરું સૂર,
ઊડીએ એવું ગગન કે જે જગથી ઝાઝું દૂર;
જહીં ન ઓલ્યો વિરહ કેરો વાયરો પછી વાય:
વનરાવનને મારગ મને માધવ મળી જાય!
આજ તો એવું થાય...

દેવજી રા. મોઢા

'પંડિતના યુગના એક તેજસ્વી સિતારા,
શિષ્ટ પ્રવાહી ઓજસ્વી ગદ્યના ઘડવૈયા,
સુચિંતિત દૃઢબંધ નિબંધોના સમર્થ લેખક,
સંસ્કૃત તથા પાશ્ચાત્ય પદ્ધતિના
પ્રથમ ને ગણનાપાત્ર શિષ્ટ નાટક
'કાન્તા'ના લેખક,
ભવભૂતિના 'ઉત્તરરામચરિત' ને
'માલતીમાધવ'ના પહેલા અનુવાદક,
પ્રેમનાં દર્દ ને મસ્તીને
વેદાંતી ને સૂફીની અદાથી ગાતા
સફળ ગઝલકાર અને પદકવિ,
એક કાળનાં ગુજરાતનાં પ્રિય સામયિકો
'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના
ભાવનાશાળી દૃષ્ટિમન્ત તંત્રી,
કેટલાક સંસ્કૃત ગ્રંથોનાં સંપાદન
અને વેદાન્તવિષયક લેખો-પુસ્તકો દ્વારા
ભારત બહાર પણ સંસ્કૃતજ્ઞ તરીકે
કીર્તિ કમાનાર વિદ્વાન,
સંસારસુધારક ને અદ્વૈતવિરોધી રમણભાઈના
સબળ પ્રતિસ્પર્ધી,
અને સૌથી વિશેષ તો,
કાળબળે ગુનેગારના પીંજરામાં ધકેલાએલાં
ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના
મિશનરી ઉત્સાહ-ઉદ્યોગવાળા સમર્થ વકીલ:
—આમ વિવિધ રૂપે
પોતાના કાર્યથી શોભતા મણિલાલની
ચરિત્રાર્હતા સ્વયંસ્પષ્ટ છે.'
-પ્રા૰ અનંતરાય રાવળ



વિદ્વદ્વિભૂતિ

મણિલાલ નભુભાઈ

જેમની જન્મશતાબ્દી ગુજરાતે ગયે મહિને ઊજવી

જન્મ ૨૬-૯-૧૮૫૮
અવસાન ૧-૧૨-૧૮૯૮

મણિલાલને ઓગણીસમી સદીના અંતભાગના સૌથી સમર્થ સંસ્કારસેવક તરીકે ઓળખાવતા પ્રા. અનંતરાય રાવળ, ડૉ. ધીરુભાઈ ઠાકર લિખિત 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ'ના પ્રવેશકમાં એમની કારકિર્દીની અત્યંત લાઘવભરી પ્રશસ્તિમાં ઉપર્યુક્ત મૂલ્યાંકન કરે છે.

ઇ. ૧૮૫૮ની ૨૬મી સપ્ટેમ્બરે નડિયાદમાં તેમનો જન્મ થયો હતો. નડિયાદ તેમનું ઘર ને મોસાળ. બાપદાદાવારીથી તેમનું કુટુંબ જ્ઞાતિ ને ગામના પ્રતિષ્ઠિત સમાજમાં સારી વગ ધરાવતું હતું. મણિલાલના દાદા ભાઈલાલ દવે નડિયાદમાં ફોજદાર અને સાઠોદરા નાગર જ્ઞાતિમાં પ્રસિદ્ધ પુરુષ હતા. રિવાજ, વરા વગેરેના ખરચ-ખૂટણમાં તેમનો નંબર પ્રથમ રહેતો. કુટુંબનો ગોરપદાનો વ્યવસાય યજમાનનાં સહિયારાં એક-બેઘર જ રહ્યાં હોવાથી મણિલાલના દાદાના વખતથી જ છૂટી ગયા જેવો રહ્યો હતો. દાદા ભાઈલાલને ત્રણ દીકરા હરિભાઈ, હર્ષદભાઈ અને નભુભાઈ તથા એક દીકરી હતાં. પછી ત્રણે પુત્રો જુદા થતાં ઘર, રોકડ, ઘરેણાં, વાસણકૂસણ, ઉઘરાણી વગેરે બધું મળીને નભુભાઈને કુલ દસ-અગિયાર હજારનો ભાગ મળેલો, જે જોતાં તેમની આર્થિક સ્થિતિ એકંદરે સારી હતી એમ કહી શકાય. આથી નભુભાઈએ જીવનમાં નોકરી કરી નહિ, પરંતુ વ્યાજવટાનો વ્યવસાય ચલાવતા, અને એકાદ-બે યજમાનનું ગોરપદું કરતા. સ્વભાવે

અને સંબંધે એ નયા વ્યવહારુ જ હતા, એ મણિલાલ સાથના તમના જીવનભરના વર્તન પરથી જણાઇ આવે છે. મણિલાલના સાક્ષરજીવન સાથે તેમને તો જાણે કે કેવળ આર્થિક સંબંધ જ ન હોય એવો તેમણે એમની સાથે વર્તાવ રાખેલો; અને એમની સાહિત્ય-ધર્મ-સંસ્કારની પ્રવૃત્તિમાં સીધો કે આડકતરો પણ તેમનો રસ નહિવત્ હતો. તેમનાં પ્રથમ પત્ની નિઃસંતાન મૃત્યુ પામેલાં. આથી તેમણે બીજી વાર લગ્ન કર્યું. એમને પેટે પહેલાં મણિલાલનો અને પછી માધવલાલનો જન્મ થયો. મણિલાલનાં સાવકી માનો સ્વભાવ સારો નહોતો, અને તેઓ કહે છે તેમ એવાં સાવકી માની માસીની દીકરી જોડે તેમનાં પનારાં પડચાં હતાં. મણિલાલનાં માતા ખૂબ જ આકરા સ્વભાવનાં હતાં. પડોશમાં રહેતા ગિરધરલાલ ત્રિવેદી નામના એક જ્યોતિષીએ મણિલાલની જન્મ-કુંડળી જોઈને કહેલું: 'આ છોકરો તમારા કુળમાં દીપક નીવડશે.' ત્યારે પિતાએ ટાઢી આશંકા દેખાડેલી: 'ગોરપદું કરતા બ્રાહ્મણને ઘેર વળી કુળદીપક કેવા?' ૧૩-૧૪ વર્ષ સુધી તેઓ મોસાળ રહેલા. મામાની આર્થિકસ્થિતિ સારી હતી ને વળી તેમને કોઈ સંતાન નહોતું, આથી મણિલાલ બહુ લાડકોડમાં ઊછરેલા. સહુ તેમને 'હાથમાં ને હાથમાં રાખતા.'

ચાર વર્ષના થયા ત્યારથી તેમને દયાશંકર પંડયાની ગામઠી નિશાળમાં ભણવા મૂકવામાં આવેલા. સાતમે વર્ષે જનોઇ અપાયું. અભ્યાસમાં હિસાબ-ગણિત તરફ તેમને પ્રથમથી અણગમો હતો. પિતા એમને પાંચમી ગુજરાતી પછી અંગ્રેજી નિશાળમાં મૂકવા ઇચ્છતા ન હતા. પણ અભ્યાસ તરફના રસને કારણે મણિલાલે 'રડી-કકળીને' તેમની પાસેથી વધુ અભ્યાસ માટે રજા મેળવી. અંગ્રેજી નિશાળમાં ઝવેરભાઈ લલ્લુભાઈ નામના શિક્ષકની તેમના પરની માયા-મમતાને કારણે તેમનો જીવ અભ્યાસમાં વધુ ચોંટચો, અને અંગ્રેજી બીજા ધોરણમાં તો પ્રથમ નંબરે પાસ થયા. તેમની હોશિયારી જોઈ ને મુખ્ય શિક્ષકે તેમને ત્રીજું ધોરણ કુદાવી ચોથા ધોરણમાં મૂકયા. બચપણથી જ તલસ્પર્શી અભ્યાસના આગ્રહી મણિલાલે કહ્યું: 'ના, મને એક વર્ષ ઉતારી પાડો.' છેવટે મુખ્ય શિક્ષકને 'તું તો વિચિત્ર છોકરો છે' કહીને તેમની માગણી મંજૂર રાખવી પડેલી! તેમની અભ્યાસ-કારકિર્દીની આ તેજસ્વિતા આખર સુધી રહેલી; પરંતુ અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી સંસ્કૃત, ગણિત અને ભૂમિતિ એ તેમને માટે નીરસ વિષયો હતા, અને એના પીરિયડ ચાલતા હોય ત્યારે એ વર્ગ છોડી પણ જતા! છઠ્ઠા ધોરણમાં તેમનો 'હાથ ઝાલનાર' શિક્ષક છબીલદાસ દોલતરામ તેમને મળ્યા, તેઓ સંસ્કૃતના શૅાખીન હતા. તેમની પ્રેરણાથી મણિલાલે સંસ્કૃતનો અભ્યાસ ઊલટપૂર્વક કરવા માંડચો, ને 'લઘુકૌમુદી' શીખ્યા, ને પછી તો 'જાણે તેથી મદદથી ભૂમિતિમાં પણ રસ પડવા માંડચો.' એ પછી સાતમા ધોરણમાં તેમને દોરાબજી એદલજી ગીમી નામના અંગ્રેજી–રસિયા શિક્ષકે અંગ્રેજીના અભ્યાસનું ઘેલું લગાડયું. મણિલાલે ત્યારથી અંગ્રેજી પુસ્તકોનું વાચન આદરી દીધું, જેમાં ટૅાડનું 'સ્ટુડન્ટ્સ ગાઈડ' તો તેમનું પ્રિય પુસ્તક થઈ પડેલું. ૧૮૭૫માં મણિલાલ મૅટ્રિકની પરીક્ષામાં બેઠા ત્યારે તેમની સાથે છગનલાલ હરિલાલ પંડયા ('કુમાર'ને સુપરિચિત, આપણા આગવા વિજ્ઞાન-દ્રષ્ટા અને અનેક ક્ષેત્રોના પીઢ ચિંતક કાંતિલાલ પંડયાના પિતાશ્રી) પણ હતા. પરંતુ આશ્ચર્ય તો એ થયું કે પરીક્ષા આવતાં ભવિષ્યના દેશવિદેશખ્યાત સંસ્કૃતજ્ઞ મણિલાલ અને 'કાદંબરી' જેવાં કઠણ સંસ્કૃત સાહિત્યને ગુજરાતીમાં ઉતારનાર છગનલાલ પંડયા એ બંને સંસ્કૃતના વિષયમાં જ નાપાસ થયા! પછી તો મણિલાલે કમર કસીને અભ્યાસ માટે તનતોડ પ્રયત્ન આદરી દીધો. રાતના બબ્બે વાગ્યે ઊઠીને તેઓ 'લઘુકૌમુદી' અને 'અમરકોશ' મોઢે કરવા બેસી જતા. પરિણામે ૧૮૭૬માં મૅટ્રિકની પરીક્ષામાં બેઠા ત્યારે



મણિલાલ નભુભાઈ ઉત્તરાવસ્થાએ (નડિયાદના ગોવર્ધનસ્મૃતિમંદિર-માંની તસ્વીર ઉપરથી ફોટો : સુમનભાઈ ર. શેઠ)


આખી યુનિવર્સિટીમાં તે બીજે નંબરે પાસ થયા. એને લીધે તેમને મળેલી સ્કૅાલરશિપની મદદથી તે એલ્ફિન્સ્ટન કૅાલેજમાં અઢાર વર્ષની વયે દાખલ થયા. ૧૮૭૫થી દૃઢ થએલા સંધ્યા-વંદન-પૂજનના બ્રાહ્મણ-સંસ્કારો કૅાલેજકાળમાં પણ શકય એટલા વધુ સ્થાયી રહેલા.

હૃદયના વિરામસ્થાનની શોધમાં રહેવાનો તેમનો સ્વભાવ હતો. આથી તેમને અનેક મિત્રો થએલા, જેમાં બાલાશંકર ગોહનલાલ જેવા સાહિત્યકલાવિનોદી ઉપરાંત અમુક ભાંગફોડિયા અને કુછંદી વૃત્તિના પણ હતા. બાલાશંકર સાથે તેમને અવિશ્લેષ્ય ગાઢ મિત્ર સ્નેહ હતો. બાલાશંકર વગેરે મિત્રો સાથે મળીને મણિલાલે 'સ્વસુધારક મંડળી' (૧૮૭૨–૭૩) કાઢેલી. ૧૮૭૩-૭૪માં મણિલાલે ગાયનના શૅાખથી પ્રેરાઈને 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરેલી, પરંતુ એકાદ વર્ષમાં જ તે બંધ કરી દેવી પડેલી. પછી તેમણે 'સાઠોદરા જ્ઞાતિ શુભેચ્છક સભા' સ્થાપી, ૧૮૭૬માં એમણે 'રચનાર તથા પ્રસિદ્ધ કરનાર એક વિદ્યાર્થી' એમ લખીને પોતાની દલપતશાઈ કવિતાનો એક સંગ્રહ 'શિક્ષાશતક' બહાર પાડેલો, જે તેમણે બાલાશંકરને અર્પણ કરેલો. બાલાશંકર–મણિલાલના મૈત્રીસંબંધમાં ૧૮૭૬ પછી થોડું વિઘ્ન આવેલું, પરંતુ ૧૮૭૯થી તેમનો મૈત્રીસંબંધ ફરી ગાઢ બની રહ્યો.

તેરચૌદની વયે તેમનું લગ્ન નડિયાદના જ અંબાલાલ રવિશંકરની પુત્રી-મહાલક્ષ્મી જોડે થયું હતું. આ લગ્ન એમના જીવનનું એક કરુણતમ પ્રકરણ છે. મહાલક્ષ્મીમાં પોતામાં અને તેના કુટુંબમાં ઉમદા સંસ્કારોનો અંશ પણ નહોતો: 'આ નીચ કુળના અધમ સંસ્કારોનું પ્રાબલ્ય' જેમજેમ તેમને સમજાતું ગયું તેમતેમ મહાલક્ષ્મી તરફનો તેમનો તિર-

સ્કાર વધતો ગયો. 'ઈ. ૧૮૭૯ના દશેરાને દિવસે થએલા પત્નીના પ્રથમ મિલન વખતે, તેમજ જમતી વેળાએ તથા બીજે વર્ષે પણ એ જ દિવસે થએલા સર્પદર્શનના અને ત્રીજે વર્ષે એ જ દિવસે જમતી વખતે પાટલા નીચેથી નીકળેલા એક ગજના કાનખજૂરાના સંકેત' પરથી પોતાનાં દુઃખી ને નિષ્ફળ લગ્નજીવનની અમંગળ કલ્પના તેમણે કરી હતી!


તેમનું કૉલેજજીવન એ તીવ્ર અભ્યાસ-તિતિક્ષાનું જીવન હતું. રોજ ૧૩-૧૪ કલાક તો તેઓ વાંચવામાં જ ગાળતા. રોજેરોજનું સમયપત્રક બનાવી લેવાની અને તે અનુસાર ચાલવાની ટેવ તેમણે ત્યારે પાડેલી. અને તેમની અભ્યાસ-પદ્ધતિ પણ ઉલ્લેખ માગી લે છે. કોઈ પણ વિષયનો માત્ર પરીક્ષાની દૃષ્ટિએ કે ઉપલકિયો અભ્યાસ કરવાની તેમને ટેવ જ નહોતી. જે વાંચતા તે સમગ્ર અને સંપૂર્ણ વાંચતા. આથી તેમને એક સાધારણ પરીક્ષાર્થી કરતાં સમય અને શ્રમ વધુ ખર્ચવા પડતા. પરંતુ તેમની પારદર્શક જ્ઞાનપ્રતિભાનાં મૂળ પણ તેમની આ નિશ્ચલ અભ્યાસ-પદ્ધતિમાં જ જોવા મળે છે. કૉલેજમાં પ્રોફેસર ભાંડારકર ને પ્રિન્સિપલ વર્ડ્ઝવર્થની તેમના પર ખાસ પ્રીતિ હતી. બી.એ.માં ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્ર જેવા વિષયો 'ઐચ્છિક' તરીકે રાખીને તેમાં સફળતા માટે તેમણે ખાસ જબરી તૈયારી કરેલી. પરીક્ષા પછી તેના પરિણામની ખબર આપવા બાબત એક મિત્રે તેમને પૂછ્યું કે 'તમે પાસ થાઓ તો તાર કરું?' ત્યારે તેમણે દૃઢ આત્મવિશ્વાસથી તેને કહ્યું: 'પાસ તો હું થવાનો જ છું; પણ ફુલાસ લખી જણાવજે; ને અંગ્રેજી કે ઇતિહાસ-રાજનીતિશાસ્ત્ર પૈકી કોઈ એક વિષયમાં ઇનામ પણ મળશે!' અને મણિલાલે કહ્યું હતું એવું જ બન્યું. આખી બી.એ.ની પરીક્ષામાં તેઓ બીજે નંબરે આવેલા (પ્રથમ વર્ગ મેળવવા માટે તેમને ૩૦ ગુણ જ ખૂટતા હતા) અને ઈતિહાસ-રાજનીતિશાસ્ત્રમાં તેમને જેમ્સ ટેલર પારિતોષિક મળતું હતું. પરિણામે તેઓ કૉલેજમાં માનાર્હ 'ફેલો' નિમાયા, જ્યાં તેમને 'ટ્રિગોનોમેટ્રી' અને 'યુક્લિડ' શીખવવાની આવી! આ તેમના શૉખના વિષયો નહોતા, છતાં તેની તૈયારી પાછળ તેઓ તનતોડ મહેનત લેતા, અને વિદ્યાર્થીઓમાં પણ તેઓ ઘણા પ્રિય થઈ પડેલા.



આ પછી કાયદાનો અભ્યાસ કરવાની તેમને ઇચ્છા થઈ, ને ૧૮૭૭માં જ્યુરિસ્પ્રૂડન્સની પરીક્ષા પણ તેમણે આપેલી, પરંતુ તેમાં સફળ થઈ શકેલા નહિ. એમ.એ.ની પરીક્ષામાં બેસવાનો યે તેમનો ઇરાદો હતો. પરંતુ ત્રણ વર્ષના ખર્ચ ઉપરાંત પોતાની નાજુક આર્થિક સ્થિતિ જોતાં તેમણે એ વિચાર પડતો મૂક્યો. છતાં એ ઓજસ્વી જ્ઞાનવીરે પોતાના શૉખના વિષયો ઇતહાસ અને ફિલસૂફીનો તલસ્પર્શી અભ્યાસ આરંભી દીધો, અને એ વિષયોના એમ.એ.ના ઉચ્ચ કક્ષાર્થી જેવું જ્ઞાન સંપાદન કર્યું. કેશવ હર્ષદ ધ્રુવ તેમના કૉલેજના સહપાઠી હતા. બંને મધુર મિત્રો પણ હતા, અને કે. હ. ધ્રુવ તો કવિતામાં પત્રો લખીને તેમના પર પ્રેમવર્ષા જ કરતા હતા. વળી મણિલાલ એલ્ફિન્સ્ટન કૉલેજના ફેલો હતા ત્યારે નરસિંહરાવ પણ એ જ કૉલેજમાં બી.એ.ના વર્ગમાં હતા. બંને વચ્ચે ખાસ મૈત્રી તો નહોતી, પરંતુ પરસ્પર ઓળખાણ હતું અને પ્રસંગોપાત્ત બંને મળતા પણ રહેતા.

૧૮૮૦ના એપ્રિલ સુધી એલ્ફિન્સ્ટના કૉલેજના માનાર્હ ફેલો તરીકે કામ કર્યા બાદ ૧૮૮૦ની ૩૧મી જુલાઈએ તેઓ નડિયાદની હાઈસ્કૂલમાં ૬૦ રૂપિયાના પગારે શિક્ષક બન્યા. તેમના મુરબ્બી મિત્ર મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ તેમના માટે ભાવનગર રાજ્યના નાયબ દીવાન વજલભાઈ ગગાભાઇના પુત્રોને ભણાવવા માટે તથા સેક્રેટરી તરીકે કામ કરવા માટે વ્યવસ્થા કરી આપેલી, પણ દેશી રાજ્યમાં અને કોઈ ગૃહસ્થની ખાનગી નોકરીમાં નહિ રહેવાની ઇચ્છાને કારણે તેમણે આ શિક્ષકની નોકરી સ્વીકારી. ૧૮૮૦ના નવેમ્બરમાં તેમને સખત તાવ લાગુ પડી આવેલો, જીવનની આશા પણ ફોક જણાવાલાગેલી. પરંતુ તબિયત ફરી વળી ગઈ અને ૧૮૮૧ના ફેબ્રુઆરીમાં કામ ઉપર ચડી ગયા.

એ પછી તરત ગુજરાતી નિશાળોના ડેપ્યુટી એડયુકેશનલ ઇન્સ્પેક્ટર ગોકળદાસ કહાનદાસ પારેખની ખાલી પડેલી જગ્યા માટેની તેમની અરજી સ્વીકારાઇ ને ૧૮૮૧ના એપ્રિલના પહેલા અઠવાડિયામાં તેઓ એ હોદ્દે નિમાયા. આ હોદ્દા પર આવતાંવેંત-તેમણે શિક્ષણક્રમમાં સુધારાઓ દાખલ કરવા માંડ્યા. તેમણે જ સૌ પહેલી વાર પ્રાથમિક શિક્ષણમાં સંગીતનો વિષય દાખલ કરાવ્યો, વિદ્યાર્થીના અભ્યાસ વિષે વાલીઓ વાકેફ રહે તે માટે 'માસિક સર્ટિફિકેટ બુક'ની યોજના કરી,



મે અંકમાં જેમનું ચરિત્ર આવી ગયું તે સ્વ. નરહરિભાઈ પરીખના વડિલ બંધુ અને ગુજરાતના એક પીઢ સામાજિક કાર્યકર શ્રી શંકરલાલભાઇ પરીખ તરફથી મળેલો આ પત્ર, એમના પિતાશ્રી દ્વારકાદાસ પરીખ ઉપર સ્વ. મણિલાલે લખેલો તે શ્રી શંકરલાલભાઈના સૌજન્યથી સાભાર પ્રકટ કરીએ છીએ. સ્વ. મણિલાલ એમના સમકાલીન અને નિકટના પરિચયમાં હતા તે આ પરથી પ્રતીત થાય છે. એ દ્વારા મણિલાલના હસ્તાક્ષરનો પરિચય થવા સાથે, એમણે તેમાંના શ્લોકમાં રહેલો શ્લેષ—વ્યંગ્યાર્થ પણ અંદર સ્પષ્ટ કરેલો હોઇ, એ દૃષ્ટિએ આ પત્ર રસદાયક થઇ પડશે.

અને શિક્ષકો સંગઠન સાધે તથા પરસ્પર વિચારવિનિમય કરી શકે એટલા માટે 'શિક્ષકમંડળ'(ટીચર્સ એસોસીએશન)ની સ્થાપના કરી. મણિલાલ પ્રથમથી જ સત્યના આગ્રહી રહેલા. અસત્યને તેઓ લગારે સાંખી શકતા નહિ અને ચલાવી પણ લેતા નહિ. તેમની આ સત્યભક્તિએ જ તેમની ઉદગ્ર જ્ઞાનપ્રતિભાને પ્રોજ્જ્વલતમ બનાવી. સાથે અહીં એ પણ નોંધવું જરૂરી છે કે ઊંચા હોદ્દાઓ ઉપર ખેલાતાં કૂટ ને અવળી નીતિનાં ષડ્યંત્રો સ્વમાની અને સત્યભક્ત મણિલાલ સામે જીવનભર ચાલુ રહેલાં, અને પરિણામે એ પ્રતિભાવાન તથા કર્મનિષ્ઠ જ્ઞાનવીરને સુયોગ્ય માન-સ્થાન આપવાની અંતિમ કદર સત્તાવાહકો કરી શકેલા નહિ. અપ્રામાણિકતા તેઓ લગારે ચલાવી ન શકતા. એક વાર તેમના જાણવામાં આવ્યું કે એક મહેતાજી પ્રવેશ-ફી ઉચાપત કરી જાય છે. મહેતાજીની નોકરી ત્રીસ વર્ષની થઈ હતી, એટલે એને તેમણે બરતરફ તો ન કર્યો, પણ દાખલો રજૂ કરી પેન્શન પર ઊતરી જવાનું કહ્યું. પેલાએ એમાંથી બચવા ૧૦૦૦ રૂપિયાની લાંચ તેમને બતાવી, ત્યારે મણિલાલે તે જ દિવસે ઉચ્ચ અધિકારી પર નિવેદન કરીને તેને બરતરફ કરાવી દીધો! એક અધિકારી તરીકે તેમનું વર્તન ખૂબ શિસ્તયુક્ત રહેતું. વળી પોતાના ઉપરી અમલદારો પ્રત્યે પણ તેમનું વર્તન સ્વમાનભર્યું જ રહેતું. કોઈ સ્ત્રી વિષે લખાણ કરતાં તેમણે વાપરેલા 'લેબર સિકનેસ' શબ્દનો અર્થ કેળવણીનિયામકે પૂછતાં તેમણે '"વેબ્સ્ટર કોશ'ને અમુક પાને જોઈ લેવું" એવો સ્વમાની ઉત્તર આપેલો! આથી કેળવણી-નિયામક તેમના પર ખફા રહેતો.

૧૮૮૧ના ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં તેમણે પોતાની જ્ઞાતિના સુધારાના હેતુસર 'સાઠોદરા નાગરબંધુ' નામનું, પોતાનું નામ જાહેર કર્યા વિના, પત્ર પ્રકટ કરેલું. એમાં તેમણે જ્ઞાતિના સુધારાઓની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. જોકે પાછળથી તેમનું નામ જાહેરમાં આવતાં જ્ઞાતિના લોકોએ તેમની સાથે દુશ્મનાવટ બાંધી, જે પછી મણિલાલ પિતાને પત્ર લખતાં ઉચ્ચારે છે: 'નાત છે તે મોટી છે. તેનો જ તાબેદાર છું'! સમસ્ત જનસમાજ-ક્ષેત્રે નિર્ભીક સુધારક રહેલા મણિલાલ જ્ઞાતિ પાસે આટલા ગરીબ બની જાય તે આશ્ચર્ય ઉપજાવે છે.

ધર્મતત્ત્વચિંતનનો તેમનો ઝોક અને શૉખ હવે પ્રત્યયાત્મક પરિપક્વતાએ પહોંચ્યો. પોતાનું એ પ્રમુખ જીવનકાર્ય છે એની તેમને પ્રતીતિ થઇ. તેમને સમજાયું કે 'હિંદુ ધર્મના નિયમોમાં જ કાંઇ પણ તત્ત્વ છે' અને 'સુધારા વગેરે તમામ બાબતોનો વિચાર પણ વેદાન્તના પ્રકાશમાં જ કરવો' એમ તેમણે નક્કી કર્યું. ૧૮૮૨માં 'હિંદુધર્મમય' બનીને તેમણે પોતાનું ધ્યેય વિશદપણે નિર્ણીત કરી લીધું. આ 'હિંદુધર્મમય' બનીને તેમણે કરવા ધારેલા સુધારાઓ સામે એ વખતે પ્રચંડ વિરોધ અને ઊહાપોહ જાગેલો, એ વિગતથી ગુજરાતના સમાજસુધારાનો અભ્યાસુ સારી રીતે પરિચિત હશે. તેમણે લગ્નની શુદ્ધતમ આર્યભાવનાને લક્ષીને વિધવાવિવાહની વિરુદ્ધ પોતાનો અફર નિર્ણય જાહેર કરેલો. નવા યુગના સંસ્કારોને શુદ્ધ અને ઉદાત્ત હિંદુ તત્ત્વની કસોટીએ કસીને જ આવકારવાની તરફેણમાં તેઓ હતા;—જોકે સ્ત્રીઓની કેળવણીનો અભાવ, બાળવિવાહ, આંધળી રૂઢિઓ જેવાં હિંદુસમાજનાં દૂષણોથી તેઓ આતંક હતા, અને તેને દૂર કરવા માટે તેમણે આજીવન ભગીરથ પ્રયાસ કર્યો. વસ્તુતઃ મણિલાલને કહેવા હોય તો 'સુધારક' જ કહી શકાય. તેમની નિખાલસ માન્યતા પ્રમાણે 'આંધળા સુધારા' અને 'કુધારા'માં કોઇ તફાવત નથી. સુધારા વિષેનાં તેમનાં મંતવ્યો જ અહીં સીધાં ઉતારવાથી તેમનો આ વિચાર સ્પષ્ટ થશે: 'પ્રાચીન પક્ષ જ્યાં સુધી વર્તમાનની યથાર્થ ગણના કરી ભવિષ્યનું દર્શન પામ્યા વિના કેવલ પ્રાચીન એ નામને જ પૂજે છે, ત્યાં સુધી તે કલ્યાણથી અતિ વિદૂર જ છે. વહેમ, ઢોંગ, અનાચાર, કુટિલતા એ બધાંને ઉભયપક્ષમાંથી તજવાનાં છે. ઉભયમાં સત્ય છે, તે નિષ્પક્ષપાતથી સંયોજી પરમ સત્યનો આકાર સમજવાનો છે.' ગુજરાત પરની પશ્ચિમની અસરને અભીષ્ટ ગણતા રમણભાઇ નીલકંઠ ધર્મ, સમાજ અને સાહિત્યને ક્ષેત્રે તેમના મુખ્ય વિરોધી રહેલા. પાછળથી ૧૮૯૨ના એપ્રિલથી રમણભાઇએ 'જ્ઞાનસુધા'માં 'ભદ્રંભદ્ર' પ્રકટ કરવા માંડ્યું, તે મણિલાલ, મનઃસુખરામ અને તેમના અનુયાયીઓ સામે નવીનતા તરફ વિશેષ ઝોક આપવાના પોતાના અભિપ્રાયની અભિવ્યક્તિ રૂપે.

એ વખતે મુંબાઈમાં વસતા ગુજરાતી ગ્રૅજ્યુએટોએ ૧૮૮૨માં

'ગુજરાતી સોશ્યલ યૂનિયન' કરીને એક મંડળી કાઢેલી, તેના મણિલાલ પણ સભ્ય હતા. મણિલાલની સંસ્કાર-સંરક્ષક લેખન-પ્રવૃત્તિની શરૂઆત હવેથી થઈ. ૧૮૮૪માં તેમણે 'ગુજરાતી' સાપ્તાહિકમાં 'નારીપ્રતિષ્ઠા' નામનો લેખ આઠ હપતે પ્રસિદ્ધ કર્યો. યૂનિયનમાં કરસનદાસ ભગોડિયા નામના એક ગૃહસ્થ આવતા. તેઓ 'મેસ્મેરિઝમ' અને 'હિપ્નૉટિઝમ'ની વિદ્યાઓ જાણતા. આ વિદ્યાઓના પ્રયોગો પોતાના મિત્રો આગળ તેઓ વારંવાર કરતા. ધીરેધીરે મણિલાલની શ્રદ્ધા પણ આ વિદ્યાઓ પર ઠીક બેઠી અને તેનો અભ્યાસ કરીને તેમણે તેના પ્રમાણે પ્રમાણભૂત પ્રયોગો પણ કરવા માંડેલા. આ વિદ્યાઓના પાત્ર તરીકે તેમને ચતુરભાઇ કરીને એક મિત્ર મળી ગએલા. મણિલાલ કહે છે: 'પાત્રની બેશુદ્ધિ, તેણે કરેલી ગુપ્ત વાતો, તે ન જાણતો હોય તેવાં લખેલા કાગળિયાની બીના કહેવી, મુઠ્ઠીમાં ઘાલેલી જણસો ઓળખવી, દૂર દેશનાં તેમજ ભવિષ્યનાં પણ વૃત્તાંત કહેવાં વગેરે વિવિધ ચમત્કાર મેં મુંબઇમાં હજારો મિત્ર-સંબંધીઓને વારંવાર કરી બતાવ્યા છે; અને પંડે તો ઘણું બારીક અવલોકન કરી એ બાબતોના ઘણા નિર્ણય કર્યા છે. આમ પ્રાણવિનિમયની વિદ્યાના પ્રયોગો તો તેમણે કર્યા જ હતા, ઉપરાંત મસ્તિષ્કવિદ્યા(ફ્રેનૉલૉજી)ના પણ કેટલાક પ્રયોગો કરેલા. આ ગૂઢ વિદ્યાઓના તેમના પ્રયોગો આખરે ચૈતન્યવાદમાં જઇને ક્યાં. હવે તેમણે યોગશાસ્ત્રનો અભ્યાસ પણ આરંભ્યો. પછી તો તેમના પાત્ર ચતુરભાઈ ચાલુ પ્રયોગ વખતે ઉન્માદ બતાવવા લાગ્યા, અને તેમને ગાંઠતા પણ નહિ. આથી તેમણે ૧૮૮૭ સુધી મેસ્મેરિઝમના પ્રયોગો બંધ કર્યા. બીજું આકર્ષણ તેમને થયું 'થિયૉસૉફિકલ સોસાએટી'નું; અને ૧૮૮૪માં એ સંસ્થાને આશ્રયે 'લૉજિક ઑવ દોમનસેન્સ' એ વિષય પર તેમણે એક વ્યાખ્યાન આપેલું જેમાં તર્કયુક્તિપૂર્વક અધ્યાત્મજ્ઞાન(વિશેષે કરીને વેદાંતનું) પ્રતિપાદિત કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો હતો. 'યોગાદિ અભ્યાસમાં વધારો થાય ને જ્ઞાન મળે' એ હેતુથી તેઓ 'થિયૉસૉફિકલ સોસાએટી'ના 'ઇસોટેરિક સેક્શન'માં દાખલ થએલા, અને ૧૮૯૨ના પૂર્વાર્ધમાં તેમને 'ઇસોટેરિક સ્કૂલ'ની બીજી પાયરીમાં પ્રવેશ મળેલો.

મુંબાઈ-નિવાસની તેમની પ્રવૃત્તિઓ ઘણા જ મહત્ત્વની છે. મનઃસુખરામ ત્રિપાઠીના આગ્રહથી તેઓ 'બુદ્ધિવર્ધક સભા'ના મંત્રી થએલા. સભાની મૂડી તેમણે પોતાની પાસે સાચવી રાખેલી, અને છૂટવાનું થયું ત્યારે 'ગુજરાતી' પત્રના તંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇને સોંપતા ગએલા. ગોકળદાસ તેજપાળ ધર્મખાતાની સમિતિના તેઓ પહેલાં સભ્ય અને પાછળથી વ્યવસ્થાપક સભ્ય બનેલા. ત્યારે કવિ નર્મદાશંકર તે સમિતિના મંત્રી હતા. મણિલાલ જે કામ સંભાળતા તેમાં ચોક્કસાઇ અને સંપૂર્ણતા આણવાનો જીવતોડ પ્રયત્ન કરતા. મુંબાઇ-નિવાસનાં આ ચાર વર્ષ એ મણિલાલની જીવનકારકિર્દીનો ઉત્કર્ષ-કાળ હતો એમ સહેજે કહી શકાય. છતાં જીવનને જે રીતે મણિલાલ ભોગવતા હતા એ પરમ આશ્ચર્યકારક હતી. અસહ્ય શારીરિક વ્યાધિઓએ તેમનો કદી કેડો મૂકેલો નહિ. ભલભલા માણસની મતિ મૂંઝવી નાખે એવા કૌટુંબિક વિસંવાદો તો તેમને હતા જ. અને ઉપરાંત ધર્મ-સમાજ-ક્રાંતિક્ષેત્રે પણ તેમના વિરોધીઓ તેમને કનડવાની તકો શોધતા ફરતા. છતાં જાણે કશું જ બન્યું ન હોય તેવા નિઃસ્પૃહ અને નિરાસક્ત ભાવથી જે શક્તિ અને તમન્નાપૂર્વક-ઉગ્રતમ તિતિક્ષાપૂર્વક પોતાને સમજાએલા સત્યનું, એક ક્ષણ પણ થંભ્યા કે થોભ્યા વિના તે પાલન કરતા ગયા એ તેમના જીવનની અત્યુચ્ચ મહત્તા છે. પ્રત્યેક પ્રવૃત્તિ વખતે તેમની કૃતનિશ્ચય અને મનઃસ્થિતિને સમતોલ રાખતી આ શ્લોકપંક્તિને તેમણે પોતાનો એક જીવનમંત્ર બનાવી હતી: (અનુસંધાન પૃષ્ઠ ૪૦૫ ઉપર)



૨૫-૯-૧૮૯૬ **સ્વ. 'સુકાની'** ૨૨-૯-૧૯૫૮

અમારા પરમ મિત્ર, ગુજરાતના એક પ્રતિભાવાન પુત્ર, તથા પોતાની નાનીમોટી સાગરકથાઓ વડે આજ પાંત્રીસ વરસથી 'કુમાર'ના વાચકોના પ્રિય અને પરિચિત 'સુકાની'—શ્રી ચન્દ્રશંકર અમૃતલાલ બુચના, ગયા માસની ૨૨મી તારીખે મદ્રાસમાં હૃદયરોગના હુમલાથી થએલા અવસાનની આ નોંધ લેતાં હૃદય અને કલમ કંપે છે. હજુ ગયા ફેબ્રુઆરીમા—જાણે કાલ સવારે જ એમને ઘેર ગાળેલા ચારપાંચ કલાકોમાં, અન્ય વિશ્રંભકથાઓ સાથે, સાગર તથા સાગરયાન વિષેના એમના બહોળા અને ઊંડા જ્ઞાનનો જે વધુ ને નવો પરિચય થયો, એ કસબના દુનિયાભરના નામી જ્ઞાતાઓ સાથે અનેક કમિટીઓમાં તેમજ સમાન સ્નેહભાવે પોતે કરેલી વાટાઘાટો ને વાતચિતોનાં જે દિલચસ્પ બયાન એમણે કર્યા, આફ્રિકાથી માંડી હૉંગકૉંગના કિનારા સુધીનો દરિયો પોતે ખૂંદી વળેલા તેની દંગ કરી મૂકે એવી વાતો જે એમણે કરી, અને હવે આ ઑગસ્ટમાં નિવૃત્ત થઇને મદ્રાસ—અધ્યારમાંના પોતાના શાંત આવાસમાં અને ત્યાંની લાયબ્રેરીમાં બેસી ભારતના વહાણવટા વિષે વિસ્તૃત અને સંશોધનાત્મક લેખનકાર્ય કરવાની મનીષા પ્રકટ કરી—એ બધું જાણે નજર સામે પ્રત્યક્ષ થાય છે.

ભારત અને એશિયાભરની કંઠારો પર ફરતાં વ્યાપારી જહાજો વિષેના પોતાના અનન્ય ને તલસ્પર્શી જ્ઞાનને કારણે છેક યૂનો (રાષ્ટ્રસંઘ) સુધી જે પ્રથિતયશ હતા એવા એ વિદ્વાન તજ્જ્ઞની પ્રમાણભૂત ને દિલચસ્પ સાગરકથાઓ માત્ર એ 'કુમાર'ને જ આપતા એ એમની મમતા એ 'કુમાર'નું સદાનું મોટું સદ્ભાગ્ય અને ગૌરવ રહ્યાં છે. અને 'દેવો ધાધલ' ગ્રંથકારે છપાય એની પ્રસ્તાવના રૂપે પોતે 'પ્રાચીન ભારતના વહાણવટા' ઉપર લખવા ધારેલો અભ્યાસલેખ પોતે મદ્રાસ જઈને વહેલી તકે એ પૂરો કરી મોકલશે એમ પણ એમણે જણાવેલું... આજે તો એમના અવસાનનો આઘાત એટલો અણચિંતવ્યો ને ઊંડો છે કે અહીં કશું વિશેષ ન લખતાં એ પ્રિય અને મહાનુભાવ મિત્રને દુઃખી હૃદયે આ નાની અંજલિ આપીએ છીએ, અને એમનાં કુટુંબીજનો પર આવી પડેલી આ આપત્તિમાં અમારી અંતરની સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ. આવતા અંકમાં એમનો વિસ્તૃત પરિચય તથા એમના નિકટના મિત્રોનાં સંસ્મરણો આદિ આપવા ધારીએ છીએ.

જોગાનુજોગ



લેખક
નાનાલાલ જોષી

જાહેર રસ્તા પર જ કૉમ્પાઉન્ડનો દરવાજો પડે છે; ને અંદર, કૉમ્પાઉન્ડની વચ્ચે, જૂની ઢબનો નાનો બંગલો છે. બંગલાની જમણી બાજુ ચોકીદાર માટેની ઓરડી છે. તે નાની છે એટલું જ: બાકી તેનો ઘાટ બંગલા જેવો જ છે. તેની જ નાની પ્રતિકૃતિ જોઈ લો. કેળની બાજુમાં જાણે તેનો વંશવેલો જાળવવા નાનું બચ્ચું નીકળ્યું છે!

સવારે આઠેક વાગ્યાના શુમારે એ નાની ઓરડી તરફથી એક હાથમાં કૅરમ-બોર્ડ ને બીજા હાથમાં નાના ડબ્બામાં કૅરમની કાંકરીઓ વગાડતો ગોપાલન બંગલા તરફ ચાલ્યો આવે છે. મદ્રાસી ઢબે ગોળ ધોતિયું તેણે વીંટયું છે ને ઉપર માત્ર ગંજી. મોં જોતાં લાગે કે નાહ્યા-ધોયા વગર રવિવારી મિજાજે જ ભાઈસાહેબ નીકળ્યા છે. બંગલાની પરસાળમાં પ્રવેશતાં તે બોલ્યો, 'મનુ, એ મનુ! જાગ્યો છે કે સૂતો છે?'

અંદરના ઓરડામાંથી જ સામે અવાજ આવ્યો, 'મનુ તારા જેવો નવરો થોડો છે કે અત્યાર લગી ઘરમાં બેઠો હોય? એ તો ક્યારનો ગયો.'

'ગયો? ક્યાં ગયો? રવિવારે પણ ઑફિસ! બુધ્ધુ કહીં કા! મેરા સન્ડે ખરાબ કર દિયા!' ચીડભર્યા સ્વરે તે બોલ્યો, ને કૅરમ-કાંકરીનો ડબ્બો ખખડાવતાં ઉમેર્યું, 'હવે હું આનું શું કરું અમ્મા?' ને એ પ્રશ્ન ભરી નજરે જ 'અમ્મા' તરફ જોતો રહ્યો.

'ના, બાપુ; મને ના વળગતો પાછો. હું કંઈ નવરી નથી તારી સાથે રમવા સવારના પહોરમાં. મારા હાથ પણ જો, લોટવાળા છે.' કહેતાં એ આધેડ અમ્મા પોતાના હાથ બતાવતાં રસોડા તરફ જતાં રહ્યાં.

'તો આ કોણ છે પાણિયારા તરફ?—મીની જ, નહિ? ચાલ મીની, તું જ આવી જા. જો પાછી ના પાડીને મારો રવિવાર તું ખરાબ ના કરતી.' કહેતાં ગોપાલને તો કૅરમ-બોર્ડ નીચે જમીન પર જમાવ્યું ને કાંકરીવાળો પેલો ડબ્બો પણ ખોલ્યો.

મીની વીસ વર્ષની યુવતી હતી. એક ગોળામાંથી બીજામાં પાણી ઠાલવતાં તે આ સાંભળીને ઘડીભર તો થંભી જ ગઈ. આ માણસને તો એણે કદી જોયો યે નહોતો. પોતાના મોટાભાઇની ઉમરનો આ માણસ કોણ જાણે કોણ હતો. ગઇ કાલે રાત્રે તો તે હજી દેશમાંથી આવી હતી. નાની બહેન નીલુ સાથે તે બેએક મહિના મામાને ત્યાં દેશમાં ગએલી. સવારે ઊઠીને હજી કામમાં લાગી ત્યાં તો....ને આ તો પાછો જાણે કેટલી ય ઓળખાણ હોય એમ બોલતો હતો! પૂછવા પણ ન રહ્યો કે તે રમશે કે નહિ, તેને વખત છે કે નહિ. બસ, જાણે પોતે રમશે જ એ હિસાબે એ તો કૅરમ-બોર્ડ ઢાળીને કાંકરી પણ ગોઠવવા મંડી ગયો છે! ઘડીભર તો મીની વિચારમાં જ પડી ગઇ.

ત્યાં તો રસોડામાંથી બહાર આવતાં મા બોલ્યાં, 'અરે ગોપાલ, તું તો બાબરા ભૂત જેવો છે. કામ લાવ નહિ તો તને ખાઉં! આવી તારી વાત છે. બેટા મીની, આવ જરા. પાણી પછી ભરજે. આ માને એવો નથી. બેસ જરા એની સામે ને એની ડંફાસને જરા હલકી કર. એ માને છે કે કૅરમમાં એના જેવો કોઇ ઉસ્તાદ જ નથી. એટલે જ્યાં ને ત્યાં અને જ્યારે ને ત્યારે બસ એ જ...મને તો રોજ હેરાન કરે છે. આજે તું જરા બતાવી દે કે આ અમ્માની છોકરીથી તે જીતે એમ નથી.'

પછી, હજી ત્યાં જ ઊભી રહેલી મીની તરફ જોઇને એ બોલ્યાં, 'આ તો ગોપાલન છે મીની. મનુનો દોસ્ત. તમે લોકો દેશ ચાલ્યાં ગયાં ને મનુને અચાનક કલકત્તા જવાનું થયું ત્યારે તે આ એના દોસ્તને મારે હવાલે મૂકતો ગએલો.'

'ખોટું, અમ્મા! તમને મારે હવાલે મૂકતો ગયો એમ જ કહેવું જોઈએ.' કાંકરીઓ ગોઠવતાં ગોઠવતાં ગોપાલન બોલ્યો.

મીની એની એ બોલવાની ઢબ જોઈ હસ્યા વગર ન રહી શકી.

મા પણ હસી પડયાં ને બોલ્યાં, 'હા, મૂળ ગોઠવણ એવી હતી ખરી; પણ તું જુએ છે ને? સાચું પૂછ તો મારે જ એને સાચવવો પડ્યો.'

'અમ્મા, તમને તો કામ હતું ને તમે તો વાતો કરવા બેસી ગયાં!' ઠાવકું મોઢું કરીને ગોપાલન બોલ્યો.

'હા, તે કામમાં જ છું; પણ તારી સાથે વાત નહિ કરું તો વળી પાછો તારો ડબ્બો ખખડાવતો, ઘૂઘરિયા બાવાની જેમ, એમ જ હીંડ્યો જઈશ મોઢું ચડાવીને. તારી કંઈ ઓછી પીડા છે!' કહેતાં કહેતાં મા ઊઠયાં ને રસોડા તરફ ગયાં.

દરમ્યાન સાડીના છેડા વતી હાથ લૂછી નાખીને મીની ગોપાલનની સામે બેઠી. આંગળી વડે નિશાની કરીને સફેદ કાંકરી પોતાની એવી સૂચના ગોપાલનને તેણે આપી દીધી ને રમત શરૂ થઇ ગઇ.

થોડી વારે પલાળેલી દાળ ધોવા એ તરફ આવતાં મા પણ રમત જોઈ રહ્યાં. મીની ધ્યાનથી ખેલતી હતી. ગોપાલન પણ મીનીની રમત જોઈ સાવચેત બન્યો હતો ને મૂંગોમૂંગો રમ્યે જતો હતો.

ત્યાં અચાનક 'મીની, એક દાના લાઓ તો ઇસમેં સે' કહેતાં તેણે ધોવાતી દાળમાંનો એક દાણો માગ્યો. ન સમજી મીની: ન સમજ્યાં મા. પણ માને ચહેરે હળવું સ્મિત જોઇને, ને તે દરમ્યાન ગોપાલનની આંગળી દાળની થાળી તરફ જ મંડાએલી જોઇને મીનીએ બેચાર દાણા થાળીમાંથી ઉપાડયા ને તે હથેળીમાં રાખી ગોપાલન સામે ધર્યા.

તેની હથેળીમાં જ એક દાણો સરખો કરીને, મહાપ્રયત્ને જાણે કોઈ જૂની લિપિ વાંચતો હોય એ ઢબે, ગોપાલને વાંચ્યું-'ગોપાલકૃષ્ણન્ મેનન!' ને પછી લાગલો જ એ દાણો ઉપાડીને માને બતાવતાં તે બોલ્યો, 'ઇસ દાને પે મેરા નામ લિખા હૈ, અમ્મા. યે તો મુઝે હી ખાના પડેગા.'

'જો લુચ્ચાનાં કામ: જોયું, મીની? રવિવાર છે એટલે કોણ મુંબઈ સુધીનો ધક્કો જમવા માટે ખાય વળી? આળસ ચડયું છે બેટાને.' કહેતાં મા ખડખડ હસી પડયાં.

મીની પણ હસી પડી. આ આવડા મોટા યુવાનને બાળક જેવો બનતો જોઇને તેને તો નવાઈ જ લાગતી હતી. તેનો મોટો ભાઈ મનુ પણ આટલાં લાડ તો મા પાસે નહોતો કરતો. ગોપાલન તો કાંકરીનો દાવ લેવામાં પડયો હતો. જાણે કશું બન્યું જ નથી!

'જબ દાલ બન જાય તબ વો હી દાના નિકાલકર મુઝે દે દેના, મીની. અમ્મા તો ઐસી હૈં કી...કયા કહૂઁ, કહેગી જા તેરી મદ્રાસી અમ્મા કે પાસ! અબ તુમ હી બતાઓ કિ ગુજરાત મેં મદ્રાસી અમ્મા કહાં સે લાઉં?—હૈં? તો તુમ ભૂલના નહીં.'

આવી ગરબડ થતી રહી. મા રસોડામાં ને રસોડામાં ફરતાં ફરતાં કામ કરતાં રહ્યાં. વચ્ચે વળી ક્યારેક રમત પણ જોઇ જતાં ને મીનીની સરસ રમત જોતાં ગોપાલનને અંગૂઠો બતાવી તેની મજાક પણ કરી જતાં.

દોઢેક કલાક આમ વીત્યો હશે, ત્યાં નીલુ દોડતી દોડતી આવીને બારણામાં જ ઊભી રહી ગઈ. તેના ડાબા હાથમાં થેલી હતી. મોટા ભાઈ સાથે સવારે જ તે બહાર નીકળી ગઈ હતી. તે પ્રવેશી ત્યાં ગોપાલને તેની સામે જોયું જ એવી રીતે કે તે બારણામાં જ થંભી ગઇ.

'અરે! આ હાથ ક્યાં ખોઈ આવી? દોડતી દોડતી આવી એટલે રસ્તામાં તો ક્યાંક નથી પડી ગયો?' ગોપાલન ચિંતાતુર ચહેરો કરી બોલ્યો.

બાર વર્ષની નીલુ માટે આ ઘણું હતું. એકાદ વર્ષ પહેલાં બસના અકસ્માતે તેણે જમણો હાથ ગુમાવ્યો હતો. એને તેનું કંઈ લાગે નહિ તેટલા ખાતર એ વિષે કોઈ કંઇ ઉલ્લેખ જ ન કરતું. ત્યાં આ, અજાણ્યા નવા માણસે તેની આવી રીતે જડતી લઈ નાખી! રસોડામાંથી બહાર આવેલી મા તરફ એણે સીધી દોટ જ દીધી ને તેને વળગી પડી. સાથે રોઈ પણ પડી.

'અરે, અરે, આ તો ગોપાલન છે, બેટા. એ તો તારા મનુભાઈ જેવો છે. એ છે જ એવો. તેને કંઇ ગણકારીશ નહિ, હોં નીલુ.' કહેતાં હસતાં હસતાં માએ નીલુને માથે હાથ ફેરવ્યો.

તો પણ નીલુને સ્વસ્થ થતાં વાર લાગી. 'અય નીલુ, ઈસમેં રોના ક્યા? તારી સાથે રમીશ ત્યારે હું ય ડાબો હાથ વાપરીશ-જા. બસ ને? હત્તારીની! એમાં રોઇ પડી?' ગોપાલન બબડતો ગયો. ને તે દરમ્યાન મીનીએ છેલ્લી બન્ને કાંકરીને એક જ ફટકે મંઝિલ પર પહોંચાડી દીધી તે જોતાં બોલ્યો, 'સચમુચ આજ તો મીનીને હાથકી કરામત દિખલા દી હમેં, અમ્મા. હાર ગયા મૈં.' ને એમ કહેતાં તેણે કૅરમ-બોર્ડ ઉપાડી લીધું, ડબલામાં જેમતેમ કાંકરીઓ ભરી દીધી ને—લગભગ કહીએ તો ઊભી પૂંછડીએ જ પોતાની ઓરડી તરફ નાઠો!

બપોરે મનુ આવ્યો ત્યારે બધાં સાથે જમવા બેઠાં. ત્યારનું હળવું વાતાવરણ જોઇને કોઈ એમ ન માની શકે કે ગોપાલન આ 'અમ્મા'-ને પેટે નહિ જન્મ્યો હોય ને આ 'અમ્મા' એને સત્તાવીશ વર્ષ લગી તો ઓળખતી જ નહિ હોય!

મૂળ કેરળાનો રહેવાસી એ ગોપાલન હતો જ કોઈ અજબ જીવ. પાણી જેવી મિલનસાર તેની પ્રકૃતિ હતી. બે કલાક સાથે રહો તો બાવીસ દિવસની પરિચિતતા એ વિના પ્રયત્ને મેળવી લે. મનુ ને એ શાન્તિનિકેતનમાં સાથે ભણેલા. માબાપનાં લાડ વચ્ચે ઉછરેલા મનુના મનની શરૂઆતની ગમગીની તેણે ત્યાં પોતાની હળવાશથી જ ઉડાવી દીધી. પછી તો જોકે એ પૂરું ભણ્યો નહિ. થોડું ચિત્રનું શીખ્યો. પછી વડોદરાની આર્ટ-ગૅલેરીમાં થોડો વખત કામ કર્યું. દરમ્યાન તે માત્ર ગુજરાતી ભાષા જ ન શીખ્યો, ઘણોખરો ગુજરાતી જ બની ગયો. ને પછી મુંબાઈના એક અંગ્રેજી દૈનિકમાં જોડાઇ ગયો.

ઇંગ્લંડથી છૂટા પડ્યા બાદ એ ને મનું બહુ મળેલા નહિ; પણ દર વર્ષે દિવાળીનાં અભિનંદન-કાર્ડમાં અવનવું કાર્ટૂન આવી પડતું ને મનુ હસી પડતો. ને મનુએ પિતાના મૃત્યુ પછી કલકત્તાથી બદલીને મુંબાઇ આવીને વેપાર જમાવ્યો ત્યારે ક્યારેક એ બંને મળી જતા.

બે મહિના પર અચાનક મનુને પેઢીના કામસર કલકત્તા જવાનું નક્કી થયું. ત્યાં થોડા દિવસ લાગી જાય તેમ હતું. ઘેર મા સિવાય કોઈ ન હતું. બંને નાની બહેનો મામાને ત્યાં દેશમાં ગઈ હતી. મા પાછળ એકલાં રહે તેમ ન હતાં. મનુ એ મૂંઝવણમાં હતો ત્યાં રસ્તે ગોપાલન મળી ગયો. મનુ તરત જ તેને ઘેર લઇ આવ્યો. ને તેને પૂછ્યા વગર જ માને કહી દીધું કે જ્યાં સુધી પોતે કલકત્તાથી પાછો ન આવે ત્યાં સુધી આ અહીં તારી પાસે રહેશે. ગોપાલનને પણ ગમી ગયું. ચારેક જણ સાથે પરેલની એક રૂમમાં રહીને એ પણ કંટાળી ગયો હતો. બીજે જ દિવસે તો એ આવી ગયો આ બંગલામાં. ને પછી પોતાની ઇચ્છાથી જ પેલી નાની ઓરડીમાં એણે પોતાને ગોઠવી દીધો.

માને તેણે 'અમ્મા' બનાવી દીધી. માને મનુની ગેરહાજરી ન સાલી એ તો ઠીક; પણ પછી તો મનુ આવી ગયા બાદ પણ મા આ 'ગાંડિયા'ને છોડવા તૈયાર ન થયાં. 'આ તો મારી મામાંથી ભાગ પડાવ્યો અલ્યા તેં! ખોટ ગઇ મને.' મનુએ એક વેળા કહેલું.

'વેપારી જ રહ્યો તું તો. જોયુંને અમ્મા, આમાં પણ ખોટ ને નફાની વાતો! કલકત્તામાં ફરીને બગડી ગયો છોકરો તમારો. આ તો ઠીક છે કે હું તો તમને 'અમ્મા' કહીને બોલાવું છું. 'મા' કહું તો તો એ કેસ જ માંડે!' ગોપાલને પોતાની આગવી ઢબે તે વેળા કહેલું.

આમ એ કુટુંબનો માણસ જ થઈ ગએલો. તે રાત્રે મોડો આવતો ને સવારે મોડો ઊઠતો. બપોરે ઑફિસે જતો, ને ઑફિસ પાસેની લૉજમાં જ ક્યાંક જમી લેતો.

આમ આ ત્રણ જણનો સંઘ બરાબર ગોઠવાયો. ત્યાં મીની ને નીલુ આવી પડી. પહેલાં તો આ નવા આગંતુકને જોઈ મીની વિમાસણમાં પડી ગઇ; પણ પછી તો તે ય એની રગ જાણી ગઇ.

પણ નીલુને મનાવતાં ગોપાલનને ય મુશ્કેલી પડી. તે એની સાથે વાત કરવા જ તૈયાર ન હતી! પણ પછી ધીરેધીરે, કૅરમ રમતાં તે દાવમાં આવતી ગઇ. ગોપાલન એની સામે રમતાં પોતાનો ડાબો હાથ જ વાપરતો, ને અણઘડ હાથના ઝપાટા જોવામાં નીલુને મજા પડતી.

ને જ્યારે ગોપાલને પોતે પણ ડાબા હાથે લખવાનો મહાવરો પાડીને નીલુને ય સમજાવીને એકાદ વર્ષ પર રખડેલા તેના ભણતરને પાટે ચડાવી દીધું ત્યારે તો બધાં જ ખુશ થઇ ગયાં, ને નીલુ ને ગોપાલન તો 'એલીસ તથા કૅરોલ'ની જોડી જેવાં જામી પડયાં. પછી તો ગોપાલનને ય ભારે પડી ગયું. નીલુ તેને ગજબનો હેરાન કરી નાખતી.

મીની ને નીલુને દેશમાંથી આવ્યે છએક મહિના વીતી ગયા બાદ મનુ એક બપોરે એક વૃદ્ધ ગૃહસ્થને ઘેર તેડી લાવ્યો. એ ગૃહસ્થ જ્યોતિષી હતા. બગલમાં એકાદ બે જૂનાં પુસ્તક ને એવો જ જૂનો એમનો અંગરખાનો ને ધોતિયાનો દેદાર હતો. માથે ઢીલી ગરભસુતરાઉ પાઘડી ને કપાળે લાંબું ત્રિપુંડ પણ તાણેલું હતું. નાકની દાંડી પર ઢળી પડતાં ચશ્માંના કાચ તો સલામત હતા, પણ બે બાજુની દાંડલી ગંગા-જમના જેવા જુદાજુદા રંગની હતી.

આવીને તેમણે 'જેશ્રીકૃષ્ણ' કર્યા ને મા ખુશ થઈ ગયાં. એક તો મનુ આવી કોઇ બાબતમાં માને નહિ ત્યાં એ સામેથી જ આ વંદનીય વ્યક્તિને તેડી આવ્યો હતો! મા તો ઓછાંઓછાં થઇ ગયાં. ઘણુંઘણું પૂછ્યું. માત્ર ગોપાલન ઘેર નહોતો એનો માને જરા અફસોસ રહ્યો. તેમણે જ્યોતિષીને કહ્યું યે ખરું કે એ જરૂર ફરી આવે.

તે સાંજે અચાનક ગોપાલન વહેલો આવ્યો. મા ને મનુ હજી બપોરના જ્યોતિષીની જ વાતો કરતાં દીવાનખંડમાં બેઠાં હતાં. ગોપાલન સીધો ત્યાં જ આવ્યો. પોતાની ઢબે પ્રયત્નપૂર્વક ગંભીર મોં રાખીને ખુરશી પર બેઠો ને ડાબા હાથે નીલુને પાણી લાવવા ઇશારત કરી. પહેલાં તો નીલુએ અંગૂઠો જ બતાવ્યો; પણ ગોપાલને આંખો કાઢવાનો અભિનય કર્યો એટલે એ પાણી લેવા ચાલી ગઈ.

પાણી આવતાં ગોપાલને તેમાંથી એક જ ઘૂંટડો ભર્યો ને ગ્લાસ બાજુમાં મૂકી દીધો. તેના ચહેરાના ભાવ પરથી જ સૌ જાણી ગયાં કે સબરસ ભેળવાયું હતું. પણ તો ય ઓરડાની ગંભીરતા ભાંગી નહિ. માત્ર નીલુ ગોપાલન સામે જોઇ દૂર રહીને મોઢું દબાવી હસતી રહી. આખરે મનુ બોલ્યો, 'ગોપાલ, તારી અમ્મા આજે મુશ્કેલીમાં મુકાઇ ગઇ છે.'

ગોપાલને નજર ત્રાંસી કરીને અમ્મા તરફ જોયું. તે ખરેખર જ ગંભીર હતાં. પણ ગોપાલનનું મોઢું જોઇને તે સહેજ હસ્યાં ને બોલ્યાં

'ઓ ભગવાન, આ લોકોને તો બધું હસવામાં જાય છે, ને મારો તો જીવ બળી જાય છે.'

'અરે વાહ રે અમ્મા! જીવ તે કંઈ બાળવા જેવી વસ્તુ છે?' કહેતો ગોપાલન ખુરશી પરથી નીચે ઊતર્યો અને અમ્માની એક બાજુએ બેઠો: 'એમાં મારા ભાગના જીવની બળતરા મારી પાસે રજૂ કરો, અમ્મા. બાકીની વાત મનુ જાણે!' એ એવી રીતે બોલ્યો કે બધાં હસી પડચાં. પછી મનુ બોલ્યો, 'આમાં તારુંમારું કંઈ નથી, ગોપાલ. આ બધો જીવ-ઉકાળો આજે મીનીને ફાળે જાય છે.'

'મીની? મીની ક્યાં?' ગોપાલન બોલ્યો. એને ત્યારે જ ખબર પડી કે મીની ત્યાં ગેરહાજર હતી! 'મીની...ઈ...ઈ' એણે બૂમ પાડી.

બારણામાં આવીને મીની નીચું જોઇને ઊભી રહી. 'અરે, સાથે પાણીનો લોટો પણ લેતી આવ, મીની. તું હવે મોટી થઈ. તારામાં અક્કલ ક્યારે આવશે? જોતી નથી અમ્માનો જીવ બળે છે તે?' એમ કહીને મીનીને તેણે ઇશારતથી પાસે બોલાવી.

એમ જ નીચું જોઇને મીની નજીક આવી, ને માની પાસે બેસી ગઈ.

'હાં, બોલો હવે, શી વાત છે?' ગોપાલને પૂછ્યું.

જવાબમાં માએ માત્ર મનુની તરફ જોયું.

'વાત એમ છે ગોપાલ, કે આજે બપોરે એક વૃદ્ધ જ્યોતિષી આવેલા.' મનુએ શરૂઆત કરી. 'તેમણે કહ્યું કે જોગાનુજોગ એવો છે કે મીનીનું બીજી વારનું લગ્ન થાય.' આટલું બોલીને મનુ થભી ગયો.

'બસ, એટલું જ? પછી આગળ કંઈ નહિ?' ગોપાલને પૂછ્યું.

'અરે એટલું શું ઓછું છે? માને તો તેમાં ખાવાનું ય નથી ભાવતું ને અમે ય એમ જ બેઠાં છીએ.' મનુ બોલ્યો. 'પેલા જ્યોતિષી પાસે તો કંઈ ન બોલ્યાં ને હવે માથું ખાય છે.'

'આ વિધવા છોકરીનાં લગ્ન એ કંઈ ઓછા દુઃખની વાત છે, ગોપાલ?' માએ અત્યંત દીન ચહેરે ગોપાલ ભણી જોઈ કહ્યું.

'મા તો કહે છે એવું થવું જ ન જોઇએ.' મનુ બોલ્યો.

'ખરી વાત છે; કેમ થઈ શકે? શાસ્તરમાં મનાઈ નથી કરી શું? આ મીનીને શો અધિકાર કે એ લગ્ન કરી શકે? અમ્માને દુઃખ ન થાય શું? કાં અમ્મા, તમને દુઃખ જ થાય ને?' મા તરફ જાણે પૂર્ણ સહાનુભૂતિ હોય એમ જોતો ગોપાલન બોલ્યો. 'શાસ્તર' શબ્દ પણ ખાસ એ માની ઢબે જ બોલ્યો હતો. મનુએ તો એની વાત સાંભળી ડઘાઈ ગયા જેવું મોઢું કર્યું. એને ગોપાલ તરફથી આવા અભિપ્રાયની આશા ન હતી, એ એથી સ્પષ્ટ થતું હતું.

'ને આ વિધવા નારી! છિઃ! એ પરણે, એને છોકરાં થાય...અરર ...ગજબ થઈ જાય ને તો તો! આ પૃથ્વી તો રસાતળ જ થઈ જાય, નહિ અમ્મા? ને આકાશનું શું થાય, કહો તો? તૂટી જ જાય, નહિ? ઓહો! ગજબ કહેવાય. મીની, જો તારે એવી બધી આશા રાખવાની જરૂર નથી. તેં આ પહેરી છે એવી જ સફેદ–કોરવિનાની–સાડી જીવનભર પહેરવાની. હાથમાં માળા: માળા તો રુદ્રાક્ષની, મોટી સાઈઝની સારી, કાં અમ્મા? ને અમ્મા ભજન કયાં સારાં—મીરાંબાઈનાં જ ને?' ગોપાલન એટલી ઝડપથી ને એવી તો ધારદાર જીભે બોલ્યે જતો હતો કે ત્યાં બેઠેલ દરેક જણ તેને પૂરો સાંભળ્યા છતાં પૂરો સમજતું ન હતું.

મીની ઊંચા કરેલા બંને ઘૂંટણ પર બે હાથ બાંધીને તે પર હડપચી ટેકવી સૂનમૂન બેઠી હતી.

'ભજન તો બધાં જ સારાં ને, બેટા.' મા ઢીલા મનથી બોલ્યાં.

'હાં લે, મીની. આમાં તો તારે ચિંતા કરવાની જરૂર નથી. ભજન બધાં જ સારાં એમ અમ્મા કહે છે. તું તારે લહેર કર. મંજીરાંની જોડ પણ હમણાં ભુલેશ્વરમાં નવી આવી છે. એ મારા તરફથી લઈ આપીશ. ને જો, આ મનુને પરણાવશું તે જોજે. આ ફૂંઠી નીલુડીને ય પરણાવશું. તે ય તું જોજે; તેમનાં છૈયાંછોકરાં સંભાળજે ને મોટી થજે. પણ તારા મનમાં કંઈ આશા ઊભી ન કરતી. તને મનાઈ છે. આપણા પૂર્વજો તને મનાઈ કરી ગયા છે. તેં ખૂબ જ પાપ કર્યા છે. કાં અમ્મા? મીનીએ તો પાપ જ કર્યા હશે ને? આપણે તો બધાં ધર્માત્માઓ જ કાં બે? જો મીની, ધ્યાન રાખ. ઝાડનું ઠૂંઠું જેમ ફરીથી...'

'અરે, તે ય સારા વરસાદમાં નવપલ્લવિત થાય.' ગોપાલનની ગતિ પાછળનાં બળ ને તેના ઉદ્દેશનો કંઈક પાર પામેલો મનુ વચ્ચે બોલ્યો.

'હા, એ વળી કદાચ થતું હશે. પણ માનવી તો પાછો નવપલ્લવિત ન જ બની શકે. ખરુંને અમ્મા? શાસ્તરમાં એવું જ લખ્યું છેને?' ગોપાલન એમ બોલીને એવી તો ધારદાર નજરે મા તરફ જોઈ રહ્યો કે મા તેની આ અપલક નજર સામે મૂઢ બનીને જોતાં જ રહ્યાં. એ સમજી જ ન શક્યાં કે ગોપાલ આખરે વહાણને કઈ બાજુ હંકારી રહ્યો છે.

'ને અમ્મા, મીનીના આ કાળા કાળા વાળ શા કામના? એ પણ કપાવી જ નાખવા જોઇએ ને? મને તો લાગે છે કે મીનીનો હાથ કે કપાળ જોવાને બદલે આ રેશમી વાળ પરથી જ પેલો જ્યોતિષી ભાવિનાં એંધાણ આપી ગયો હશે. તેનો સહેલો ને સટ ઉપાય મા આ...' એમ કહીને મીની તરફ જ તે દરમ્યાન રહેલી નજર જેવી તો મા તરફ ગોપાલને ઢાળી ને બે આંગળીથી કાતર ચલાવવાનો અભિનય કર્યો! ત્યાં જ માને તેણે રોતાં જોયાં. એકદમ મોટેથી જ એ રોઈ પડચાં. ગોપાલને જોયું તો મીનીની આંખમાં પણ આંસુ હતાં.

મનુએ પોતાનો હાથ ગોપાલનના ખભે મૂકી તેને શાંત બનવા સૂચન કર્યું. નીલુ સ્તબ્ધ બની બધાંને જોઈ રહી.

'તું આવું નસીબ લઇને ક્યાંથી આવી મીની, કે તારા ભાવિની વાત સાંભળતાં અમ્માને ખાવાનું ન ભાવે? તને જન્મતાં પહેલાં વિચાર ન થયો?' પહેલાંના જ 'ટોન'માં ગોપાલને આગળ ચલાવ્યું. ત્યાં તો 'બસ કર ગોપાલ, બસ કર' કહેતાં મા તેનો હાથ પકડી બેઠાં, ને ખૂબ જ મોટેથી રોઈ પડચાં.

'બસ નહિ કરું અમ્મા. તમારાં એવાં આંસુમાં ખેંચાઈ જાઉં એવાં લાડમાં હું ઊછર્યો નથી. ને તેથી જ કહું છું...' ગોપાલન કંઈક બોલવા જતો હતો ત્યાં મનુએ તેના મોંએ હાથ દાબી તેને બોલતો અટકાવી દીધો.

પણ થોડી વારે માનાં ડૂસકાં બંધ થતાં ગોપલન બોલ્યો, 'ને તું કેમ મૂંગી બેઠી છે, મીની? તું હજી વીસ વર્ષની છે. હજી તારે ઘણું જીવવાનું છે. શો ખયાલ છે તારો? તારા અંતરમાં કંઈ ઊગે છે ખરું, કે પછી ભુલેશ્વરની બજારમાંથી ઉપાડતો આવું મંજીરાં આવતી કાલે?' ગોપાલન સહેજ હળવો બનીને બોલ્યો.

મીનીના ઢળતાં આંસુ વચ્ચે આછું સ્મિત ફરકી ગયું. મા પણ જરા મલક્યાં. મનુ ઊભો થયો. ગોપાલન પણ ઊભો થયો ને બાજુમાં બેઠેલી નીલુનો કાન પકડી બોલ્યો, 'પાણી લાવ તો જરા—તારી કરામત વિનાનુંસ્તો!'

નીલુ સિસકારો ભરતી ને હસતી દોડી ગઈ. પાણી પીને વધુ કંઈ બોલ્યા વગર ગોપાલન પોતાની ઓરડી તરફ રવાના થયો ત્યારે બારણાં બહાર મનુએ તેની સાથે હાથ મેળવ્યો ને સહેજ દબાવ્યો. ગોપાલને પણ વળતાં એમ જ કર્યું, ને બોલ્યા વિના જ ઉતાવળે ચાલ્યો ગયો. ઉપરના પ્રસંગ પછી છએક મહિના બાદ એ બંગલાના આગળના ચોકમાં થોડા દિવસ ધામધૂમ થઈ રહી. બે વિવાહ ઊકલી ગયા. એક મનુનો, બીજો મીની ને ગોપાલનનો. ઘણાઘણા મિત્રો આવેલા.

લગ્ન પછીની રાત્રે મનુએ મજાકમાં પૂછ્યું, 'મા, તને જરા દુઃખ રહી ગયું, નહિ?' ન સમજાતાં મા તેની સામે જોઈ રહ્યા. (અનુ. પૃ. ૪૦૧)

ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ


લેખક · પ્રો. નરોત્તમ વાળંદ એમ.એ.

જે સમયે મુંબાઇ માછીઓનો બેટ હતું, કલકત્તા અને કરાંચી કાળના પડમાં છુપાયા હતાં, દિલ્હીને દૂરથી કોઈ ઓળખતું પણ નહોતું,[1] સૂરત હજી સળવળતું હતું, તે સમયે ભરૂચ (ભૃગુકચ્છ) એક ધીકતું બંદર હતું. ઐતિહાસિક કાળમાં ભરૂચની સમૃદ્ધિ એટલી બધી હતી કે અરબો ને પોર્ટુગીઝોએ ત્રણત્રણ વાર અને મરાઠાઓએ ચારચાર વાર એને લૂંટેલું. આબાદ અને ચડતી કળાના આ બંદર તરફ આકર્ષાઇને ઈ. સ. ૧૬૧૬માં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડીઆ કંપનીએ અને ઈ. સ. ૧૬૧૮માં વલંદાઓએ અહીં વ્યાપારી કોઠીઓ નાખી હતી. આવું, ગુજરાતના પ્રાચીનતમ સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવતું ભરૂચ આજે તો, ત્યારને મુકાબલે તદ્દન ભાંગી ગએલું ગણાય.

ઈ. સ. પૂર્વેથી માંડીને અત્યાર સુધીમાં ભરૂચ, ભૃગુકચ્છ, ભરૂકછ, ભરૂગછ, બારીગાઝા, પોલુ-કે-ચી-પૉ, ભડોચ, બ્રોચ વગેરે પૃથકપૃથક નામોથી ઓળખાતું રહ્યું છે. બૌદ્ધ જાતક કથાઓ, રુદ્રદામા, વરાહ-મિહિર, ટૉલેમી ને હ્યુએનસંગ દ્વારા ભરૂચના ઉલ્લેખો થએલા છે.

પૌરાણિક કથા મુજબ 'લક્ષ્મીની ઇચ્છાથી ભગવાન વિષ્ણુએ નવ નાથ[2] જ્યાં તપ કરતા હતા તે પવિત્ર જગ્યાએ, નર્મદાતટે શ્રી નગર વસાવ્યું,' તે આ ભરૂચ, એમ કહેવાય છે. નર્મદા પુરાણના રેવાખંડની કથા મુજબ ભૃગુ ઋષિએ કૂર્મ(કચ્છ)ની પીઠ પર એક નગરની સ્થાપના કરી અને એ નગર ભૃગુ-કચ્છ નામે ઓળખાયું. પ્રો. અનંતપ્રસાદ બૅનરજી શાસ્ત્રી ભૃગુઓને અસુર જાતિના ગણે છે. એમ હોય તો, આર્યોના આક્રમણ સામે ટક્કર ન ઝીલી શકવાને કારણે તેમને આર્યાવર્તમાંથી પાતાળનગર(દક્ષિણ દેશ)માં જવાની ફરજ પડતાં એ પ્રજાએ આ નગર સ્થાપ્યું હોય.[3]

નર્મદાના કિનારે પાઘડી પને પથારાએલા આ નગરને દરિયાઈ વ્યવહાર માટે સારી અનુકૂળતા સાંપડી છે. અમરકંટકથી નીકળતી નર્મદા ભરૂચ આગળ એક માઈલનો પટવિસ્તાર કરે છે, ને આગળ જતાં ખંભાતના અખાતને મળે છે. પાસેના અરબી સમુદ્રથી જગતનાં અન્ય બંદરો સાથેનો દરિયાઈ માર્ગ ખુલ્લો થાય છે. ઈ.સ. પૂર્વેના સમયથી ઇજિપ્ત, ચીન, અરબસ્તાન, યુરોપ, આફ્રિકા અને ઈરાન જેવા દેશો સાથે ભૃગુકચ્છ(ભરૂચ)ના માલની લેવડદેવડ થતી. આજે જેમ મુંબાઇ ભારતનું પ્રવેશદ્વાર ગણાય છે, તેમ પહેલાં ભરૂચ હિંદનું બારું ગણાતું. ઈ.સ.-થી દોઢેક હજાર વર્ષો પૂર્વેની ઇજિપ્તની કબરોમાંથી હિંદનું મલમલ મળ્યું છે, જે બારીગાઝા(તે વેળાના ભરૂચ)નું ગણાય છે. રેશમ, ચીનાઈ વાસણ, સ્પિકનાર્ડ, ડીલીઅમ, મશરૂ, દારૂ, કાંસુ, પરવાળાં, આયના, સુરમો, કેરબો, બુદ (કૉફી), અફીણ, કીમતી ઝવેરાત, પોશાકો, વાજિત્રો, ખૂબસૂરત બાંદીઓ, ગુલામો વગેરેની પરદેશથી અહીં આયાત થતી અને હિંદની મશહૂર ચીજો ભરૂચથી પરદેશ જતી: ચોખા, ઘી, તેલ, ખાંડ, રૂ, મશરૂ, મલમલ, રેશમ, રંગીન વાસણો, કપૂર, ગંધક, ધૂપ, તજ, મરી વગેરે તેજાના, સોનું, કાપડ વગેરેની નિકાસ થતી. ઈ. સ. ૧૭૮૩માં મિ. ફૉર્બ્સ જણાવે છે કે ઊંચામાં ઊંચી જાતના ઝીણા પોતના મસલીનથી માંડીને સઢ બનાવવાના જાડા કાપડના તાકા અહીં બનતા. બાસ્તા(બાફ્ટા)નું કાપડ ડચ લોકો અહીંથી યુરોપમાં વેચવા લઇ જતા. ઈ.સ. ૧૮૨૦માં કર્નલ વિલિયમ લખે છે કે અહીંના મોચીઓ બૂટ અને ઘોડાનાં જીન એવાં સારાં બનાવતા કે તે વખતના ગુજરાતમા વસતા યુરોપિયનો ભરૂચથી એ માલ મંગાવતા! ઈ. ૧૮૫૭ના બળવા વખતે અહીંના ઘણા કસબીઓ ચાલ્યા ગયા. સ્વસ્થ પરિસ્થિતિમાં કેટલાક પાછા આવ્યા પણ તેઓ રેશમી તથા સુતરાઉ સુજની (રજાઇ) બનાવવાનો નવો કસબ લેતા આવ્યા. આજે પણ ભરૂચની સુજનીઓ




નર્મદાકિનારેથી કિલ્લાનો દેખાવ

1 ઈ. સ.ની ૧૦મીથી ૧૬મી સદીમાં દ્વારિકા, વેરાવળ, ખંભાત, ભૃગુકચ્છ જેવાં બંદરો મારફતે ગુજરાતનો પરદેશો સાથેનો વેપાર ચાલતો. પરદેશી પ્રજાઓ આ બંદરોથી વિશેષ પરિચિત હતી. એ વેળા દિલ્હી રાજધાની હોવા છતાં પરદેશોમાં જાણીતું નહોતું. ઇંગ્લંડની રાણી ઇલિઝાબેથે શહેનશાહ અકબરને કાગળ લખ્યો ત્યારે તેને 'ખંભાતના શહેનશાહ' તરીક ઓળખાવ્યો હતો!

2 ભરૂચમાં નર્મદા-કિનારે શિવનાં નવ સ્વયંભૂ બાણો છે; તે આજે નવ નાથના નામે જાણીતાં છે. તે આ પ્રમાણે: (૧) કામનાથ (૨) ભૂતનાથ (૩) સોમનાથ (૪) ભીમનાથ (૫) જ્વાળાનાથ (૬) કાશીવિશ્વનાથ, (૭) સિદ્ધનાથ (૮) પિંગળનાથ (૯) ગંગનાથ.

3 આર્યોના આગમન પહેલાં આર્યાવર્તમાં અસુર પ્રજા રહેતી હતી એ તો હકીકત છે. આ અસુરો, જેમને 'રાક્ષસ' ગણવામાં આવે છે તેઓ વસ્તુતઃ માનવો જ હતા, એટલું જ નહિ પણ આર્યો કરતા પણ વધુ સુધરેલા હતા અને શહેરો બાંધીને રહેતા હતા. વાણિજ્ય, સ્થાપત્ય, વહાણવટું અને વ્યાજવટું એ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. પાછળથી આર્ય પ્રજા સાથેના સંઘર્ષને કારણે તેમને સોસવું પડેલું ને અસુરો એટલે રાક્ષસ એવો મત વહેતો થયો. પારસી ધર્મશાસ્ત્રી અવેસ્તામાં અહુર(અસુર) એટલે 'દેવ' એવો અર્થ મળે છે.



↑ ફુરજાનો દેખાવ. નીચે : ફુરજા પાસે નાંગરેલાં વહાણો

પરદેશ પહોંચે છે. આ કસબ ખાસ કરીને મુસ્લિમોએ જાળવી રાખ્યો છે.

રૂના પાકનું તો ભરૂચ મથક ગણાતું. ૧૮૬૨માં ગુલામોના વેપાર અંગે અમેરિકામાં જાગેલા યુદ્ધને કારણે દક્ષિણ અમેરિકાનું રૂ વિલાયત જઈ શક્યું નહિ, તેથી હિંદના રૂની માગણી થઇ. તેમાં ભરૂચનું રૂ ઊંચી કોટિનું હોઇ એની પસંદગી પ્રથમ થઈ. ત્યારથી એ રૂની ખપત પરદેશોમાં વધવા લાગી. આજે પણ ભરૂચ જિલ્લાનું રૂ વખણાય છે.

ભરૂચના ઇતિહાસમાં નોંધપાત્ર ગણાય એવો મહત્ત્વનો પ્રસંગ ઈ. ૧૮૬૮માં ભરાએલા ઔદ્યોગિક પ્રદર્શનનો છે. આવું પ્રદર્શન જગતમાં સૌ પ્રથમ લંડનમાં ઈ. સ. ૧૮૫૧માં ભરાએલું. બીજું પારીસમાં ઈ. સ. ૧૮૬૭માં ભરાયું હતું. પારીસનું પ્રદર્શન ભરૂચના બે સદ્‌ગૃહસ્થોએ જોયું અને તેમને પણ આવું દબદબાભર્યું પ્રદર્શન પોતાના શહેરમાં ભરવાની ઉત્કંઠા જાગી. શરૂઆતમાં તો માત્ર રૂનું પ્રદર્શન ખુલ્લું મૂકવાનો વિચાર હતો, પણ એથી ફક્ત વેપારીવર્ગ સિવાય આમજનતાને કશો રસ નહિ પડે એમ વિચારી ઔદ્યોગિક પ્રદર્શન ભરવાનો નિર્ણય લેવાયો. સને ૧૮૬૮ના ડિસેમ્બરની ૨૪મીએ 'અંગ્રેજ અધિકારીઓ ને ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક દેશી રાજાઓની હાજરીમાં મુંબઈના ગવર્નરને હસ્તે' એનું ઉદ્દ્‌ઘાટન થયું. ઈંગ્લંડથી આવેલા ગવર્નર સર સીમૂર ફિટ્ઝજિરાલ્ડે એનું પ્રમુખસ્થાન લીધું હતું. એશિયાભરમાં પહેલું એવું આ પ્રદર્શન ભરૂચમાં ખૂબ ભભકાભેર ભરાયું.

પ્રદર્શનમાં વડોદરાના મહારાજા ગાયકવાડની ત્રીસ લાખ રૂપિયાની કિંમતી જવાહિરોથી ભરેલી ચાદર, મૂલ્યવાન અલંકારો, કોતરણી કામના નમૂના, ખાસ ઝીણી કારીગરીવાળી યંત્રસામગ્રી અને જંગલી તથા વિચિત્ર પ્રાણીઓ ગોઠવાયાં હતાં.


આ પ્રદર્શન જોવા માટે લોકોનો એટલો બધો ધસારો થએલો, કે ત્રણ ને પાંચ રૂપિયાની છપાએલી સીઝન ટિકિટો ખૂટી પડતાં બાકીની હાથે લખવી પડેલી! પ્રદર્શન દરમ્યાન ભરૂચમાં રહેવા માટે ઠાકોરો ને શ્રીમંતોને ભાડાનાં મકાનોની તંગી નડેલી. ફેન્સી કાપડ, બૂટ, લાકડી, રૂમાલ અને પાઘડીની ખરીદી એટલી બધી થઇ કે એ ચીજોના ભાવમાં ભારે ઉછાળો આવેલો. આ પ્રદર્શનના ઉત્સવ નિમિત્તે રાત્રે નદીમાં તરાપા ઉપર દારૂખાનાનાં મોટાં ઝાડ સળગાવવામાં આવેલાં.


આ પ્રદર્શનના પગલે પગલે પછી ઈ. ૧૯૦૬માં સ્વદેશી પ્રદર્શન ને ઈ. ૧૯૧૦માં સ્ત્રીઓની હાથકારીગરીનું પ્રદર્શન એમ બે પ્રદર્શન યોજાયાં.

આજ સુધીમાં ભરૂચે અનેક ઊથલપાથલો જોઇ છે. ક્ષત્રપ વંશના રાજા રુદ્રદામનના ગિરનારના લેખ પરથી જણાય છે કે તેના સિક્કા ઈ. સ. ૧૫૦માં ભરૂચમાં ચાલતા હતા. ક્ષત્રપ પછી ગુપ્ત વંશના રાજાઓએ અહીં રાજ્ય કર્યું. વલભી વંશના અમલ દરમ્યાન એ વંશના ચોથા રાજા ધરસેનના વખતમાં ભરૂચ ગુર્જર રાજાઓનું રાજ્ય બન્યું. એ રાજાઓની રાજધાની ભરૂચમાં ઝાડેશ્વરી દરવાજા નજીક નંદીપુરી કિલ્લામાં હતી. ઈ. સ. ૬૨૯માં ચીનો મુસાફર હ્યુએનસંગ હિંદની મુસાફરીએ આવેલો ત્યારે ભરૂચની મુલાકાત લઇ ગએલો.

ઈ.સ.ની આઠમી સદીથી અરબો અવારનવાર દરિયાઇ માર્ગે ગુજરાતના દરિયાકાંઠે આવીને ગુજરાતી વેપારીઓનાં વહાણ લૂટી જતા. ઈ. સ. ૭૧૭ તથા ૭૨૪માં સિંધના એક અરબ સરદારે ભરૂચ લૂંટ્યું. ગુર્જર પછી રાષ્ટ્રકૂટ વંશના રાજાઓના સમયમાં પણ અરબોએ ભરૂચને ત્રણ વાર લૂંટેલું. એ પછી ચાવડા ને સોલંકી વંશના રાજાઓના અમલમાં શાંતિ તથા આબાદી પ્રવર્તી. સિદ્ધરાજ જયસિંહ સાથેના અણબનાવને કારણે કુમારપાળ છૂપા વેશે ફરતો ભરૂચ આવી ચડેલો ત્યારે અહીંના જોશીએ તેને ટૂંક સમયમાં રાજ્ય મળશે એવી આગાહી કરેલી, આથી રાજ્ય મળ્યા બાદ કુમારપાળે ભરૂચને ફરતો બુરજો સહિતનો કોટ બંધાવ્યો. મુસ્લિમ અમલ દરમ્યાન અમદાવાદને વસાવનાર અહમદશાહના અગિયારમા વંશજ બહાદુરશાહે ઈ.સ. ૧૫૨૭માં ભરૂચનો કિલ્લો ફરી સમરાવ્યો હતો. ઈ.સ. ૧૫૩૪માં મુઘલ બાદશાહ હુમાયૂંએ ગુજરાત જીત્યું ત્યારથી ભરૂચ દિલ્હીના તાબે ગયું. જોકે વચ્ચે ઈ. ૧૫૩૬માં તે ગુજરાતના બાદશાહની હકૂમતમાં ગયું હતું; પણ ફરી ઈ. સ. ૧૫૭૩માં અકબરે ભરૂચ જીતી લીધું અને તેણે પોતાના સરદાર કુતુબુદ્દીનને ભરૂચમાં જાગીર આપી.

આ ગાળા દરમ્યાન પોર્ટુગીઝોએ ભરૂચને ત્રણ ત્રણ વાર લૂંટ્યું.





અદ્યતન રેલ્વે પૂલ

પ્રથમ ઈ. સ. ૧૫૩૬માં, બીજી વાર ઈ. સ. ૧૫૪૭માં[૪] ને ત્રીજી વાર ઈ.સ. ૧૬૧૪માં. ઈ.સ. ૧૬૧૬માં સર ટૉમસ રો નામના અંગ્રેજને જહાંગીરના સમયમાં ભરૂચમાં વેપાર કરવાની પરવાનગી મળતાં અંગ્રેજોએ ભરૂચમાં પહેલી કોઠી નાખી. પછી તો ઈ. સ. ૧૬૧૮માં વલંદાઓએ પણ કોઠી નાખી. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ ભરૂચ બે વાર લૂંટ્યું અને તે પછી શંભાજીએ પણ બે વાર લૂંટ્યું. મુઘલ શહેનશાહતના પાયા ડગમગી રહ્યા હતા તે વેળાએ અરાજક પરિસ્થિતિને કારણે ઉપરાઉપરી આ હુમલાઓ આવ્યા કરતા હતા.

ઈ.સ. ૧૭૨૨માં નિઝામુલ્મુલ્કે દિલ્હીની દીવાનગીરી છોડી ત્યારે દિલ્હીના બાદશાહ મહમદશાહે તેને ભરૂચની જાગીર આપી. નિઝામે એનો વહીવટ પોતાના સરદારને સોંપ્યો, જે તેના વારસદારો ત્યાર પછી કરતા રહ્યા. તેમાંના મિરઝા બેગના વખતમાં ઈ. સ. ૧૭૬૧માં દામાજી ગાયકવાડે ભરૂચને ઘેરો ઘાલ્યો અને ફુરજાની જકાતમાં પોતાનો હિસ્સો દાખલ કરાવ્યો. પછી તો અંગ્રેજોનો પણ પગપેસારો થયો અને તેમણે પણ ફુરજાની જકાતમાં પોતાનો હક્ક દાખલ કર્યો. પણ એ વેળાના ભરૂચના નવાબ મોઝુજખાને જકાતનો હિસ્સો લાંબા સમય સુધી ન આપતાં અંગ્રેજ લશ્કરે ચડાઈ કરી. એમાં એક વારની હાર ખાધા બાદ ફરી બીજા વર્ષે અંગ્રેજોએ ચડાઇ આદરી. આ વેળા નવાબનો દીવાન લલ્લુભાઈ ફૂટી ગયો અને અંગ્રેજોની જીત થઇ: ઈ. સ. ૧૭૭૨.[૫] આ રીતે ભરૂચમાં કુલ ૪૬૮ વર્ષ (ઈ.સ. ૧૩૦૪માં ગુજરાતનું રાજ્ય મુસલમાનોના હાથમાં આવ્યું ત્યારથી અંગ્રેજોએ ઈ.સ. ૧૭૭૨માં ભરૂચ જીતી લીધું ત્યાં સુધી) મુસલમાનોનો અમલ રહ્યો.

ઈ. ૧૭૭૨ થી ૧૭૮૩ સુધી અહીં અંગ્રેજી અમલ રહ્યો. ૧૭૮૩માં સિંધિયાએ અંગ્રેજો તરફ દર્શાવેલી રહેમદિલીને કારણે ભરૂચ તેને આપવામાં આવ્યું; પણ ઈ. ૧૮૦૨માં બાજીરાવ પેશ્વાને સિંધિયા સાથે અણબનાવ થતાં બાજીરાવે અંગ્રેજોની મદદ માગી, અને ઈ. ૧૮૦૩માં ભરૂચ અંગ્રેજોના હાથમાં ફરીથી આવ્યું. તેમણે હવે ભરૂચનો ઉત્કર્ષ આદર્યો. ઈ. ૧૮૨૬માં ગુજરાતમાં પ્રથમ ગુજરાતી શાળા ભરૂચમાં સ્થપાઈ. ઈ. ૧૮૫૭ના બળવા પછી કંપની-રાજ્યમાં ફેરફાર થતાં, તા.૨ નવેમ્બર ૧૮૫૮ના રોજ મહારાણી વિક્ટોરિયાએ દેશનો વહીવટ હાથમાં લીધો અને પ્રજાજીવન સ્થિર થયું. ૧૯૦૧માં રાણી વિક્ટોરિયાનું અવસાન થતાં પ્રજાની એમના તરફની શુભ લાગણીને કારણે એમની યાદગીરી સારુ ભરૂચની પ્રજાએ ઉઘરાણું કરી એક ટાવર બંધાવ્યો ને તેનું નામ 'વિક્ટોરિયા ક્લૉક ટાવર' આપ્યું.

નદીકિનારે ઊંચી જગાએ (ફૂમં કે કચ્છ જેવા ટેકરા પર) વસેલા ને કોટથી રક્ષાએલા ભરૂચને જોતાં આજે પણ એક ખરેખરા ઐતિહાસિક નગરનો ખયાલ આવે છે. નદીની સપાટીથી ઊંચો લાંબો કોટ, કોટથી પણ ઊંચી જગ્યાએ વસેલાં મકાનો, એ બધું દૂરથી જોતાં ભવ્ય લાગે છે. રાત્રે કોટના કિનારે આવેલી અને મકાનોની વીજળીની બત્તીઓનું નદીના નીરમાં પડતું પ્રતિબિંબ મનોહર દશ્ય ખડું કરે છે. મુંબાઈથી આવતી રાતની ગાડીમાં સામે કાંઠેથી ભરૂચનો દેખાવ જોવા જેવો હોય છે. ઈ. ૧૮૮૬માં મુંબાઈના એ વખતના ગવર્નર લૉર્ડ રેએ ભરૂચની સુધરાઈમાં ભાષણ આપ્યું. તેમાં ભરૂચ શહેરનો ઉલ્લેખ કરતાં તેઓ બોલેલા: 'નદીને સામે કાંઠેથી મેં પહેલવહેલું ભરૂચ જોયું ત્યારે મને એવો વિચાર આવ્યો કે આ લંડનનો જ કોઈ ભાગ છે!'

આગગાડી નહોતી ત્યારે જળવ્યવહાર જ ભરૂચનો અન્ય પ્રદેશો સાથેનો મુખ્ય વ્યવહારમાર્ગ હતો. નર્મદાના કિનારે દેશવિદેશનાં અનેક વહાણ નાંગરતાં. એ વેળા ફુરજા પર માલની ગાંસડીઓ નંખાતી તેની કતાર અર્ધા માઈલ જેટલી લાંબી થતી. ઈ. સ. ૧૮૬૨થી ભરૂચ રેલવે સ્ટેશન બન્યું ને નદી પર પૂલ બંધાયો. એ પૂલને ઈ. સ. ૧૮૬૪ની રેલમાં નુકસાન થવાથી ઈ. સ. ૧૮૭૭થી મોટો પૂલ બંધાવો શરૂ થયો, તે ઈ. સ. ૧૮૮૧માં પૂરો થયો. એની પાછળ પુષ્કળ ખર્ચ થવાથી તે 'ગોલ્ડન બ્રિજ' તરીકે ઓળખાવા લાગ્યો. તે પછી તો એથી યે મોટો તોતિંગ પૂલ એની બાજુમાં બંધાયો અને રેલવે તેના પર ગઈ.

નદીનાં પાણીને નજીકના દરિયાની ભરતીની અસર થવાથી પાણી અહીં ખારું અને ડહોળાએલું રહે છે, એથી એ પીવાના કામમાં આવતું નથી. આથી સામાન્ય રીતે ભરૂચનાં બધાં ઘરોમાં પાણીનાં ટાંકાં હોય છે, જેમાં સંઘરાએલું વરસાદનું પાણી બારે માસ પીવાના ઉપયોગમાં લેવાય છે. શહેરમાં અન્ય સ્થળે પાણીના છૂટાછવાયા કૂવા છે, છતાં ઉનાળામાં પાણીની મુશ્કેલી નડે છે. આ કારણથી જ ઔરંગઝેબે ભરૂચનું નામ 'સુકાબાદ' (Dry City) આપેલું.

પૌરાણિક શ્રીનગર આ ભરૂચનાં નરરત્નોની સમૃદ્ધિને પણ ઉલ્લેખીએ. ગુજરાતી કેળવણીના પિતા રણછોડલાલ ગિરધરલાલ ઝવેરી, તેમના પુત્ર ને અનેક ગુજરાતી શાળાઓના સ્થાપક રા. બ. મોહનલાલ ઝવેરી, અને તેમનાયે પુત્ર દી. બ. કૃષ્ણલાલ ઝવેરી, (અનુ. પૃ. ૪૦૪મે)

૪ એ વેળા ભરૂચ ગુજરાતનું મોટું ને સમૃદ્ધ બંદર હતું. એનાં મકાનો મોટાં અને ઊંચાં હતાં. યુરોપના એ સમયના સારા શહેરનાં મકાનો સાથે સરખાવાય એવાં ભરૂચનાં મકાનો હતાં, એમ એક ઇતિહાસકાર નોંધે છે. ભરૂચમાં એ વેળા ઊંચી જાતના રેશમનો સારો વેપાર હતો. પણ પોર્ટુગીઝ લશ્કરના સરદાર ડી મેનીઝીસે એનો નાશ એવો બારે કર્યો કે પોર્ટુગીઝ ઇતિહાસમાં તે 'મેનીઝીસ ભરૂચી' નામે પ્રસિદ્ધ થયો.

૫ ત્યારે ભરૂચના કોટની આસપાસની પાણી ભરેલી ખાડી ઉપર પશ્ચિમે ફુરજા તરફ ખેંચી લેવાય એવો જે પૂલ હતો તે અંગ્રેજોએ તોડી નાખેલો.

દમ

દાબી દીધેલો ગુસ્સો, નિરોધિત ચિંતા કે ગુનો પણ જેના કારણરૂપ હોઈ શકે તે ભયંકર

'માંદગીનાં મૂળ'ની લોકપ્રિય લેખમાળાનો ૪૪મો હપતો

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

માનવીને પીડતા વ્યાધિઓમાં કોઈ સૌથી વધુ ત્રાસજનક કહી શકાય તો તે 'દમ'. તે રોગી તેમજ તેનાં સગાં સૌને સરખાં ત્રાસ ને ચિંતા ઉપજાવે છે. આમાં રોગનું સ્થાન શ્વાસનળીઓ છે. હાંફ ને ઉધરસના આક્ષેપક (spasmodic) હુમલાઓ, ગૂંગળામણ ને છાતી તથા ગળામાં ભાર, આ એનાં ચિહ્નો છે. આ છે તો શ્વાસનળી ને ફેફસાંનો રોગ, પણ એનું ઉદ્‌ભવસ્થાન છે જ્ઞાનતંતુઓ.

દમના હુમલા વખતે શ્વાસોચ્છ્‌વાસમાં મુશ્કેલી ઊભી થાય છે. શ્વાસ લેવો મુશ્કેલ પડે છે; ઉચ્છ્‌વાસ પણ વધારે મુશ્કેલીભર્યો હોય છે. રોગી ઉપરાઉપરી છીછરા શ્વાસ લે છે. શ્વાસનળીઓની માંસપેશીઓ પર કાબૂ રાખનાર મગજમાંના વેગસ નામના જ્ઞાનતંતુ કોઈ કારણે ઉત્તેજાય છે, ત્યારે એ શ્વાસનળીઓને વીંટળાએલી માંસપેશીઓ સંકોચાય છે, ને તેમાં તાણ (spasm) ઊપજે છે. પરિણામે શ્વાસમાર્ગ સાંકડો બને છે. સાથે શ્વાસનળીઓની આંતરત્વચામાં સોજો આવી તેમાં લાંબા ગાળે પેદા થયેલા ચીકણા કફને લીધે તે વધુ સાંકડો બન છે.

વેગસ એ શીઘ્રવેદી (sensitive) જ્ઞાનતંતુ છે. તે નાક, નાકનાં સાયનસો, મગજ, હોજરી અને શ્વાસના માર્ગમાં ઉત્તેજના (એલર્જી) ઉપજાવી શકે છે. એના શીઘ્રવેદીપણાને લીધે દમ ઊપડી આવે છે.

એલર્જીની ઘટનાનું ઘણું ભયંકર રૂપ એ દમ છે. બીજી કશી રીતે માઠી અસરો નહિ પહોંચાડનારા પદાર્થો એલર્જીના રોગીને શીળવા, ઉપરાઉપરી છીંકો, આધાશીશી કે દમનો હુમલો આણનારા નીવડે છે. આ પદાર્થોમાં ઘરની ધૂળથી માંડી ફૂલોની પરાગ, ફૂલોની સુગંધ, કૂતરાં બિલાડાં વગેરે પ્રાણીઓની દુર્ગંધ, દૂધ ઈંડાં માછલી ને અન્ય ખોરાક, ભીની સૂકી કે ઠંડી હવાનો સપાટો—આવા નાનાવિધ પદાર્થો છે. નાકના મસા, હોજરી આંતરડાં ગુરદા કે મૂત્રાશય વગેરે અવયવોનો બગાડો કે આંખની ખેંચ પણ દમના કારણરૂપ થઈ પડે છે. આ રોગમાં માનસિક તત્ત્વ એટલું બધું તો મોટું હોય છે કે ફૂલોથી દમનો ભોગ થઈ પડતો રોગી કોઈ કૃત્રિમ ફૂલ સૂંઘે કે દમનો હુમલો આણનાર વસ્તુનાં ચિત્રો માત્ર જુએ તોપણ તેને દમ ચડી આવે છે! ગળાના ચોળિયા, નાકનાં સાયનસો કે ફેફસાંના જીવાણુઓ પણ જો વેગસ નસને પ્રદાહ (irritate) કરે તો દમનો હુમલો થઈ આવે છે. જુદી જુદી જાતની ચિંતાઓ પણ ઘણી વાર હુમલાનું કારણ બને છે.

આ રોગમાં વારસાગત તત્ત્વ મોટા પ્રમાણમાં હોય છે. મોટા ભાગે બુદ્ધિશાળી માણસોને થઈ આવતા આ રોગના રોગીના કુટુંબના બીજા સભ્યો આધાશીશી, શીળવા, ખરજવું કે બીજા 'એલર્જી' રોગથી પીડાતા હોય છે. બીજી એક એવી ધારણા પણ છે કે વારસામાં મળેલું મગજનું 'અતિશય ઉત્તેજક' શ્વાસકેન્દ્ર દમના કારણરૂપ છે.

દમ ઘણુંખરું બાળપણમાં શરૂ થાય છે. અગર તો 'બાળપણમાં ખરજવું સસણી કે વરાધના હુમલા થયા'નો દર્દીનો ઇતિહાસ હોય છે. છોકરીઓ કરતાં છોકરાને તે વધુ થઈ આવે છે. આ પ્રમાણ બે ને એકનું છે. પચ્ચીસની ઉંમર પછી દમનો પહેલો હુમલો જવલ્લે થાય છે.

દમના હુમલાની શરૂઆત ઓચિંતી જ થાય છે. રોગી સાજોસમો સૂઈ જાય છે અને રાતના બે વાગ્યાના શુમારે ગૂંગળામણ થવાથી તે જાગી જાય છે. શ્વાસ લેવાની મુશ્કેલી તેને ત્રાસ ઉપજાવે છે. ફિક્કો અને આતુર દેખાતો રોગી હથેળીઓમાં માથું પકડી આગળ ઢળતો બેસે છે, અગર તો બારીઓ ઉઘાડી નાખી વધારે હવા મેળવવા પ્રયત્ન કરે છે. શ્વાસાવરોધથી જાણે કે મોત માથે ઝઝૂમતું હોય તેમ રોગી પોતાની બધી શક્તિઓ શાંત અને સ્થિર કરી દે છે. શ્વાસ અવાજભરેલો (જે વ્હીઝી–wheezy–ના નામે ઓળખાય છે) અને જીવવા માટે તરફડિયાં મારનારો હોય છે. રોગી પોતાની બધી શક્તિ, ધ્યાન અને લાગણીઓ જીવનાધાર શ્વાસ માટે પૂરતા પ્રમાણમાં હવા લેવાના એકમાત્ર સંગ્રામમાં એકાગ્ર કરે છે. શ્વાસનળીઓમાં ભરાએલા કફને બહાર કાઢવા માટે ઉપરાઉપરી ઉધરસ ખાઈ શ્વાસ લેવા માટે એ બળપૂર્વક ઝઝૂમે છે. એનો ચહેરો ત્રાસભર્યો બને છે, ગળાની શિરાઓ તરી આવે છે અને શરીર પરસેવાથી નાહી ઊઠે છે.

દમનો હુમલો બે કલાક કે એથી વધારે ચાલે છે. તે પછી ધીમેધીમે તે બંધ પડે છે અને થાકેલો રોગી ઊંઘવા પડે છે. પણ આવા વારંવારના હુમલા ત્રાસજનક છે,—ખાસ કરીને જો એની ઉગ્રતા વધે અને ટકાવ (durability) લાંબો બને તો. આ વખતે રોગીને પીડા અને ત્રાસ થવા સાથે કુટુંબીઓને પણ અનહદ ચિંતા ઊપજે છે. ખરાબ હુમલા વખતે રોગી ડરી જઇને મરણનો ભય સેવે છે અને આ ઉશ્કેરાટમાં શ્વાસોચ્છ્‌વાસ વધારે બગડે છે. લાંબા વખતના રોગીના દેખાવ ઉપર દમની અસરો સ્પષ્ટ દેખાઈ આવે છે. આતુર ચહેરાવાળા, પાતળા બાંધાના રોગીની છાતી પહોળી અને ખભા ઉંચકાએલા હોય છે. મોટેભાગે દમિયલ માણસો બુદ્ધિશાળી હોય છે અને અતિશય અશક્ત બનવા છતાં પણ ઉચ્ચ દરજ્જો પામવામાં તે ફતેહમંદ નીવડે છે.

હુમલો શમ્યા પછી તો રોગી પાછો નરવો દેખાય છે; પણ રખેને હુમલો થઈ આવે એ ભીતિથી તે ભય–ઢીલા માનસનો (નર્વસ) બને છે. રોજ સૂતાં અગાઉ તેને હુમલાની બીક રહે છે અને ચોક્કસ તેમ થાય છે પણ ખરું! રોગી જાણે કે અવારનવાર ભભૂકી ઊઠતા કોઈ સૂતેલા જ્વાળામુખીની ધાર ઉપર રહેતો ન હોય એવું ભયત્રસ્ત જીવન જીવે છે. રોગ તેના અભ્યાસ તેમજ કામની આડે આવે છે, એથી તે કામકાજનું ક્ષેત્ર સંકોચી લે છે. નવાં કામ હાથ ધરવાની તો તેની હિંમત જ રહેતી નથી; માત્ર થોડાં જરૂરી કામ ધીમેધીમે અને ચોક્કસાઈથી કરે છે. બીજી બાજુ રોગના હુમલાથી પૂરતા પ્રમાણમાં ઊંઘ ન આવવાને લીધે તેનું આરોગ્ય કથળે છે. દમના હુમલા જોકે પ્રાણઘાતક તો નથી નીવડતા, પણ રોગ કાયમી (chronic) બનવાથી હૃદયરોગ કે એમ્ફીસીમા નામનો ફેફસાંનો બીજો રોગ થઈ આવવા સંભવ રહે છે.


આમાં રોગીએ વિવેકભર્યું જીવન જીવવા સાથે ખાસ વૈદકીય સારવાર લેવાની છે. પ્રથમ તો દમ થવાનું કારણ શોધાવું જોઇએ. તે લાંબી તપાસ અને પ્રયોગશાળામાં શોધખોળના પરિણામે જ જાણવા મળે છે, કારણ કે એનાં કારણ રોગી પરત્વે જુદાં હોઈ દરેક રોગીનો આગવીરીતે વિચાર કરવાનો હોય છે. એક રોગીને ભીની હવા માફક આવે છે, તો બીજાને ત્યાં વારંવાર દમના હુમલા ઊપડી આવે છે. દમના હુમલાનું સામાન્ય કારણ તો ઘરની ઊડતી ધૂળ, ખાસ કરીને પથારીની રજકણ અને વિલાયતમાં વપરાતાં પીછાંવાળાં ઓશીકાં છે. જિંદગીનો ત્રીજો ભાગ તો આપણે પથારીમાં જ ગાળીએ છીએ, એટલે આ હકીકતથી આપણને આશ્ચર્ય થવું ન જોઇએ. વળી એ પણ જાણવા જેવું છે કે ચાર હજાર ફૂટથી વધારે ઊંચાઇએ દમના હુમલા બંધ પડે છે, અને

શ્વાસોચ્છ્વાસની કસરતો ઘણા રોગીઓને ફાયદો કરે છે.


આ રોગ મટાડવાની ખાસ દવાઓ આવે જ છે. પણ તે સાથે આટલી બાબતો જાણવા જેવી છે: (૧) શરીરને થાક ન લાગવા દેવો; (૨) ભારે ખોરાક કદી ન ખાવો અને (૩) હૃદય મન પર લાગણીનો બોજો વધવા ન દેવો. માનસિક બોજા હેઠળના ફફડાટથી રોગી તરત હુમલાનો ભોગ થઈ પડે છે. ડૉ. ટૉમસ એન. ફ્રેન્ચ કહે છે 'દાબી દીધેલી ચીસ પણ દમના હુમલા રૂપે દેખા દે છે. તે આંખને બદલે ફેફસાંવાટે રૂએ છે.' આપણી ઘણી લાગણીઓ શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં પ્રદર્શિત થાય છે. ભય વખતે આપણા શ્વાસ થંભી જાય છે, તો ઉશ્કેરાટ વખતે તે ઝડપી બને છે. આપણી લાગણીઓનું તુમુલ યુદ્ધ શ્વાસ લેવાની અતિશયોક્તિભરી મુશ્કેલીના રૂપમાં રજૂ થાય છે. દાબી દીધેલો ગુસ્સો પણ દમ રૂપે દેખાય છે. નિરોધિત ચિંતા કે ગુનો પણ દમના કારણરૂપ બને છે. આ દૃષ્ટિએ રોગીએ જાતે જવાબદારી કે અન્ય સામાજિક બોજાઓ જેમ બને તેમ હળવા કરી દેવા જોઇએ અને સમ વૃત્તિ, શાંત પ્રકૃતિ અને પ્રસન્ન ચિત્ત રાખવાનું શીખવું જોઇએ.

રોગના હુમલાને એકદમ કાબૂમાં લાવનારી દવા 'એડ્રેનલીન' છે. આનું ઈન્જેક્શન લેવાથી તાત્કાલિક હુમલો શમે છે. એડ્રેનલીનની પિતરાઈ બીજી દવા 'એફેડ્રીન' છે. તે મોં વાટે લેવાની છે. આનાથી હૃદયના ધબકારા વધી જાય તો સાથે થોડું 'ફેનાબાર્બીટોન' લેવું. આને મળતી બીજી ગોળીઓ 'નોર-એડ્રેનલીન'ની છે. વળી એડ્રેનલીન અને નોર-એડ્રેનલીનની સીકર(spray) પણ વાપરી શકાય છે. કોર્ટીસોન અને એ.સી.ટી.એચ. પણ દમમાં ખાસ ઉપયોગી છે. કલાકો ને કલાકો પર્યંતના દમના હુમલા(slatus asthmaticus)માં જ્યારે રોગીનો જીવ જોખમમાં આવી પડે ત્યારે કોર્ટીસોન કે એસીટીએચ સંજીવની સમાન થઈ પડે છે. પણ આ દવાઓનો ગુણ કામચલાઉ રહે છે અને એ બંધ થાય કે રોગનાં ચિહ્નો દેખા દે છે. વળી આ બન્ને દવાઓ મોંઘી છે. એસીટીએચ ઈન્જેક્શન દ્વારા લેવાનું છે, કોર્ટીસોનની ગોળીઓ આવે છે; અને આ દવાઓ દાક્તરની સલાહ-દેખરેખ વિના લેવામાં કે ફાવે તેટલો વખત લેવામાં જોખમ છે.

બાળક રોગીની બાબતમાં ઘણી વાર એલર્જીની દવાઓ કરાવ્યા છતાં જ્યાં સુધી તે માબાપ પાસે રહે છે ત્યાં સુધી તેને દમના હુમલા સતાવ્યા કરે છે! આના કારણમાં બાળક પ્રત્યે માબાપની લાગણીની ઊણપ કે વધારેપડતી સાચવણી પણ હોઈ શકે. આવાં બાળકો અન્ય સ્થળે ખસેડવાથી ખાસ દવાઓ કર્યાં વિના પણ એને આરામ થઈ જાય છે. બને છે એમ કે એકલા રહેવાથી બાળકની માંદગીની કે તુચ્છકારાયાની બીક દૂર થાય છે, એને આંતરિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે અને થોડા મહિનાઓ પછી બાળક ઘેર પાછું ફરતાં એને દમના હુમલાના કારણરૂપ માનસિક બોજો સતાવતો નથી. (અનુસંધાન પૃષ્ઠ ૪૦૧)




કસરત ૧



કસરત ૨

શ્વાસોચ્છ્વાસની કસરતો: કસરત ૧: હાથા વગરની ખુરશી ઉપર બેસો. કાન સુધી ખભા ઊંચકો. પછી એવી રીતે નીચા લો કે જેથી ખભા, હાથ, ને આખી છાતી શિથિલ બને. આ વખતે ખુરશીમાં ઢગલો થઈ ન બેસવું, પણ ટટ્ટાર રહેવા સાથે માથું સીધું રાખવું. કસરત ૨: હાથ પડખાંને અડકીને રહે એ રીતે રાખી આંગળાં ખભા ઉપર મૂકો. પછી બંને હાથ આગળ આણી કોણીઓ એકઠી કરો. આ વખતે પણ ટટ્ટાર બેસવાનું ભૂલશો નહિ; પરંતુ બહુ અક્કડ ન રહેતા. પછી હાથ એટલા ઊંચા કરો કે આંગળાં કાનને અડકે. હવે કોણીઓ છૂટી પાડો ને હાથ ખભાની દિશામાં લઈ જાઓ. પછી ધીમેધીમે હાથ નીચા કરો કે જેથી પહેલાંની સ્થિતિમાં આવી જવાય. આ ને પહેલી કસરત કરવાથી ખભા, કરોડ તથા પાંસળીઓના સાંધા ઢીલા થાય છે. કસરત ૩: ખુરશીમાં ટટ્ટાર બેસો. એકદમ શરીર જમણા પડખે ફેરવી બંને હાથને ખુરશીની પીઠ ભણી લાંબા કરો. પાછા ગોળ ફરી ડાબા પડખે ફરી હાથ લાંબા કરો. આવું ઘણી વાર કરો. હાથ ઢીલા રાખી વહેતાં પાણીની જેમ હાથની તાલબદ્ધ ગતિ કરો. કસરત ૪: ખુરશીમાં બેસો. શરીર ઢીલું રાખો. હવે શ્વાસ બહાર કાઢવા માંડો. આ વખતે જેટલું બને એટલું નીચા નમો. હવે શ્વાસ અંદર લેવા માંડો, હાથ ઊંચા કરી બેઠા થાઓ. આવું દસ વાર કરો. કસરત: ૫ ખુરશીમાં બેસો. છાતીનો ઉપલો ભાગ ઢીલો રાખો. પેટની માંસપેશીઓ સંકોચાય તેમ શ્વાસ બહાર કાઢો. પછી અંદર શ્વાસ લો. આ વખતે પેટનો ઉપલો ભાગ શિથિલ રાખો; નીચલો ભાગ તંગ રાખો. હવા આવવાથી છાતીનાં હાડકાં નીચે કશું ઊપસી આવતું લાગશે.




કસરત ૩



કસરત ૪

એશિયાનો અદ્ભુત સૌંદર્યદ્વીપ બાલી

અગસ્ત્યને પગલે...**શ્રી નવનીત પારેખ**



નવેમ્બરની ૭મીએ વહેલી સવારે સુરબાયાની ઑરેન્જ-હોટેલ પરથી વિમાની મથકે જવા નીકળ્યો. ડાયરીમાં વાંચ્યું કે આજે કાર્તિક સુદ પાંચમ હતી. મારે માટે તો તે સાચે જ 'લાભપાંચમ' હતી. કેટકેટલાં વર્ષોની અભિલાષા આજે તૃપ્ત થશે અને હું બાલી દ્વીપ ઉપર ઊતરીશ. સવા સાતે ગરુડ ઍરવેઝનું વિમાન ઊપડ્યું અને થોડી જ પળોમાં પૂર્વ જાવાના જ્વાળામુખી પહાડો વિમાનની બારીમાંથી દૃષ્ટિગોચર થયા. અરધા કલાકમાં તો અમે જાવા તથા બાલીને છૂટી પાડતી સાંકડી સામુદ્રધુની વટાવી ગયા અને સાડા આઠે તો દક્ષિણ બાલીના વિમાનમથક 'દેન-પસાર' પર અવતરણ કર્યું. જે ધરતીની રજેરજમાં ઊંડી ધર્મભાવના, સૌમ્યતા તથા પ્રગાઢ કલાનિષ્ઠા ભર્યાં છે તે ભૂમિની વિમાનમાંથી જ વન્દના કરીને નીચે ઊતર્યો. પ્રતીક્ષાલયમાં જે થોડાંક સ્થાનિક લોકો એકત્ર થયાં હતાં તેમણે વિના પરિચયે પણ સ્મિત કરીને મારું સ્વાગત કર્યું અને જાણે હું સ્વદેશ જ પાછો ફર્યો હોઉં એમ ઘડીભર મને લાગ્યું. આવી ન સમજાય તેવી આત્મીયતા તો મેં કેવળ હિમાલયમાં જ અનુભવી છે.

અરધા કલાકમાં દેન-પસારની એકમાત્ર જાણીતી હોટેલ 'બાલી-હોટેલ' પર કોચ અમને મૂકી ગયો. ડચ શાસન દરમ્યાન વિખ્યાત K.P.M. કંપનીની માલિકીની આ હોટેલ હતી. આ મોટી ડચ કંપનીની શાખાઓ પૂર્વ એશિયામાં બધે વિસ્તરેલી છે અને તેનાં જ વહાણો ઇંડોનેશિયાનો બધો નૌકાવ્યવહાર ચલાવતાં હતાં. એક જ મોટા અને વિશાળ ભવનને બદલે બાલી-હોટેલ ત્રણચાર નાનાં ને છૂટાંછવાયાં મકાનોમાં વહેંચાએલી છે. બાલીદ્વીપના શાન્ત અને ગ્રામીણ વાતાવરણને તે બહુ અનુકૂળ છે. હૉંગકૉંગની પેનિન્શુલા-હોટેલ અને મનીલાની વિરાટ મનીલા-હોટેલમાં વ્યાપી રહેલા તંગ શહેરી વાતાવરણની કૃત્રિમતા ને કાંઈક ગૂંગળામણને સ્થાને અહીં ભારતના કોઈક આશ્રમના જેવી શાંતિ તથા નિશ્ચિન્તતા અનુભવાતાં હતાં. હોટેલના ભોજનાલયમાં પણ અહીંની સુંદર કલાકૃતિઓ ગોઠવેલી હતી. હોટેલના એક ભવનમાં મને એક સુંદર કમરો મળી ગયો. કમરામાં મધ્યમાં એક બાજુ પર એક જાળીવાળો ઉપ-ખંડ બનાવ્યો હતો. ઝીણી જાળીવાળો આ શયનખંડ એક મોટા પાંજરા જેવો લાગતો હતો, પરંતુ તેની ઝીણી જાળીને લીધે આ ભેજવાળા પ્રદેશના મચ્છરોના ઉપદ્રવમાંથી બચી જવાતું હતું ને તેમ છતાં બહારના શીતળ પવનની લહેરોને અંદર આવીને મને નિદ્રાધીન કરવામાં કોઇ અવરોધ નહોતો થતો. પાછળના ભાગમાં સ્નાનાલય હતું. તેમાં ત્વરાથી નાહી-પરવારીને એક ટાંગો (ડૉક્કા) કરીને હું દેન-પસાર ગામમાં ગયો. દેન-પસાર દક્ષિણ




• બાલીનો સૌથી ઊંચો ૧૦,૫૬૦ ફૂટ ઊંચો આ પર્વત ગુનુંગ આગુંગ સમગ્ર બાલીમાં સૌથી વધુ પૂજનીય પણ ગણાય છે.

બાલીનું મુખ્ય ગામ ગણાય છે. આસપાસ કેટલાંક નાનાં પણ અગત્યનાં ગામો આવેલાં છે જે દરેક બાલીની કોઈક વિશિષ્ટ કલા-કારીગરી માટે અનોખુ સ્થાન ધરાવે છે. સરખામણીમાં ઉત્તર બાલી કરતાં પણ દક્ષિણ બાલીના લોકો વધારે કલારસિક મનાય છે.

ટૅક્ષામાં હું શ્રી નરેન્દ્રદેવ પંડિતને ઘેર આવી પહોંચ્યો. મૂળ આપણા ઉત્તર-પ્રદેશના આ સેવાભાવી વિદ્વાન આજે આઠ-દસ વર્ષો થયાં અહીં બાલીમાં સ્થાયી થયા છે અને અહીં 'ભુવન-સરસ્વતી' નામની સંસ્થા ચલાવે છે. બાલીના કિશોર વિદ્યાર્થીઓ માટે સંસ્કૃતના વર્ગો ચલાવવા તથા અહીંના લોકોમાં શુદ્ધ હિંદુ ધર્મ વિષેની સાચી સમજ આપવી એ તેમનો પ્રધાન વ્યવસાય છે. વળી તેમણે વેદ વિષે બાલીના લોકોને સમજૂતી આપતી પુસ્તિકાઓ પણ લખી છે અને આ પ્રદેશમાં તેઓ ઘણા લોકપ્રિય થઇ પડ્યા છે. મારા દુર્ભાગ્યે, હું યોગ્યકર્તા હતો તે દરમ્યાન તેઓ અચાનક જયકર્તા ગયા હતા અને દેન-પસારમાં તેમને ત્યાં ગયો ત્યારે તેઓ ન મળી શક્યા; પરંતુ તેમની અનુપસ્થિતિમાં એક અઢાર-વીસ વર્ષના, દેખાવડા બાલી યુવકે સસ્મિત મારું સ્વાગત કર્યું. તેનું નામ હતું 'ઇડા-બાગુસ સંતોષ' અને તે પંડિતજીનો પટ્ટ શિષ્ય હતો. પંડિતજીની સાથે જ રહીને તે પોતાના અધ્યયન ઉપરાંત ભુવન-સરસ્વતીની પ્રવૃત્તિઓમાં પણ મદદ કરતો હતો. બાલીમાં બ્રાહ્મણ પુરુષોને 'ઇડા-બાગુસ' કહે છે જ્યારે બ્રાહ્મણ સ્ત્રીઓને 'ઇડા-એયુ' નામે સંબોધવામાં આવે છે. તે બંને શબ્દોનો અર્થ થાય છે, 'માનનીય તથા સુંદર'.

ઇડા-બાગુસ સંતોષ પહેલી જ નજરે મને ગમી ગયો, જાણે કે મારો નાનો ભાઈ જ ન હોય! દેખાવમાં પણ ઘઉંવર્ણો ને ગુજરાત કે ઉત્તર-પ્રદેશના કોઈ યુવક જેવો. હું તો ટૂંકમાં તેને 'સંતોષ' કહીને જ સંબોધવા લાગ્યો. સંતોષે ભુવન-સરસ્વતી તેમજ બાલી લોકોના વિનય (etiquette) વિષે પણ ઘણી રસિક માહિતી આપી. એ તો મારી સાથે એટલો હળી ગયો કે પૂરા ચાર દિવસ માટે પોતાનું ભણતર તથા બીજી બધી પ્રવૃત્તિઓ ને કોરાણે મૂકીને તે મારી સાથે રહ્યો અને પાંચમે દિવસે મેં બાલી છોડયું ત્યાં સુધી સળંગ મારા સાથી, ભોમિયા તેમજ દુભાષિયા તરીકે મારી સાથે જ ફર્યો. ભાઈ સંતોષ વિના મારી બાલીની યાત્રા સંતોષપૂર્ણ ન જ બનત.

સંતોષ તથા હું ટાંગામાં બાલી-હૉટેલ પાછા ફર્યાં અને હૉટેલના મૅનેજરે સહૃદયતાથી પોતાની મોટર થોડા સમય માટે અમને આપી તેમાં અમે દેન-પસારથી થોડેક દૂર સાગરતટે આવેલા સાનૂર નામના સ્થળે ગયા. મુંબઈના જુહુ-બીચ જેવો જ રમણીય સમુદ્રતટ અહીં હતો. કાંઠા ઉપર સાનૂર ગામ વસ્યું છે અને પાસે જ શ્રી લે-મેયૂર નામના વિખ્યાત ચિત્રકાર એક સુંદર ઘર બાંધીને રહે છે. શ્રી લે-મેયૂર મૂળ બેલ્જીઅમના, ને પચીસેક વર્ષ અગાઉ તેઓ પ્રથમ બાલી આવેલા. તેમના કલાનિષ્ઠ હૃદયને આ સૌંદર્ય-દ્વીપ ગમી જાય અને તે અવનિ ઉપરનું સ્વર્ગ જ લાગે તેમાં શું આશ્ચર્ય? તેઓ



ઈડા-બાગુસ સંતોષ


આવ્યા તે આવ્યા અને આ જ દ્વીપ ઉપર સ્થાયી થયા. પોતાની કલા-સાધના દરમ્યાન તેઓ કુ. પૉલૉક નામની નિપુણ નૃત્યાંગનાના પરિચયમાં આવ્યા અને બેઉ વચ્ચે ઉંમરમાં ઘણો ફેર હોવા છતાં પણ સ્નેહની ગાંઠ બંધાઈ. તેમના લગ્ને બાલીમાં ઘણો ઉહાપોહ મચાવ્યો ને તેમના ઉપર એકાદ વાર શસ્ત્ર વડે હુમલો પણ થયો હતો. અત્યન્ત સ્વમાની બાલી લોકોને આ લગ્ન એકદમ તો પસંદ ન પડે તે સમજી શકાય, પરંતુ વર્ષો જતાં તેમનાં સૌજન્ય તથા શુભનિષ્ઠા વિષે લોકોને ખાતરી થઈ અને તેઓ સર્વ લોકોના માનીતા થઇ ગયા.

થોડાં વર્ષો પૂર્વે મારા મુંબઈના મિત્ર અને પ્રસિદ્ધ કલાકાર શ્રી રુસ્તમ ચાવડા બાલી આવેલા ત્યારે શ્રી લે-મેયૂરને ત્યાં જ રહ્યા હતા અને તેમની પાસેથી ઘણી સહાય તથા માર્ગદર્શન મેળવ્યાં હતાં. મારા માટે પણ તેમણે ઉષ્માભર્યો પરિચય-પત્ર આપ્યો હતો જે લઇને મેં તેમના આંગણામાં પ્રવેશ કર્યો.

નાળિયેરીનાં વૃક્ષો તથા ચંપાનાં નાનાં ઝાડ વચ્ચે થઇને પગદંડી અમને તેમના ઘર તરફ લઈ ગઈ. બાલીની ઉષ્ણ આબોહવાને અનુકૂળ, ખુલ્લા ભાતવાળા બુશ-શર્ટ તથા ભાતીગળ ટૂંકા પાટલૂનમાં એક વૃદ્ધ સજ્જન બગીચામા ટહેલી રહ્યા હતા. મસ્તક પરના થોડાક રૂપેરી વાળ સાગર પરથી આવતી સમીરની લહેરોમાં ફરફરી રહ્યા હતા. મોં પરની કરચલીઓ તેમણે વટાવેલી સિત્તેરેક શરદની સાક્ષી પૂરતી હતી. તેઓ જ વિખ્યાત કલાકાર લે મેયૂર હતા. સસ્મિત વદને તેમણે અમને આવકાર આપ્યો ને મેં 'નમસ્તે' કરીને તેમના હાથમાં શ્રી ચાવડાનો પત્ર મૂક્યો. ચિઠ્ઠી વાંચીને તેમણે મુખ મલકાવ્યું અને હેતથી મારા ખભે હાથ ટેકવીને બોલ્યા: 'તમે ભારતથી બાલી આવ્યા તે બહુ જ સરસ કર્યું. યુરોપી લોકોના શાસનથી બાલીના લોકો ભારતને સાવ ભૂલી બેઠા છે અને આજે તો તેમણે જાવા, બૉર્નિયો, ચીન કે અમેરિકા વિષે જ સાંભળ્યું હોય છે. પ્રાચીન હિંદુ ધર્મને નિષ્ઠાપૂર્વક વળગી રહેલા બાલીના લોકોને તો આ જગતમાં તેઓ સાવ એકલા-અટૂલા હોય તેવી મૂંઝવણ થયા કરે છે, અને તેથી માતૃભૂમિ ભારત સાથે તેમનો સંપર્ક વધારવાની ખાસ જરૂર છે. તમે જરૂર બાલીમાં લાંબો સમય રોકાઇને ઘણા લોકોનો પરિચય સાધો અને પાછા ભારત જઈને ત્યાંથી બીજા મિત્રોને બાલી મોકલાવો.'

અમે ત્યાં જ બાલીના ધર્મ, ઇતિહાસ તથા સંસ્કૃતિ વિષેની ચર્ચામાં ઊતરી પડત, પરંતુ ઘરમાંથી તેમનાં પત્નીનો સાદ સંભળાયો ને તેઓ અમને પોતાનું ઘર બતાવવા અંદર લઈ ચાલ્યા. ત્યારે જ મેં જોયું કે શ્રી લે-મેયૂરના એક પગે ખોડ હતી અને તેમને ચાલવામાં કષ્ટ પડતું હતું. પાછળથી સંતોષે મને સમજાવ્યું કે તેમના ઉપર હુમલો થયો હતો અને તે ઘવાયા હતા તેના પરિણામ રૂપે આ ખોડ રહી ગઈ હતી.

આ કલાનિષ્ઠ દંપતીના ઘરમાં શી મણા હોય? ઘરની બાંધણી તથા અંદરની વ્યવસ્થા તેમની ઊંચી અભિરુચિ વ્યક્ત કરતાં હતાં. દીવાનખાના તેમજ બહારના ઉદ્યાનમાં ઠેરઠેર બાલીની ઉત્કૃષ્ટ શિલ્પકલાના નમૂનાઓ આકર્ષકરીતે ગોઠવ્યા હતા. ઘરની દીવાલ ઉપર તો તેમનાં પોતાનાં જ દોરેલાં તૈલ-ચિત્રો શોભી રહ્યાં હતાં. તેમણે પોતાનાં પત્ની શ્રીમતી પૉલૉક ને ભત્રીજી કુન્લે-મેયૂરનો પરિચય કરાવ્યો. પૉલૉક ચાળીસીએ પહોંચ્યાં હશે, પરંતુ કોઇ યુવતીને શોભે તેવી કાંતિ તથા સૌષ્ઠવ તેમનામાં હતાં. તેમની નૃત્ય-સાધના તો વર્ષોથી અખંડ, અવિરતપણે ચાલુ જ છે. લાક્ષણિક બાલી પોષાક ઉપરાંત માથા ઉપર તેમણે એક લાંબું લીલું વસ્ત્ર બહુ કલામય રીતે વીંટયું હતું. કુન્લે-મેયૂર તો સત્તરેક વર્ષની લાવણ્યમયી તરુણી હતી ને દોઢેક વર્ષથી તે બાલીમાં પોતાના કાકા સાથે રહેવા આવી હતી. તેણે બાટીકનું એક સુંદર સા-





મેયૂર દંપતી : શ્રીમતી પૅલૅાક તથા કલાકાર શ્રી લે-મેયૂર. મૂળ તો બેલ્જીયમના આ કલાકાર પચીસેક વર્ષ પર અહીં આવ્યા ત્યારથી જ અહીંના સૌંદર્યથી મુગ્ધ થઈ ગયા અને બાલીની નૃત્ય-રાણી શ્રીમતી પૅલૅાક સાથે લગ્ન કરી સાનુરમાં સ્થાયી થયા. જમણી બાજુ શ્રી મેયૂરનાં ભત્રીજી કુમારી લે-મેયૂર.

રંગ શરીરે લપેટ્યું હતું અને તેના ગળામાંની નાના સફેત મણકાની માળા તેના ગૌર વર્ણની ચારુતામાં ઉમેરો કરતી હતી. ભારતીય મહિલાની જેમ તેણે પણ ભ્રૂ મધ્યે નાનો ચાંદલો કર્યો હતો ને કોઈ નિર્દોષ બાલિકાની જેમ સ્મિત વેરતાં તે પણ અમારી વાતોમાં ભળી.

મારી વિદ્યાયાત્રા વિષે લંબાણ પૂછપરછ કર્યા પછી શ્રી લે-મેયૂરે બાલી વિષેનો પોતાનો માહિતીકોશ ધીમેથી ખોલવા માંડચો. મેં પણ કોઈ શિષ્યને છાજે તેવી શ્રવણભક્તિથી નોંધ ટપકાવવા માંડી. શરૂઆતમાં તો તેમણે બાલી દ્વીપની ભૌગોલિક પરિસ્થિતિ જ સમજાવી. વિષુવવૃત્તથી આઠ અક્ષાંશ દક્ષિણે આ રમણીય દ્વીપ આવેલો છે. ભારત દેશ પૃથ્વીની કેડ પર આવેલા એ કાલ્પનિક કંદોરાથી આઠ અક્ષાંશ ઉત્તરેથી શરૂ થાય છે, ત્યારે આ દ્વીપ તેટલો જ દક્ષિણે આવેલો છે. બાલીની પશ્ચિમે તો જાવાનો લાંબો, ફળદ્રુપ, કલા-સંપન્ન દ્વીપ પથરાયો છે, જ્યારે પૂર્વે લૅાંબોકનો નાનો ટાપુ તથા તેની યે પૂર્વે સમ્ભવ, ફ્લૅારિસ, ટિમોર તથા બીજા અસંખ્ય નાના-મોટા દ્વીપોની હારમાળા પથરાએલી છે. સુમાત્રાથી શરૂ કરીને છેક ઑસ્ટ્રેલિયા સુધી કોઈ સેતુ-બંધ સમી આવી રહેલી આ દ્વીપમાલાના મધ્યભાગે તેના મણિ-પદકની જેમ બાલીનો સૌંદર્ય-દ્વીપ સર્વ ટાપુઓમાં તેની કલાપ્રતિષ્ઠાને લીધે ઝળકી ઊઠે છે. બાલીના ઉત્તરે જાવા-સમુદ્ર ઊછળે છે જ્યારે દક્ષિણે તો હિંદી-મહાસાગરના તરંગો જાણે કે આ દેવભૂમિનું પાદ-પ્રક્ષાલન કરે છે.

ફક્ત બે માઈલ જેટલી સાંકડી સામુદ્રધુની જાવા તથા બાલીના દ્વીપોને છૂટા પાડે છે. આ વિષે એક રસિક દંતકથા શ્રી લે-મેયૂરે સંભળાવી. પ્રાચીન કાળમાં જાવા તથા બાલી એક સાંકડી સંયોગી-ભૂમિ વડે જોડાએલા હતા અને પૂર્વ-જાવાના એક સમ્રાટની આણ અહીં બધે વર્તતી. આ સમ્રાટનો એક રાજપુત્ર અધમ પાકચો એટલે સમ્રાટે તેને બાલી પ્રદેશ પર દેશનિકાલ કરવાનો નિરધાર કર્યો. સમ્રાટ તેને લઇને આ સંયોગીભૂમિના સૌથી સાંકડા ભાગ પર આવ્યા અને જેવો રાજકુમાર તે પર થઇને બાલી પ્રદેશમાં ગયો કે સમ્રાટે પોતાની તર્જની અંગુલિ વડે રેતી પર આડી લીટી દોરી. એટલે બંને બાજુના સમુદ્રો મળી ગયા અને ત્યારથી બાલી એક દ્વીપ બની ગયો. આજે પણ બાલીનો સાગર-કાંઠો મુખ્યત્વે ખડકવાળો છે અને તેની આસપાસનો સમુદ્ર બહુ જોખમી ગણાય છે. મોટાં વહાણોને લાંગરવાનું કુદરતી બંદર તો કશે જ નથી ને આ ભૌગોલિક પરિસ્થિતિને લીધે જ બાલી આસપાસના બીજા ટાપુઓ તથા પરદેશની અસરમાંથી મુક્ત રહી શકચો છે. મલાયા, જાવા-સુમાત્રા તથા ઇંડોનેશિયાના બીજા ટાપુઓ પર મુસ્લિમ આક્રમણકારો ફરી વળ્યા છતાં બાલી તેમાંથી ઊગરી ગયું ને પાછળથી જાવા-સુમાત્રા પર સૈકાઓ સુધી રાજ્ય કરતા ડચ શાસકો પણ છેક સન ૧૮૮૨માં જ ઉત્તર-બાલી તથા સને ૧૯૦૬માં દક્ષિણ-બાલી જીતી શકચા.

બાલી-દ્વીપનો કુલ વિસ્તાર આશરે બે હજાર ચોરસ માઈલનો છે અને તેમાં કેટલાક જ્વાળામુખી પહાડો આવેલા છે. તેમાંના ઘણાખરા તો શાન્ત, મૃત છે, પરંતુ ગુનુંગ-બટુર નામનો જ્વાળામુખી આ સૈકામાં જ બે વાર—૧૯૧૭માં તથા ૧૯૨૭માં—ભભૂકચો હતો અને ઘણાં મનુષ્યો, પશુઓ, મંદિરો તથા ઘરોનો સંહાર થયો હતો. અમારી વાતચીતમાં ભાગ લેતાં ઈડા-બાગુસ સંતોષે બાલીના પહાડો વિષે એક કિંવદંતી સંભળાવી. ચાર-પાંચ સૈકાઓ પૂર્વે જ્યારે સમગ્ર જાવા-દ્વીપ વિધર્મી મુસ્લિમોને હાથ જઈ પડચો ત્યારે જાવામાં વસતાં બધાં હિંદુ દેવ-દેવીઓ યવદ્વીપને છોડીને બાલી-દ્વીપ પર આવી વસ્યાં અને પોતાના નિવાસ માટે આ ઊંચા પર્વતોનું નિર્માણ કર્યું. સૌપ્રથમ તો દેવોએ બાલીની મધ્યમાં ગિરિરાજ ગુનુંગ-આગુંગ ઊભો કર્યો અને તેની ચાર દિશાએ ચાર પહાડોની રચના કરી—ઉત્તરે બાટુર, પૂર્વે લૅાંમ્બોક ટાપુમાં રૈંચની, દક્ષિણે બુકિટ-પેચતુ તથા પશ્ચિમે બાટુકો. સંતોષે ઉમેર્યું કે પ્રાચીન બાલી ગ્રંથ 'ચતુર્યોગ'માં આ વિષેની આખ્યાયિકા આવે છે. આ ચારે પહાડો પોતપોતાના પ્રદેશમાં ઘણા પવિત્ર મનાય છે, પરંતુ ૧૦,૫૬૦ ફીટ ઊંચો બાલીનો આ સૌથી ઉત્તુંગ પર્વતરાજ ગુનુંગ-આગુંગ સમગ્ર બાલીમાં સૌથી પૂજનીય ગણાય છે. આ જ પહાડના દક્ષિણ ઢોળાવ ઉપર બાલીનું શ્રેષ્ઠ મંદિર-વૃંદ પુર-બેસાકીહ આવેલું છે જે બાલીનાં બધાં મંદિરોની માતા સમું પૂજાય છે. નગાધિરાજ ગુનુંગ-આગુંગ સમગ્ર જગતનું નાભિ-સ્થાન તેમજ આ વિરાટ વિશ્વનો મહામેરુ પણ મનાય છે, અને બાલીનાં ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય તથા



શ્રી લે મેયૂરને ત્યાં રહેતી બે બાલી યુવતીઓ

પુરાણોમાં તેનું સ્થાન આપણા કૈલાસ કે મેરુ પર્વત કરતાં યે ચડિયાતું છે.

આપણા વિષ્ણુપુરાણ યા પદ્મપુરાણ જેવા આ હસ્તલિખિત ગ્રંથ ચતુર્યોગમાં વિશ્વની ઉત્પત્તિ વિષે પણ એક લાંબી પરંતુ બહુ નોંધપાત્ર કથા આવે છે, જે ભારતીય માન્યતા પરથી જ સ્પષ્ટ રીતે ઊતરી આવેલી છે. તે કહે છે કે આરંભમાં તો સર્વત્ર શૂન્યતા જ વ્યાપી રહી હતી. પછી એક વિરાટ સર્પ અન્તભોગ (આપણો અનન્ત—શેષનાગ) ઉત્પન્ન થયો, જેણે ધ્યાન દ્વારા એક મહાકૂર્મ 'બેડાવાંગ' તથા તેને વીંટળાઈ વળેલા બે સર્પો ઉત્પન્ન કરી, તેને જગતના પાયારૂપે સ્થાપી સંસારની રચના કરી. આ વિરાટ કાચબા ઉપર એક કાળા પથ્થરનું ઢાંકણ છે જેની નીચે પાતાળ આવેલું છે. આ પાતાળમાં દેવ ભટ્ટારકાલ તથા તેમનાં સહચરી દેવી સેતેસુયારા તેમજ પ્રતાપી વાસુકિ નાગ રહે છે. આ ભટ્ટાર-કાલે પૃથ્વીમાતા તથા તેના ઉપરનો સાગર તેમજ તેની યે ઉપરના વાતાવરણ તથા વિવિધ આકાશની રચના કરી. મધ્યના 'શૂન્યાકાશ'માં 'ઈશ્વર'નો નિવાસ છે, જ્યારે તેની પર કામદેવ 'સેમર' (સ્મર) વસે છે, અને તેની યે ઉપરના શ્યામ આકાશમાં 'સૂર્ય' દેવ રહે છે. વળી તેની યે ઉપર, અત્યંત સુંદર પુષ્પોથી ઊભરાતા સુગંધી આકાશમાં માનવ-મુખી 'ચાક' પક્ષી તથા 'તક્ષક' નાગ વસે છે. આપણે ત્યાંના શ્રીમદ્ ભાગવતમાં પરીક્ષિત રાજાને દંશથી મારનાર તક્ષક નાગને તેમનો પુત્ર જન્મેજય રાજા યજ્ઞ દ્વારા ખેંચી આણે છે એવી કથા આવે છે, જ્યારે બાલીના આ તક્ષક નાગને તો પાંખો તથા પગ પણ છે અને તે ઊંચા આકાશમાં વસે છે. તેથી યે ઉપરનું આકાશ પિતૃ-લોકોનું સ્વર્ગ મનાય છે અને સૌથી ઉપર તો અપ્સરાઓનું ધ્યાન રાખતા દેવો જ વસે છે.

ભારતનાં ધર્મશાસ્ત્રો તથા પુરાણોને પૂર્વ-એશિયાના વિવિધ દેશોના લોકોએ અપનાવ્યા પછી કાળે કરીને તેમાં પાઠભેદ થયા છે તેમજ તે તે પ્રદેશના લોકોની અભિરુચિ તથા મનોભાવ પ્રમાણે તેમાં નવા ફકરા તથા નવી આખ્યાયિકાઓ ઉમેરાયાં છે; છતાં તેનું મૂળ સ્વરૂપ તથા તેની મુખ્ય વિચારધારાઓ તો કાયમ રહ્યાં છે.

ભૂગોળવેત્તાઓ બાલી દ્વીપને જ એશિયાનો અંતિમ પ્રદેશ ગણે છે કારણકે અહીં જ એશિયાનાં આખરનાં જંગલો, હરિયાળાં ડાંગરનાં ખેતરો, વાઘ, અજગર તેમજ વાંદરાઓ જોવા મળે છે. બાજુ ઉપરનો જ લૉમ્બોક દ્વીપ ઑસ્ટ્રેલિયા જેવો સુક્કો, વેરાન તથા ઉજ્જડ ભાસે છે. વિષુવવૃત્તની પાસે જ આવ્યો હોવાથી બાલીની આબોહવા ઘણી સમધાત રહે છે, તથા દિવસ ને રાત્રિ પણ આખું યે વર્ષ લગભગ સરખાં રહે છે. આ દ્વીપ દક્ષિણ ગોળાર્ધમાં આવ્યો હોવાથી અહીં ચોમાસું આપણી દિવાળી પછી શરૂ થાય છે. પરંતુ બાલીના પશ્ચિમ વિસ્તારમાં વરસાદ નહીંજ પડતો હોવાથી ત્યાં લોકવસતિ નહિવત્ છે.

બાલીના લોકો મોટા મહાસાગરમાં આવેલા એક રમણીય દ્વીપમાં વસતા હોવા છતાં તેઓ સાગરપ્રેમી નથી અને સમુદ્રને અશુભ તથા ભયંકર ગણે છે તે એક અજાયબી છે. તેઓ તો પર્વત-ભક્ત છે ને પહાડોને દેવોનું ધામ ગણે છે, જ્યારે સમુદ્રને રાક્ષસોનું! તેથી જ બાલીના લોકોમાં ભાગ્યે જ કોઈને તરવાનો શોખ હોય છે ને ક્વચિત જ કોઈ મત્સ્યાહાર કરતું જોવા મળે છે!

અમારો વાર્તાલાપ ચાલતો હતો તે દરમ્યાન મેયૂર-દંપતી સાથે જ રહેતી અને તેમને ઘરકામમાં મદદ કરતી બે બાલી યુવતીઓ બાગમાંથી એકએક થાળમાં ચંપાનાં ફૂલો વીણી લાવી અને તેમને બહુ કલાત્મક રીતે ગોઠવીને પાસેના મંદિરે ચડાવી આવી. પાછાં આવીને તેઓ રસોડામાંથી અમારે માટે કેળના પાંદડાના આકર્ષક બીડામાં લપેટીને બાલીની એક વિશિષ્ટ મીઠાઈ લઈ આવી. તાજા નાળિયેરની મલાઇમાં તજ તથા લવિંગનો સહેજ ભૂકો ભેળવીને તે બનાવી હતી ને અત્યંત સ્વાદિષ્ટ હતી. સાથે પીવા માટે સુંદર પાત્રમાં નાળિયેરનું ઠંડું પાણી પણ હતું. ભાષાની મુશ્કેલીને લીધે હું તેમની સાથે સંભાષણ તો ન કરી શક્યો, પરંતુ સ્મિત વડે મારો આભાર વ્યક્ત કર્યો.

બપોર થવા આવ્યા હોઈ અમારે દેન-પસાર પાછા ફરવાનું હતું. પરંતુ બીજે દિવસે સવારે શ્રીમતી પૉલૉકે પોતાના બગીચામાં વિવિધ બાલી-નૃત્યો કરી બતાવવાનું કબૂલ્યું જેથી રંગીન ફોટો તથા ફિલ્મ મારાથી લઈ શકાય. વળી વિખ્યાત કેબિયાર નૃત્યકાર શ્રી રેન્ધીને પણ તેઓ બોલાવશે એવી આશા આપી, પછીનું બપોરનું ભોજન પણ મારે તેમની સાથે જ લેવાનું ઠર્યું. બે કલાકના જ પરિચયે હું તેમનો કુટુંબીજ ન હોઉં તેવાં સ્નેહ તથા આત્મીયતા અમારી વચ્ચે બંધાઈ ગયાં.

શ્રી લે-મેયૂરમાં કોઈ મહાન કલાકાર કે તપસ્વીને છાજે તેવી સૌમ્યતા, સરળતા તથા સહૃદયતા હતાં. સૌજન્ય તથા વાત્સલ્યની તો એ મૂર્તિ જ હતા. શાંતિનિકેતનમાં કલા-ગુરુ નંદલાલ કે કલકત્તામાં કલાવિદ્ યામિની રાયના નિવાસસ્થાને તેમને નિરાંતે મળ્યો હોઉં તેવો જ આનંદ તથા સંતોષ આ સુભગ પ્રભાતે મને મળ્યો. (ચાલુ)

આંકડાની માયા

દેશનાં શહેરોની વસતિ	૧૬,૪૦,૦૦,૦૦૦
ઘરડાં બુઢ્ઢાં	૪,૫૦,૦૦,૦૦૦
બાકી	૧૧,૯૦,૦૦,૦૦૦
નાનાં બાળકો	૫,૭૦,૦૦,૦૦૦
બાકી	૬,૨૦,૦૦,૦૦૦
સરકારી નોકરો	૨,૮૦,૦૦,૦૦૦
લશ્કરી નોકરો	૧,૦૦,૦૦,૦૦૦
અર્ધ સરકારી નોકરો	૨,૦૦,૦૦,૦૦૦
બાકી	૪૦,૦૦,૦૦૦
માંદા, ઈસ્પીતાલમાં	૩૮,૦૦,૦૦૦
હરામખોર	૧,૭૫,૦૦૦
જેલોમાં તથા ગાંડાની ઈસ્પીતાલોમાં	૨૪,૯૯૮
બાકી: જેમની દ્વારા દેશનો વ્યવહાર ચલાવવાનો છે.	૨


(જ્ઞાનોદય)

એટલે કે તમે ને હું!

કલાનું ધ્યેય ઉદાત્ત હોય છે. માનવી માત્ર રોટલાથી જ જીવતો નથી. વિજ્ઞાન ને ટૅકનોલૉજીની વિપુલતાનો યે આપણે લાભ ઉઠાવવાનો છે એ ખરું; પરંતુ જો આપણો આત્મા ખરબચડો બનતો જશે અને આપણાં મન વિકૃત બનશે તો એનાં પરિણામ સંતોષકારક નહિ આવે. કલા, સાહિત્ય, સગીત અને નૃત્ય એ સર્વ આપણી ઊર્મિઓની સંસ્કારિતા માટે, આપણી ભાવનાના ઊર્ધ્વીકરણ માટે અને આપણાં મનના વિકાસ માટે જરૂરી છે. —પં૦ ગોવિંદ વલ્લભ પંત

બાટિકકામ કરેલો
રેશમી કાપડનો

સુંદર સુશોભનવાળો
લૅમ્પશેઈડ



મોહિની બક્ષી

કલાવાર્તા

કલાકાર મોહિની બક્ષી

ગુજરાતના સામાજિક વિકાસના પ્રકાશમાં કૈંક નારીરત્નો ચમકચાં છે. યુગોનાં અંધારાં પછી નારીજીવનનાં વિસ્મૃત મૂલ્યો પ્રજા ફરી પિછાનતી થઈ છે. શિક્ષણ, રાજકારણ, સાહિત્ય કે કલાઓમાં પુરુષ સમોવડી કક્ષાએ પહોંચીને જેણે ભારતમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે એવાં ગણનાપાત્ર નામોમાં કલાના ક્ષેત્રે શ્રીમતી મોહિની બક્ષીનું નામ ઉમેરાયું છે.

આ કક્ષાએ પહોંચવા માટે તેણે જે યોગ્ય સાધના અને પ્રતીક્ષા કરી છે તેનો સુયોગ્ય બદલો તેને મળ્યો એ જેમ તેનું સદ્‌ભાગ્ય છે, એવું જ બીજું સદ્‌ભાગ્ય તેનું એ છે કે કલાની સરખી જ ભાવના અને સફળતાથી સંપન્ન એવા યોગ્ય જીવનસાથી તરીકે તેને શ્રી દિલીપ બક્ષી જેવા તરુણ ને તેજસ્વી કલાકાર મળી ગયા છે. આગલી પેઢીના સાક્ષરો, વિદ્વાનો, કવિઓ કે કલાકારોનાં જીવનમાં ભાગ્યે જ ભાવનાનું આવું સાયુજ્ય બન્યું હશે.

સૂરતના એક સાધારણ સ્થિતિના પણ સંસ્કારી ગૃહસ્થ મનહરલાલ દીવાનનાં પાંચ બાળકો (એક પુત્ર અને ચાર પુત્રીઓ) પૈકીની એક મોહિનીનો જન્મ થયો હતો. એણે અંગ્રેજી ચાર ધોરણ સુધી ત્યાં જે અભ્યાસ કર્યો તેમાં સદા પ્રથમ રહેતાં આવીને પોતાના વિદ્યાપ્રેમની પ્રતીતિ આપી દીધી હતી. તે પછીનો અભ્યાસ મુંબાઈમાં પૂરો કરીને મૅટ્રિક થઈ તેણે દાક્તર થવાની મહેચ્છાએ કૉલેજના વિજ્ઞાન વિભાગમાં પ્રવેશ મેળવ્યો; પણ કેટલાં જણના અભ્યાસનો



જેમનું પૂર્ણરંગી મુખચિત્ર આ અંકમાં છે.


આર્થિક બોજો કુટુંબ પર આવે છે તેનો વિચાર કરીને, ટૂંક સમયમાં પોતાના પગ પર ઊભા રહી શકાય તેમજ કુટુંબને પણ મદદરૂપ થઈ શકાય એ આશયથી મુંબાઇની સર જે. જે. (જમશેદજી જીજીભાઇ) કળાશાળાના કમર્શિયલ આર્ટ (ધંધાર્થી કલા)ની શાખામાં જોડાયાં, જ્યાં ભાઈ દિલીપ પણ આગળના વર્ષમાં અભ્યાસ કરતા હતા.


એ બંનેને અનુભવે સમજાયું કે કમર્શિયલ (ધંધાર્થી) કલાનું મૂલ્ય સાચી ફાઈન આર્ટ- (લલિત કલા)ના અભ્યાસ વિના કશું નથી. દિલીપે તો બંને વિભાગોમાં અભ્યાસ કરી સફળતા મેળવી લીધી. મોહિનીએ ઘર આગળ મહેનત કરીને અપકવ આલેખનશક્તિને સુધારી લીધી, ને ૧૯૫૪માં ડિપ્લોમા મેળવ્યો. સાથેસાથે, કળાની પ્રવૃત્તિમાંથી કાંઈક ઉપાર્જન કરવાના આશયથી એક શિક્ષક પાસેથી કપડા પર બાટિક ચિત્રછાપ ઉતારવાનો કસબ પણ શીખી લીધો; ને મોટા ઑર્ડરોની રાહ જોયા વિના સાદાં કલાસ્વરૂપો ને મોહક રંગયોજના દ્વારા પોતાની નવી સર્જેલી ભાતો તથા આલેખોવાળાં ટેબલક્લૉથ, સાડી, ચોળી, સ્કાર્ફ (પિછોડી), પડદા વગેરે ગૃહજીવનને ઉપયોગી કાપડના નમૂનાઓ તૈયાર કરવા માંડચા; અને તેનાથી આકર્ષાઇને મુંબાઈની એક નામાંકિત પેઢીએ તેમના કામનાં ઘણાં ડિઝાઈન છાપ્યાં, જે ખૂબ લોકપ્રિય બન્યાં. વળી રેશમ ઉપર બાટિકની ઢબે ચિત્રો અને દશ્યો ઉતારવાની એક નવી રૂઢિ યે કાઢી. એમની આ પ્રામાણિક કલાભાવનાની કદર થયા વિના પણ ન રહી. બૉમ્બે આર્ટ સોસાએટી (મુંબાઈ કલાસંઘ) સમસ્ત અને મુંબાઈરાજ્ય કલાપ્રદર્શનોમાં તેમની કૃતિઓ પારિતોષિક પણ જીતી ગઈ.

શાળાના અભ્યાસથી સંતુષ્ટ ન રહેતાં તેમણે અનુભવ અને શક્તિનો વિકાસ કરવા મુંબાઈ ને મુંબાઈની આસપાસના પ્રદેશોમાં અવારનવાર ઘૂમીને ત્વરિત નોંધો (સ્કેચિંગ) વડે પોતાનાં જ્ઞાન ને તાલીમ વધાર્યાં જ કર્યાં. એ ઉપરાંત તકો મળતાં અજંટા, ઈળુરા, મ્હૈસૂર, ઉટાકામંડ, કોડાઈકેનાલ, ત્રિવંદ્રમ્ ને કન્યાકુમારી સુધી પ્રવાસો કરીને અભ્યાસમાં ભારતીય સંસ્કૃતિના પ્રવાહનો પાશ આપ્યો.

ડિપ્લોમા મળ્યા પછી થોડા જ માસમાં તેમને ઇષ્ટ માર્ગે જવાની તક મળી. ભારત સરકારના હાથવણાટ સંઘ (હૅન્ડલૂમ બોર્ડ)ના મુંબાઈ કેન્દ્રમાં તેને નોકરી મળી ને આમ, જીવનનિર્વાહ માટે ચિંતામુક્ત બનવાથી એ કેન્દ્રમાં તેમણે એક વર્ષમાં તો કાપડ ઉપર વિવિધ નવીનતાઓ ઉત્પન્ન કરી.

પછી અભ્યાસકાળના પરિચયના પરિણામે થએલી દિલીપ બક્ષી સાથેની મૈત્રી જીવનસાયુજ્યમાં પરિણમી અને એ દિલ્હી જઈ વસ્યાં, જ્યાં આજે એ 'ઈન્ડિયન કોઑપરેટિવ યૂનિયન' નામની સંસ્થામાં કલાકાર તરીકે





મોહિની બક્ષીનું કાપડ પરનું બાટિક કામ

કામ કરે છે. સ્વતંત્ર કલાકાર તરીકે સફળતા મળે કે ન મળે છતાં મનના આનંદ ને સંતોષ માટે કામ કરતા રહેવાની તેમને સદા ધગશ ને ભાવના રહી છે અને તેમની કૃતિઓ આધુનિક ઢબની હોવા છતાં તેમાંથી ભારતીય તત્ત્વ ઊડી જતું નથી એ એમનો ગૌરવપ્રદ ગુણ છે.

દેશનાં સ્ત્રી કલાકારોની અતિ ન્યૂન સંખ્યા પૈકીનાં મોહિની બક્ષી બહુ જ નાની ઉંમરે સારી સફળતા મેળવી શક્યાં છે. ૧૯૫૫થી બૉમ્બે આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં તેઓ નિયમિત એક ઇનામ મેળવતા જ રહ્યાં છે. ૧૯૫૬માં નવી દિલ્હી ખાતે યુનેસ્કો પરિષદ વખતે યોજાએલા ભારતીય કલાકારોના પ્રદર્શનમાંથી તેમનું એક ચિત્ર બેલજિયન એલચી ખાતાએ ખરીદેલું. બીજાં ચારેક ચિત્રો પરદેશી સંગ્રહોમાં ગયાં છે; ને છેલ્લે, ચાલુ વર્ષે ૧૯૫૮ના રાષ્ટ્રીય કલા પ્રદર્શનમાં તેમનાં ત્રણ દૃશ્યચિત્રો સ્થાન પામીને તે પૈકીનું એક તો અગ્રગણ્ય પીઢ કલાકારોની સ્પર્ધામાં 'અતિ પ્રશંસાપાત્ર' નું પ્રમાણપત્ર મેળવી ગયું, જે પછીથી દિલ્હીની 'નૅશનલ આર્ટ ઍકેડમી'એ પોતાના સંગ્રહ માટે ખરીદી લીધું છે.



સુરતના મ્યૂઝિયમની મોટી કલાસામગ્રીમાં પાંચસો વર્ષ પહેલાંની (ઈ. ૧૪૪૬ની) જૈન તીર્થંકરની આરસ પ્રતિમા છે.

આમ છતાં એક રંજ રહ્યા કરે છે કે દેશનો જે શ્રીમંત વર્ગ કલા અને કલાકારોમાં રસ લઈ ભારતીય કલાના ઉત્કર્ષનો યશ લઈ શકે એવો છે તે અલિપ્ત અને સુષુપ્ત છે, અને પરિણામે કલાના ઘણા સુંદર નમૂના દેશમાં જળવાઇ ન રહેતાં પરદેશમાં ખેંચાઈ જાય છે.

મોહિની બક્ષીમાં સ્ત્રીસુલભ નમ્રતા, વિવેક અને ઉત્સાહ ભર્યા છે, ને કલાસૌરભથી ભરેલા દાંપત્યમાં એમની કળા હજુ પણ અવનવા પ્રકારોથી દીપ્તિમાન થતી રહેશે એવી આશા રહે છે.

—રવિશંકર રાવળ

ભારતનાં કલામંદિરો—૧

સૂરતનું વિન્ચેસ્ટર મ્યૂઝિયમ

ભારતનાં વિવિધ નગરો તથા પાટનગરોમાં મળીને ઓછામાં ઓછાં પચ્ચીસ તો એવાં ગણનાપાત્ર સંગ્રહાલયો (મ્યૂઝિયમ) હશે, જ્યાં એતદ્દેશીય કલાપરંપરાના ઉત્કૃષ્ટ નમૂના સંઘરાયા હોય. આ અંકથી શરૂ થતી એની આ પરિચયમાળામાં આપણા ગુજરાતથી શરૂ કરીને સૂરતના વિન્ચેસ્ટર મ્યૂઝિયમનો આછો ખયાલ આપીએ છીએ. આશા છે કે એ ખયાલ, જીવનમાં કોઇ વાર તક મળે ત્યારે, અગર એવી તક ઊભી કરીને, એમાંના આપણા સંસ્કારવારસાનો અભ્યાસ કરવા વાચકોને પ્રેરશે.

ઈ. ૧૮૯૦માં સ્થપાએલા સૂરતના વિન્ચેસ્ટર મ્યૂઝિયમને તો સૂરતના જ નાગરિકો ને મ્યુનિસિપાલિટીએ અસ્તિત્વમાં આણ્યું, વિકસાવ્યું, નિભાવ્યું અને ભારતનાં મુખ્ય મુખ્ય


પ્રદર્શનાલયોની હરોળમાં આણ્યું. એ ઉપરથી એને 'જનતાનું પ્રદર્શનાલય' કહી શકાય.

અત્યારે એ પ્રદર્શનાલય જ્યાં છે તે આધુનિક ઢબનું મકાન પણ નાગરિકોએ જ પૂરા પાડેલા ભંડોળમાંથી, રૂા. એક લાખ ઉપરાંતના ખર્ચે બાંધવામાં આવ્યું છે; ને પ્રદર્શન માટેના ૯૦૦૦ નમૂનામાંથી પણ લગભગ ૬૦૦૦ જેટલા તો સૂરતના શહેરીઓ તરફથી જ ભેટ મળેલા છે. બાકીના ખરીદ કરેલા છે અગર તો ધીરવામાં આવેલા છે.

નમૂના પણ વિવિધ પ્રકારના છે. દેશના કોઈ પણ સંગ્રહાલયને ટક્કર મારે એવા એના વણાટવિભાગમાં ખાદીથી શરૂ કરીને ઢાકાની મલમલ, ઊંચા રાજશાહી કિનખાબ, તણછાઇ, મશરૂ, એલાયચા, ખીરોદક, ગજી, બાંધણી, પટોળાં, બંગાળુ, ધાટડી, છાયલ, કિસમકિસમની હાથછપાઇનું કાપડ, જરી-ઉદ્યોગની સમજ આપતા જરીકસબની કારીગરીના નમૂના, સૌરાષ્ટ્ર કચ્છ અને સિન્ધનું નામચીન ભરતકામ, પૌરાણિક પ્રસંગોના આલેખનવાળી વણેલી તેમજ હાથ-છપાઈની વિવિધરંગી સુંદર પિછવાઇઓ વગેરેનો સમાવેશ થાય છે.

બીજા એક વિભાગમાં રાજપૂત, મુઘલ, ગુજરાતી અને કાંગડા શૈલીનાં મૂલ્યવાન પ્રાચીન રંગચિત્રો તેમજ હાથીદાંત ઉપર કરેલાં લઘુ કદનાં મુઘલ રંગચિત્રો તથા તસ્વીરો (મુઘલ મિનિયેચર્સ ઑન આઈવરી) જોવામાં આવે છે.





સૂરતના વિન્ચેસ્ટર મ્યૂઝિયમમાં ગુજરાતના ધાતુકામના શ્રેષ્ઠ નમૂના સંઘરાયા છે તે પૈકી (ઉપર) અષ્ટભુજ ગણેશની તથા (બાજુએ) શોભિત દીપલક્ષ્મીની મૂર્તિઓ

બીજા એક વિભાગમાં જૈન ધર્મને લગતાં કલ્પસૂત્રોની હાથે ચીતરેલી આખી શ્રેણી છે. તેમજ વિવિધ માટીની આકૃતિઓ, ટેરાકોટા (મૃણ્મૂર્તિઓ) તથા આરસપહાણની ને પથ્થરની પ્રાચીન શિલ્પમૂર્તિઓ ઉપરાંત અકીક ને બિલોરી કાચની નાનાવિધ જણસો પણ છે.

ધાતુકામને લગતો એનો વિભાગ તો ઘણો સમૃદ્ધ છે. એમાં વિધવિધ ઘાટ તથા આકારનાં પાત્રો, ઘડા અને ત્રાંબાકૂંડીઓ, જૂના કૂજા, સિરોઇઓ, વાડીઓ ને વાસણો, દીવીઓ, ફૂલદાનીઓ ને તાસકો ઉપરાંત છીપ, મણકા, ને મીનાની પણ અનેકવિધ જણસો છે. વળી કેટલાક શણગારેલા રથો, હિંડોળા, સિંહાસનો તથા ઉત્કૃષ્ટ કોતરણીવાળું રાચરચીલું પણ છે; ને વિશેષ તથા સૌથી આકર્ષક તો અહીં લાકડાના સુંદર કોતરકામવાળા ગુજરાતના વિશિષ્ટ ગણાતા જૂના ઘરનો એક આખો અકબંધ નમૂનો જાળવવામાં આવ્યો છે.

કુતૂહલપ્રેરક અદ્‌ભુત કળાકારીગરીના શોખીનો માટે એમાં ચોખાના દાણા જેવી નાની ચીજ ઉપર દોરેલાં રંગચિત્રો, અને હાથીદાંત પર ચીતરેલા તથા લાખના રંગે રંગેલા વિવિધ પ્રકારના ગંજીફા પણ છે. તાજુબી પમાડે એવી એક ચીજ, તે પાણીમાં તરતો પથ્થર છે; તો બીજા એક નમૂનામાં વળી ચન્દ્રની કળાઓ અકીક પથ્થરમાં બતાવવામાં આવી છે!

ગુજરાતીઓને ખાસ રસપ્રદ એવા એક વિભાગમાં આપણા પ્રાચીન પરંપરાગત અને વૈવિધ્યભર્યા ગુજરાતી પહેરવેશના સંપૂર્ણ પ્રકારો (કેટલાક તો ભરતકામવાળા પણ) કાળજીથી સંઘરવામાં આવ્યા છે, જેમાં આપણી કિસમકિસમની પાઘડીઓથી શરૂ કરીને જાતજાતના જામા, પિછોડીઓ, ખેસ, અંગરખા, ભેટવસ્ત્રો, ભાતભાતની સાડીઓ, કમખા, ચોળી, કબજા ને કાંચળીઓ, તથા છેક પગની સપાટો અને મોજડીઓ સુધીનો સંગ્રહ છે. બીજા એક વિભાગમાં વળી પુરાતન તામ્રપત્રો, તાડપત્રો તથા કાગળો પરના હસ્તલિખિત પ્રતો, ચિત્રમાળાઓ (આલ્બમો) તથા હાથે દોરેલા રંગીન ચિત્રોવાળી વિવિધ જન્મપત્રિકાઓ સુદ્ધાં છે.

ટિકિટ-સંગ્રહ





બેડમિન્ટન હરીફાઈ માટેના વિશ્વવિખ્યાત ટૉમસ કપ જીતીને ૧૯૫૮-૬૧ના 'વર્લ્ડ-ચૅમ્પિયન' બનનાર ઈન્ડોનેશિયાએ એ પ્રસંગ પર કાઢેલી ટિકિટ (મથાળે) તથા તેનું ફર્સ્ટ-ડે કવર-મોકલનાર: અશોક કાન્તિલાલ કોરા મુંબાઈ.



જાપાનની નવી ટિકિટોમાંની એક ઉપરનું ત્યાંની વિખ્યાત બુદ્ધમૂર્તિનું આ સુંદર મરતક રસદાયક છે.
(હિંમત સી. શાહ)

જર્મનીની વિવિધ પ્રસંગોને અંકિત કરતી આ નીચેની ટિકિટો મોકલનાર ભાઈ હાન્સ ગ્લાસર લખે છે કે ભારતની જુદી-જુદી ૬૦ ટિકિટો મોકલનારને તે જર્મની-ની એટલી જ વિવિધ ટિકિટો બદલામાં મોકલશે. સરનામું: Hans H. Glaser, Nussbaumstr. 49, Solingen–Aufderhohe (Germany).



પોર્ચુગીઝ ઈસ્ટ આફ્રિકામાં લૉરેન્સો માર્ક્વિસ ખાતે આ ઑગસ્ટમાં ભરાએલી છઠ્ઠી આંતરરાષ્ટ્રીય ટ્રૉપિકલ મેડિસિનની કોંગ્રેસને નિમિત્તે એ દેશે બહાર પાડેલી ટિકિટ
(મોકલનાર: નાગરદાસ પી. પાલા)



જર્મનીના વિવિધ પ્રસંગોને અંકિત કરતી ત્યાંની સુંદર ચિત્રાત્મકતાવાળી ટિકિટો



બ્રિજ

પાનાંની એ ટોચની રમત વિષે

એના તજજ્ઞ સાધુરામ દવેની લેખમાળા

પ્રાસ્તાવિક

પાનાંની વિવિધ રમતો વિષે આપણે જોઈ ગયા. હવે અહીંથી પત્તાંની સૌથી સુંદર રમત 'બ્રિજ'ની લેખમાળા શરૂ કરીએ છીએ. આ રમત વિશે સેંકડો પુસ્તકો લખાયાં છે, કેટલાંક નિયમિત માસિકો પણ આને માટે નીકળે છે અને અનેક છાપાંઓમાં પણ તેની ચાલો વિષે સમાલોચના કરતા નિયમિત વિભાગો પ્રકટ થાય છે. આ રમત આંતરરાષ્ટ્રીય હોઈ, દરેક દેશમાં તેના સારા એવા રસિયા ખેલાડીઓ હોય છે. બ્રિજ સારી આવડે તો રમનાર પોતાનો વખત સારી રીતે ગાળવા ઉપરાંત, સારા માણસોના પરિચયમાં પણ આવી શકે છે. આ રમત પરદેશમાં કેટલી જનપ્રિય છે તેનો ખયાલ તમને એક જ દૃષ્ટાંતથી જણાશે કે એકલા અમેરિકામાં જ આશરે ત્રણ કરોડ માણસો તે રમે છે. તેની વાર્ષિક આંતરરાષ્ટ્રીય હરીફાઇઓ ચાલે છે અને છેલ્લાં ત્રણ વર્ષથી ઇટાલિયન ટીમ દુનિયામાં સૌથી સારી ટીમ તરીકે મૅચ જીતતી આવે છે. કોઇએ એમ પણ સમજવાનું નથી કે આખો દિવસ પાનાંના ગરાડીઓ હોય, તેઓ જ બ્રિજના ચૅમ્પીઅન બની શકે. ગયે વર્ષે અમેરિકાને સારી એવી હાર આપનાર ઈટાલિયન ટીમના ખેલાડીઓમાં એક મૅજિસ્ટ્રેટ, એક પ્રોફેસર, એક પ્રકાશક, એક બૅંકર અને એક એન્જિનીઅર હતા.

દરેક જણ આ રમત રમી શકે છે, પરંતુ સુંદર રીતે રમવા માટે યાદશક્તિ, હિંમત, ચાલાકી, હરીફોને ભૂલમાં નાખવા માટે પત્તાંની યોગ્ય ચાલ વગેરે જરૂરી છે. આમાં ઇશારતને સ્થાન જ નથી. અગાઉ જણાવ્યા મુજબ બ્રિજ યા પાનાંની કોઈ પણ રમત નિર્દોષ અને જ્ઞાન સાથે ગમ્મત આપે તેવી જ પ્રામાણિકપણે રમવાની રમત ગણવાની છે. તમારી પૂરી બુદ્ધિ તમે એમાં અજમાવો અને ફાજલ વખતનો સદુપયોગ કરવા સાથે તમારાં જ્ઞાન અને આનંદમાં વધારો કરો એ જ આ લેખમાળાનો પણ આશય છે. હારવા-જીતવાનો સવાલ આમાં છે જ નહિ. દરેક જણ પોતાની સર્વ હોશિયારીથી, રસપૂર્વક રમે અને પોતાની દરેક ભૂલમાંથી પદાર્થપાઠ લઈ આગળ રમત સુધારવાનો પ્રયત્ન કરે.

અત્યારની ખૂબ જ લોકપ્રિય આ બ્રિજની રમતની શરૂઆત શી રીતે થઈ તેનો ઇતિહાસ અચોક્કસ છે. અરે, પાનાં કોણે શોધ્યાં અને અત્યારનાં બાવન પાનાંની જોડની શરૂઆત ક્યારથી થઈ તેની પૂરી સાંકળબંધ માહિતી પણ મળતી નથી. કહેવાય છે કે સૌથી પ્રથમ એક જાતનાં ગોળ પાનાં હિંદમાં બ્રાહ્મણોએ શરૂ કર્યાં. પાનાંની પત્તાં જ તરીકેની રમતની શરૂઆત ઇજિપ્તનિવાસીઓએ કરી એમ પણ કહેવાય છે. યુરોપમાં પાનાંની રમત પંદરમી સદીમાં અરબસ્તાનમાંથી આવી. ઈ.સ. ૧૪૨૩માં ઇટાલીમાં પાદરીઓએ પાનાંની રમતને 'Devil's game'(રાક્ષસની રમત)તરીકે વર્ણવ્યાનો ને તેની સામે વાંધો ઉઠાવ્યાનો ઉલ્લેખ છે. છાપેલાં પત્તાં પ્રથમ જર્મનીએ શરૂ કર્યાં. તે છાપેલાં પાનાં ઈંગ્લંડમાં આયાત કરવાની મનાઇ કરવામાં આવેલી ને જેમ્સ પહેલાના વખતમાં તેવાં છાપેલાં પાનાં ઉપર જકાત પણ આકારવામાં આવેલી!

પાનાંની રમતના આવા ટૂંકા ઇતિહાસ પછી આપણે બ્રિજના પાયા જેવી અને જેમાંથી સુધારાવધારા સાથે બ્રિજ શરૂ થઈ તે સરખાજીની રમત શી રીતે શરૂ થઈ તે પણ જોઇએ. તેને અંગ્રેજીમાં whist કહે છે. આ રમતની શરૂઆત ઈંગ્લંડમાં થયાનું જાણવા મળે છે. ઈ. ૧૬૨૧માં ટેઇલર નામના માણસે તેને whistનું નામ આપ્યું. અઢારમી સદીની મધ્યમાં એડમન્ડ હોઇલે તે રમવાના નિયમો લખ્યા. પરંતુ ડૉ. હેન્રી જેમ્સ જે 'કેવેન્ડિશ'ના તખલ્લુસથી લખતા તેમણે સને ૧૮૬૩માં આ સરખાજીની રમતને નિયમબદ્ધ અને ગણતરીપૂર્વક રમવાની ચોક્કસ પદ્ધતિ બનાવી. અમેરિકામાં પણ આ રમત માટેની સંસ્થા 'અમેરિકન વ્હિસ્ટ લીગ' છે જે ૧૮૯૧ની સાલથી વર્ષોવર્ષ મળે છે અને રમત વિશેની પ્રગતિ વગેરેની નોંધ લે છે.

આ 'વ્હિસ્ટ' ઉપરથી જ 'બ્રિજ'ની રમત ઉદ્‌ભવી છે. અલબત્ત, તેની અસલ શરૂઆત ક્યાંથી થઈ તે વિવાદાસ્પદ છે. પરંતુ પૂર્વ યુરોપમાં સને ૧૮૭૦ના અરસામાં બ્રિજની રમત રમાતી. કેટલાક આ રમત ગ્રીસમાં જ શરૂ થયાનું માને છે. હિન્દમાં જ આ રમત શરૂ થઇ એમ પણ મેં સાંભળ્યું છે. આ રમતની શરૂઆતની ચોક્કસ માહિતી જેમ મળતી નથી તેમ તેનું નામ 'બ્રિજ' શાથી પડ્યું તે પણ કહેવું શક્ય નથી. મેં એમ પણ સાંભળ્યું છે કે બે રમનાર હમેશાં એક પૂલ ઓળંગીને બીજા રમનારને ત્યાં જતા એટલે તેનું નામ 'બ્રિજ' પડ્યું! આ પણ એક અફવા જ હોઈ શકે. પરંતુ સને ૧૮૮૬માં 'British or Russian Whist' નામની એક પત્રિકા લંડનમાં બહાર પડેલી તેમાં આજની બ્રિજની રમતના નિયમો, માર્ક્સ (score) ગણવાની પદ્ધતિ વગેરે બતાવવામાં આવેલાં. તેની એક પ્રત હાલ પણ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. આ Russian Whist નામને અંગે ઘણા આ રમત રશિયામાં જન્મેલી એમ પણ કહે છે. આ જ પત્રિકામાં જણાવેલા નિયમો મુજબની રમત ઈ. ૧૮૯૪માં ઈંગ્લંડમાં રમવાની શરૂઆત થઇ. એ રમતની ઇંગ્લંડમાં શરૂઆત કરનાર લૉર્ડ બ્રાઉહાસ કે જે પોતે આ રમત ત્યાર પહેલાં ઇજિપ્તમાં કેરો શહેરમાં રમતા હતા, તેમણે કહેલું કે 'It is the finest card-game ever invented.' અને તેમણે ઇંગ્લંડની પોર્ટલૅન્ડ ક્લબમાં તે દાખલ કરી. થોડા જ વખતમાં ઇંગ્લંડની એ રાષ્ટ્રીય રમત ગણાવા લાગી. ૧૯૦૧માં સ્ત્રીઓ પણ ઇંગ્લંડમાં આ રમતમાં ખૂબ જ રસ લેવા લાગી અને હાલ પણ કેટલીક ઘણી હોશિયાર સ્ત્રી-ખેલાડીઓ છે.

અમેરિકામાં 'બાથ' ક્લબમાં પહેલી આ રમત શરૂ થએલી. આ સાદી બ્રિજ પછી ધીમેધીમે ઑક્શન બ્રિજ ૧૯૦૪માં શરૂ થઈ અને ૧૯૦૮માં અમેરિકા અને ઇંગ્લૅન્ડ બંનેની ક્લબોએ ભેગાં મળીને તેના કાયદાકાનૂનો ઘડ્યા. આમ ઑક્શન બ્રિજ ૧૯૨૦ સુધી બરાબર લોકપ્રિય થઇ. પછી તે જ રમત કૉન્ટ્રૅક્ટ બ્રિજમાં ૧૯૨૭થી પરિણમી. એ બંને વચ્ચે મુખ્ય તો પૉઇન્ટ નોંધવાનો ફેર છે, અને હવે દુનિયાભરમાં કૉન્ટ્રૅક્ટ બ્રિજ જ પ્રચલિત છે. **એટલે આપણે જ્યારે બ્રિજ શબ્દ વાપરીએ ત્યારે આ કૉન્ટ્રૅક્ટ બ્રિજ જ સમજવી. અને અહીં પણ કૉન્ટ્રૅક્ટ બ્રિજની જ ચર્ચા આપણે કરીશું.** ઑક્શન બ્રિજ તો હવે લગભગ ભુલાઈ જ ગઈ છે.

બ્રિજની આ રમત આમ ૧૯૨૫થી સારી એવી પ્રચલિત બનતી ચાલી અને તેના માર્ક, પૉઇન્ટ વગેરે તેમજ તે રમતને રમવાના કાયદાકાનૂનો પણ બરાબર ગોઠવાતા ગયા. પરંતુ રમત શી રીતે રમવી, કેટલા હાથ ક્યારે બોલવા, ક્યાં પાનાં હોય ત્યારે આપણાથી બોલી શકાય વગેરેની પદ્ધતિસર વિચારપૂર્વક ગોઠવણી પહેલી હૅરોલ્ડ એસ. વૅન્ડરબિલ્ટ નામના માણસે કરી. તેણે જ આખી રમતમાં બરાબર પૉઇન્ટ નોંધવાની પદ્ધતિ વગેરે બતાવ્યું ને હાલ પણ થોડા ફેરફાર સાથે એ રીત

જ પ્રચલિત છે. એ માણસના નામ પર જ વૅન્ડર બિલ્ટ કપની પ્રખ્યાત ટ્રૉફી અમેરિકામાં બ્રિજની ઉચ્ચમાં ઉચ્ચ હરીફાઈમાં જીતી શકાય છે.

ત્યાર બાદ ૧૯૩૦માં એલી કલ્બર્સ્ટન (Ely Culberston) નામના માણસે પોતાની કલ્બર્સ્ટન પદ્ધતિ (Culberston System) બતાવી. આ માણસ એક ભેજું હતો અને હમણાં બે વર્ષ ઉપર તે ગુજરી ગયો. તેણે પત્તાંની આ રમતને સંપૂર્ણ ગણતરી રૂપે એવા મજબૂત પાયા ઉપર મૂકી કે આપણે તેના ઉપર આફરીન થઈ જઇએ. પાનાંની દરેક વહેંચણીની શકયતાઓ વિચારી, દરેક વખતે આપણે શું કરવું જોઇએ તેનો, એક ગણિતના દાખલા માફક તેણે ચિતાર આપ્યો છે. ત્યાં ભૂલને સ્થાન જ નથી એમ કહીએ તો પણ ચાલે. પોતે આ રમત રમવાની પદ્ધતિ શોધનાર ભેજું હતો તેટલું જ નહિ, પરંતુ આ રમતને ખૂબ જ પ્રચલિત બનાવવામાં તેણે જાતજાતની યુક્તિઓ પણ શોધી. રમત શીખવાડવા તેણે શાળાઓ કાઢી, તેની રીતસર હરીફાઇઓ ગોઠવી, નિયમિત લખાણ લખ્યાં, તેના ઉપર ભાષણો આપ્યાં અને તેમાંથી તે અઢળક ધન પણ કમાયો. બ્રિજ વિષેનાં તેનાં પુસ્તકોની ૨૦-૨૫ લાખ ઉપરાંત નકલો વેચાઈ છે અને આ રમતને ખૂબ જ જનપ્રિય બનાવવામાં તેનો ફાળો મુખ્ય છે. સને ૧૯૪૦માં ચાર્લ્સ ગૉરેન નામના અમેરિકને પૉઈન્ટ સિસ્ટમ રજૂ કરી. રમત તો 'બ્રિજ', પણ તેને રમવી શી રીતે તેની અનુકૂળતા ખાતર તેણે આ પૉઈન્ટ પદ્ધતિ યોજી તે પણ અત્યારે ખૂબ જ પ્રચલિત છે, અને તેનાં પુસ્તકો પણ લાખોની સંખ્યામાં વેચાયાં છે. એ વિષે આપણે આગળ જોઈશું.

આમ, આ રમત અમેરિકામાં આધુનિક જમાનાને અનુરૂપ જાહેરાત પામીને ખૂબ જ પ્રચાર પામી. ઈંગ્લૅન્ડમાં પણ એ પુષ્કળ રમાય છે. તે ઉપરાંત, ફ્રાન્સ, નૉર્વે, સ્વીડન, હંગેરી, જર્મની એ સર્વ દેશોમાં પણ અત્યંત લોકપ્રિય છે. ઈટાલિયન ટીમ તો દુનિયાની અત્યારની ચૅમ્પીઅન છે, એટલે બ્રિજમાં સૌથી પહેલું સ્થાન ઇટાલીનું જ. અમેરિકામાં જે હરીફાઇઓ રમાય છે તેમાં કોઈ કોઈ વાર તો ૧૦ હજાર હરીફો ભાગ લે છે! પાનાંની રમતની તે વળી હરીફાઇ યોજાય? આવો વિચાર ઘણાંને આવતો હશે; પરંતુ તે વિષે પણ આપણે આગળ જોઇશું. હરીફોને એકસરખાં જ પત્તાં આપી કોણ તે સારી રીતે રમી શકે છે તેની હરીફાઈ યોજાય છે.


અહીં હિંદમાં પણ અખિલ ભારતીય બ્રિજ એસોસીએશન છે અને તેમાં ખાસ કરીને બંગાળ, મદ્રાસ, મુંબઈ ને આંધ્ર રાજ્યો વધુ ભાગ લે છે. તે રાજ્યોમાં પોતાનાં પણ જુદાં બ્રિજ એસોસીએશનો છે. બંગાળમાં આ રમત વધુ પ્રચલિત છે અને ત્યાંની જ ટીમ ગયે વર્ષે જીતેલી. આપણા દેશમાં મોટાં શહેરોની કલબોમાં પણ બ્રિજ રમનારાઓ હોય છે જ. પરંતુ મને આશા છે કે આ લેખમાળા પૂરી થય બાદ જ્યાંજ્યાં પાનાંની રમતના ચાર રસિયાઓ હશે ત્યાં સર્વત્ર બ્રિજ રમાતી શરૂ થશે. સ્ત્રીઓ પણ અલબત્ત આમાં ભાગ લે જ. અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં કેટલીક સ્ત્રીઓ પ્રથમ કક્ષાની રમનાર છે ને આંતરરાષ્ટ્રીય હરીફાઇઓમાં પણ ભાગ લે છે; એટલે આ રમતમાં નાનાં કે મોટાં, સ્ત્રી કે પુરુષ સર્વ ભાગ લે અને આનંદ મેળવે.

આટલી ટૂંકી પ્રસ્તાવના બાદ આવતા અંકમાં આપણે બ્રિજની રમત વિષે જોઇશું. દરમિયાન એક નાનો પ્રશ્ન પણ આ સાથે મૂકચો છે.

નાનો પ્રશ્ન

♠ A A
♥ K 5 3
♦ K
♣ —

♠ 7 6
♥ 8
♦ —
♣ A 6 5



♠ J
♥ Q J
♦ Q
♣ J 9

♠ Q 8
♣ 4
♦ J
♠ K 8

સર કાળીના છે. પહેલી ઊતર દક્ષિણની છે. ઉત્તર, દક્ષિણ ભિલ્લુઓએ, ગમે તે બચાવ સામે છ યે હાથ કરવાના છે. ઊકેલ આવતે અંકે.

અનુસંધાન] **જોગાનુજોગ** [પૃ. ૩૮૯થી

મીની ને ગોપાલન પણ બાજુમાં હતાં એટલે મનુના આ સવાલથી તે ચમકચાં. મનુએ આગળ ચલાવ્યું, 'યાદ છે? પેલા જ્યોતિષીને તેં કહ્યું હતું કે અમારે ઘેર સારો દિવસ આવે ત્યારે જરૂર જમવા આવજો. પણ એ મહાશય તો દેખાયા જ નહિ.'

'ખરી વાત છે, મનુ.' મા બોલ્યાં. 'જોગાનુજોગ એવો બેઠો કે એ મહાશયની જીવનભરની જમવાની સગવડનો ભાર મેં મીનીને હાથ સોંપી દીધો. બોલ, એથી વિશેષ તારે શું જોઈએ?' કહી મા ચાલ્યાં ગયાં.

મનુ ને ગોપાલન સ્તબ્ધ થઇને એકબીજા સામે ઘડીભર તો જોઈ જ રહ્યા. કારીગરીનું રહસ્ય પકડાતાં છોભીલા પડેલા કીમિયાગરની હાલત એ બંનેની આંખોમાં રમતી હતી.

મીની ગોપાલનની આંખોમાં આશ્ચર્ય ને મજાકથી જોઈ રહી.

નીલુ પણ કંઇક સમજતાં, આંખો પટપટાવતી ને ડાબા હાથની હથેળીનું પોતાની આંખ પર નેજવું કરી, નીચી નમીને ડોસીની જેમ ગોપાલનની સામે જોતી તેની મજાક ઉડાવી રહી.

અનુસંધાન] **દમ** [પૃ. ૩૯૧થી

દમનાઉપચારમાં બે બાબતો ધ્યાનમાં રાખવાની છે.એક તો હુમલો શાંત કરવાની દવા, અને બીજી ભાવિ હુમલો અટકાવનારી દવા. જોકે આ બાબત જરા મુશ્કેલીભરી તો છે. પણ એલર્જીની ચોક્કસ દવા સાથે માનસિક શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાય તો રોગ ઉપર વિજય મેળવવામાં ફતેહ મળે. વળી આગળ આપણે જોઇ ગયા કે દાબી દીધેલી લાગણીઓ દમના હુમલાના કારણરૂપ મનાય છે. આ લાગણીઓના નિકાલ માટે બે માર્ગ છે: હાસ્ય અને રુદન. મૅન્ડેલીઝનું કથન છે કે 'કોઈ દુ:ખ જ્યારે આંસુ વાટે વ્યક્ત ન થાય ત્યારે તે દમના હુમલા દ્વારા વ્યક્ત થાય છે.' ડૉ. એડવર્ડ પોડોલ્સ્કી કહે છે 'ઘણી વાર રડવાની અશક્તિ દમના હુમલામાં પરિણમે છે.' જોવામાં આવ્યું છે કે દમનો હુમલો શમતાં રડવાનું શરૂ થાય છે! એ જ રીતે ભાવોદ્ભવ કે ચિત્તક્ષોભનું તંગપણું દૂર કરવાનો બીજો અસરકારક ઉપાય હાસ્ય છે.

દમના બધા કિસ્સા કંઈ દબાવેલી લાગણીઓ કે સંઘર્ષના નથી હોતા. એના મૂળમાં શારીરિક કારણો પણ હોઈ શકે. આ માટે શ્વાસોચ્છ્વાસનીકસરતોઘણી અગત્યની છે. ઘણા રોગીઓને તો યોગ્ય શ્વાસોચ્છ્વાસ લેતાં જ આવડતું નથી હોતું. આ સુધારવા માટેની શ્વાસોચ્છ્વાસની કસરતો સાવ સાદી છે. એ ઉપરાંત પ્રાણાયામ, દોડવું, રમતો, લાંબુ ચાલવું વગેરે કસરતો પણ યથાશક્તિ કરવી. જાળવવું એટલું કે કસરત કરતાં હાંફ ન ચડી જાય. શ્વાસોચ્છ્વાસની આ નીચે આપેલી કસરતો નાનાં મોટાં સૌ માટે ઉપયોગી છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



આસો ૧૯૮૯
અંક ૧૧૮

'રશિયાની એક મહાન વિભૂતિસમા કલાકાર નિકોલસ રોરિશ બ્રહ્માંડવ્યાપી ભાવો ને કલ્પનાઓને ઝીલનાર એક પયગંબર આત્મા હતા. ચિત્રકાર તરીકે ઇતિહાસમાં અનેરું સ્થાન ધરાવવાઉપરાંતવ્યાખ્યાનો, અન્વેષણો, ચિત્રો અને બીજી અનેક ક્ષેત્રવ્યાપી પોતાની પ્રવૃત્તિઓમાં પ્રભુત્વવાળા વ્યક્તિત્વથી તેમણે માનવબંધુત્વના પ્રચારને અતીવ વેગ આપ્યો છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં શ્રી રવિશંકર રાવળે અનેક ચિત્રો સાથે આપેલા એમના વિસ્તૃત પરિચયમાંથી માત્ર રૂપરેખા જ અહીં ઉતારી શકાશે.

ઈ. ૧૮૭૪ના સપ્ટેમ્બરની ૨૭મીએ લેનિનગ્રાડમાં તેમનો જન્મ થયો હતો. બાળક રોરિશે નાનપણનો વખત કુટુંબની જાગીર પર ગ્રામ્ય રખડપટ્ટીઓમાં ગાળ્યો તે વખતે એ આસપાસ જામેલા ટેકરાઓનું પુરાતનપણું શોધવા પ્રયત્ન કરતા. એ વખતથી એની પ્રાચીનપ્રિયતા જાગૃત થઈહતી. પિતાતેને પોતાના જેવા ધારાશાસ્ત્રી બનાવવા ઇચ્છતા હતા; પણ આ કુમારે સૌંદર્યના દ્વારમાંથી તેનાં દર્શન કરી લીધાં હતાં. પિતાની ઇચ્છાને માન આપી તે વિદ્યાલયમાં તો ગયા, પણ સાથેસાથે કળાશાળામાં પણ અભ્યાસ ચાલુ રાખ્યો ને બંને સંસ્થાઓમાં માનભેર ઉત્તીર્ણ થયા.

ઊછરતી વયમાં જ રોરિશને વિચિત્ર વિષયો પર લખવાનો મહાવરો હતો. તેમાં પણ તેની પોતાની જ અનોખી રીત અને મૌલિક ઢબ હતી જ. વીરકાવ્યો, પરીકથાઓ, કાવ્યો, વિચિત્ર વાતો, શિકાર, કુદરત, દરેક પર તે લખતા. પણ તે સૌમાં એક જ આશય પ્રધાન રહેતો: સૌંદર્ય અને તેની જીવન પર અસર. ઈ. ૧૮૯૬માં રોરિશે પોતાનું 'સંદેશવાહક'નું પ્રથમ ચિત્ર પ્રદર્શનમાં રજૂ કર્યું ત્યારે એમની પ્રતિભા સર્વકોઇને સ્વીકારવી પડી. ઈ.સ. ૧૯૦૦માં દેશપરદેશનો પ્રવાસ કરી રશિયા પાછા આવતાં તેમને ત્યાંની કળાશાળાના મુખ્ય નિયામકની જગ્યા મળી. એક મહાન સર્જકની જેમ તેમણે અનેક દિશાઓમાં કામ કરવા માંડ્યું: સ્થપતિ તરીકે, લેખક તરીકે, કેળવણીકાર તરીકે. તેમનાં ચિત્રો યુરોપનાં પ્રદર્શનોમાં રજૂ થવા લાગ્યાં અને એક નવીન ઉસ્તાદ તરીકે તેમનો સ્વીકાર થવા લાગ્યો.

થોડાજ વખતમાં તેમની નજર એશિયાની યુગોની પુરાતન સંસ્કૃતિ અને જ્ઞાન તરફ ગઈ અને ૧૯૨૩ના ઉનાળામાં એમણે હિંદુસ્તાન તરફ પ્રયાણ કર્યું. ઈ. ૧૯૨૪માં તેમણે હિંદ તથા બૃહદ્ તિબેટ અને કારાકોરમ પર્વત ઓળંગી મૉંગોલિયા તથા અસલ તિબેટ વગેરે એશિયાનાં હૃદયસ્થાન સર કરી લીધાં. એ યાત્રાની આખી યે કથા અદ્ભુત છે. તેની ફલપ્રાપ્તિ રૂપે અપૂર્વ કલા અને સંસ્કારસામગ્રી એકઠી થઇ એ ખરું; પણ તેમાં યે વિઘ્નો અને જોખમો પારાવાર નડયાં હતાં. એમ છતાં રોરિશે ૩૫૦ ચિત્રો સંપૂર્ણ તૈયાર કર્યાં અને એશિયાની સંસ્કૃતિ, ચમત્કૃતિ તથા દંતકથાઓ પ્રકટ કરતી અપૂર્વ ચિત્રમાળા જગતને આપી.

તેમનામાં કલાકારની દૃષ્ટિ, તત્ત્વવેત્તાનો આત્મા તેમજ વૈજ્ઞાનિકનો અનુભવ હોવાથી એશિયાની નાડ બીજા કોઈ પણ કરતાં તેમણે સારી રીતે પિછાની અને પ્રાચીન સંસ્કૃતિ તથા પ્રાચીન વાણીનાં મૂલ્ય સારવ્યાં. પછી તો હિમાલયમાં જ સીમલાથી સોએક માઈલ દૂર કુલુ પર્વતો વચ્ચે 'નગર'માં નિવાસ સ્થાપ્યો અને અવસાન સુધી ત્યાં જ રહ્યા.

તેમનાં ચિત્રો રશિયન, ઈટાલિયન, તિબેટન, હિંદી, ઇરાની તથા અમેરિકન ધાટીઓથી સંમિશ્રિત એક નવી જ પદ્ધતિનાં સર્જનો લાગે છે. મનુષ્યો અને દેવતાઓ, દિવ્ય ને ભયાનક સત્ત્વો તેમનાં ચિત્રોમાં કોઇ અજબ રાસ ખેલતાં લાગે છે. વાદળાંની અપાર વૈભવભરી સવારીઓ, ધારદાર ખડકોની અંધારી ઊંડી ખીણો, શાંત ચિંતન કરતાં મેદાનો, વીજળીના ચમકાર અને વંટોળિયા અગર નીરવ નિર્જન સાગરકાંઠા, એ તેમની કુદરતના વિવિધ પડદા છે અને તેના પર માનવબળોની અનંત ક્રીડાનાં રૂપોને પ્રકટાવે છે. દૃશ્ય અને અદૃશ્ય જગતની વચ્ચેનો પડદો ઊંચકી તે જગતની વિવિધ પુરાણસૃષ્ટિનાં પાત્રોને નવીનવી રીતે રજૂ કરે છે અને તેનાં રહસ્યોને ધ્વનિ અર્પે છે; સાથે સાથે પ્રકાશ, રૂપ અને રંગનું ચેતન ચમકાવતું અદ્ભુત સંગીત જમાવે છે.

સ્થાપત્યવિશારદ, પુરાણજ્ઞાતા, શિક્ષણવિધાયક, કવિ, ચિત્રકાર, પયગંબર,–સર્વકોઈ આ સૌંદર્યવિધાતા રોરિશમાં દૃશ્યમાન થાય છે. તેમને સર્વ કળાઓ એકરૂપે દર્શન દે છે.'

ઇતિહાસ દર્શનની શ્રી ધૂમકેતુની લોકપ્રિય લેખમાળાત્યારે પ્રકટ થતી તેમાંનો એક ફકરો:

"એક હજાર હાથી, ત્રીસ હજાર ઘોડા ને ચોદસો પાળેલાં હરણ; ઉપરાંત વાઘ, ભેંસ, કૂકડાં ને બાજ—! ઈ. સ. ૧૫૮૫ની સાલમાં મહાન અકબરના જમાનામાં આવેલા ત્રણ અંગ્રેજો ન્યુબરી, લીડ્સ ને ફિચ, આગ્રાનો આ





રોરિશનાં પ્રકાશનોની ધ્યાનસંજ્ઞા.. જમણી બાજુ: જગતને એક સુવર્ણમંજૂષામાં સાંસ્કૃતિક સમૃદ્ધિ અર્પતા રોરિશનું તેમના પુત્ર સ્વેતોસ્લોવે આલેખેલું એક સૂચક ચિત્ર.

વૈભવ જોઈ છક્ક થઈ ગયા. 'નામદારજલાલુદ્દીન અકબર–ખંભાતના રાજા' ઉપરનો રાણી એલિઝાબેથનો કાગળ લઇને નીકળ્યા હતા તો ચાર જણા—જૉન ન્યૂબરી, ફીચ, વિલિયમ લીડ્ઝ અને જેઇમ્સ સ્ટોરી. ઘણી મુશ્કેલીએ માંડમાંડ તેઓ હિંદુસ્તાન પહોંચ્યા હતા. પણ તેમાંનો જેઈમ્સ તો રહ્યો ચિત્રકાર, એટલે તેણે તો ગોવામાં કોઇ સુંદરીના મોહમાં પડી ત્યાં જ ઘર કર્યું. ફતેહપુર સિક્રીમાં બાદશાહ અકબરનો દરબાર જોઇને લીડ્ઝનું મન પણ ચળી ગયું. જાતે હતો હીરામાણેકનો વેપારી અને મુઘલ દરબારમાં તો હીરા-મોતી-માણેકની છોળ ઊડે! એટલે એ જોઈ એ પણ અકબર બાદશાહનો ઝવેરી બની ગયો. રહેવા એક ઘર મળ્યું, નોકરી કરવા પાંચ ગુલામ મળ્યા, અને દરરોજનો છ શિલિંગ જેટલો મુસારો પણ મળ્યો. આમ ચારમાંથી બે ડગ્યા. હવે પોતાને વતન હિંદની બધી વાત પહોંચાડવા માટે બે જ જણા રહ્યા: ન્યૂબરી ને ફિચ. તેમાંથી ન્યૂબરી લાહોરને રસ્તે પાછો ફરી કૉન્સ્ટૅન્ટિનોપલ પહોંચી ત્યાંથી ફરતો ફરતો બંગાળાના કિનારા પર આવવાનો હતો, ને ફિચ બંગાળાના કિનારે એની રાહ જોવાનો હતો. પણ ન્યૂબરીનો કાંઈ પત્તો જ લાગ્યો નહિ!

૪૦૩ ('કુમાર' અંક ૪૧૮)

અંતે ઈ.સ. ૧૫૮૯માં એકલો ફિચ પોતાને દેશ જવા પાછો ફર્યો. ૧૫૮૨નો તે નીકળેલો. બરાબર નવ વર્ષે પોતાના દેશ માટે ઘણીઘણી નવી વાતો લઇને ઈ. સ. ૧૫૯૧માં ઈંગ્લંડને કિનારે તેણે પગ મૂક્યો. ચાર જણા એક જ ધ્યેય સિદ્ધ કરવા નીકળેલા તેમાંથી અંતે એક જણે દેશને જે આપવાનું હતું તે દેશને ચરણે ધર્યું. એણે એકલાએ પાછી મુસાફરી શરૂ કરી હશે—પોતાના ત્રણે મિત્રો ગુમાવીને—ત્યારે એના હૃદયમાં કેટલું મંથન ચાલી રહ્યું હશે?

શાહાનશાહ જહાંગીરે ઈંગ્લંડના રાજા જેઈમ્સ પહેલા ઉપર જે કાગળ સર ટૉમસ રોને આપ્યો તે અમદાવાદથી લખ્યો હતો. અકબર બાદશાહના વખતમાં જે વાત ફિચે ઇંગ્લંડ પહોંચાડી તે વાત ઉપરથી સર ટૉમસ રો હિંદમાં આવીને અંગ્રેજ વેપારીઓ માટે સગવડ મેળવી ગયો. સૂરત એ અંગ્રેજ સત્તાનું બીજ બન્યું એ સર ટૉમસ રોના પ્રતાપે."



પ્રભાતગાન: પ્રો રોરિશે અનેક દેશોની કળાપદ્ધતિ કેવી રીતે સારવી છે તેનું આ સચોટ દૃષ્ટાંત છે. હિંદી કળાની રાજપૂત શૈલીના એક ચિત્રનો આધાર લઈ તેમણે તેના રેખ મંડળમાં પોતાની લાક્ષણિક રચના ઉમેરી એક આહ્લાદક ચિત્રપટ બનાવ્યો છે. રંગાવટની સ્વચ્છતા ને સત્ત્વશાળી રેખાઓ તેમનાં ચિત્રોમાં જે પ્રભુત્વ ભોગવે છે એને લીધે તેઓ પૌર્વાત્ય કળાશૈલીમાંથી બીજા યુરોપી ચિત્રકારો કરતાં વિશેષ પ્રેરણા લઈ શકે છે. તેઓ કહેતા કે 'ભૂતકાળની કળાકૃતિઓ સાથે અનુભૂતિ કેળવ્યા વગર વર્તમાનમાં કળાતત્ત્વ લાવવાનું નથી.'

આગાઉ શ્રી મોહનલાલ પંચોળીએ ચારના જંત્રની જે બે રીતો આપેલી, તેવી એક વધુ આ નીચે ઉતારી છે:

૧	૨	૩	૪	૧	૧૫	૧૪	૪	૧	૧૪	૪	૧૫
૫	૬	૭	૮	૧૨	૬	૭	૯	૮	૧૧	૫	૧૦
૯	૧૦	૧૧	૧૨	૮	૧૦	૧૧	૫	૧૩	૨	૧૬	૩
૧૩	૧૪	૧૫	૧૬	૧૩	૩	૨	૧૬	૧૨	૭	૯	૬

નિયમ મુજબ પહેલાં તો ચારનો ખાલી જંત્ર દોરી, તેમાં આકૃતિ ૧માં બતાવ્યા મુજબ ૧ થી ૧૬સુધી અનુક્રમે અંક ગોઠવો. હવે રચના શરૂ કરો. આ રચનામાં ચોરસની બંને કર્ણરેખામાં આવેલાં આઠ સ્થાન (૧, ૬, ૧૧ અને ૧૬ તથા ૪, ૭, ૧૦ અને ૧૩) સ્થિર રહે છે. બાકીનાં આઠ સ્થાનમાં બબ્બેની જોડીમાં આવેલા અંકો સ્થાનાંતર કરે છે. સામસામા પરસ્પર ૨ અને ૩ તે ૧૪ તથા ૧૫ની સાથે, તથા ૫ અને ૯ ને ૮ અને ૧૨ની સાથે; પણ એ સ્થાનાંતર સીધું ન કરતાં અંકો ઉલટાઇને થાય છે; ૨ અને ૩ની જગ્યાએ ૧૫ અને ૧૪, તેમજ ૧૪ અને ૧૫ની જગ્યાએ ૩ અને ૨; અને એ જ રીતે ૫ તથા ૯ને સ્થળે ૧૨ અને ૮ તથા ૧૨ અને ૮ની જગ્યાએ ૯ તથા ૫. આ રીતે ગોઠવાઈ જશે એટલે બીજી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે અંકજંત્ર તૈયાર થશે.



અભિજેતા બુદ્ધ

એ સિવાય વળી એક બીજી રચના. આકૃતિ ૨ મુજબ થએલી રચનામાં બીજી આડી હારને ઉપાડીને ચોથી આડી હાર તરીકે મૂકી દો અને જે ત્રીજી અને ચોથી હારો છે તેને ખસેડીને અનુક્રમે બીજી ને ત્રીજી આડી હારો તરીકે ગોઠવો. હવે એ જ મુજબ બીજી ઊભી હારને ઉપાડીને ચોથી ઊભી હાર તરીકે લઇ જાઓ અને જે ત્રીજી ને ચોથી ઊભી હારો છે તેમને ખસેડીને અનુક્રમે ઉપર મુજબ બીજી ને ત્રીજી તરીકે ગોઠવો એટલે આકૃતિ ૩માં દર્શાવ્યા મુજબનો સર્વાંગ અંકજંત્ર તૈયાર થશે.

ટપાલનું નામ પોસ્ટ શાથી?

પોસ્ટઑફિસમાં 'પોસ્ટ' શબ્દ અતિજૂના યુગમાંથી ચાલ્યો આવે છે. એક ટપાલવાળો પત્ર બીજી ઑફિસે પહોંચાડે, ત્યાંથી બીજો તેને આગળ લઈ જાય, એમ ટપાલ પહોંચાડવાની રીત ચીનમાં ત્રણ હજાર વર્ષ પહેલાં ચાલુ હતી. યુરોપમાં તે ૧૪૭૦માં લુઇ ૧૧માએ ફ્રાંસમાં દાખલ કરી. ૧૪૮૧માં ઍડવર્ડ ચોથાએ અપનાવી. ૧૬૬૫માં ઈંગ્લંડ, સ્કૉટલંડ અને આયર્લંડનાં મુખ્ય શહેરો વચ્ચે ટપાલ શરૂ થઇ અને હાલનું સ્વરૂપ ૧૬૬૦માં આવ્યું. 'પોસ્ટ' શબ્દ લૅટિન ભાષામાંથી આવ્યો છે: પોસ્ટ એટલે મૂકવું. રસ્તે રસ્તે પથ્થરનો ઢગલો કરવામાં આવતો તેને પોસ્ટ કહેતા. આજે ઠેકાણે ઠેકાણે ટપાલના થાંભલા ઊભા કર્યા છે તેને એ રીતે પોસ્ટ કહીએ છીએ.

અનુસંધાન] **ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ** [પૃ. ૩૮૯થી

સર શાપુરજી ભરૂચા,[૬] સર ચિમનલાલ સેતલવડ, દી. બ. ઉત્તમરામ મલજી, વ્યાયામ-પ્રચારક છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણી, વિદ્વદ્વર્ય બળવંતરાય ઠાકોર, સંગીતસમ્રાટ પંડિત ઓમકારનાથ, મુંબાઈ રાજ્યના કેળવણીખાતાના માજી પ્રધાન દિનકરરાવ દેસાઈ, ગુજરાતની અસ્મિતાના પ્રેરક અને ઉત્તર પ્રદેશના માજી રાજ્યપાલ કનૈયાલાલ મુનશી, ગુજરાતના છોટે સરદાર ડૉ. ચંદુલાલ દેસાઈ, રૂના શાહ સોદાગર જમશેદજી વખારિયા–આ બધી ભરૂચની રત્નસંપત્તિ છે. દરેકનો વ્યક્તિગત પરિચય આપવાનું આ સ્થાન ન હોઈ, માત્ર નામોલ્લેખથી સમાપન કરવું પડે છે.

રાજકીય ઊથલપાથલ, દુષ્કાળ, વાવાઝોડાં, રેલ, ઠાર, અનાવૃષ્ટિ, રોગચાળો, એમ અનેક આફતોનો માર ખમી રહેલા ભરૂચની જાહોજલાલી આજે પહેલાં જેવી રહી નથી. રૂના વેપારના મથક ગણાતા આ શહેરમાં આજે એક પણ મિલ ચાલુ નથી. નદીમાં દર વર્ષે કાંપ જમા થવાને કારણે પુરાણ થતું હોઈ, તેનો દરિયાઈ વ્યવહાર લગભગ ખોરવાઈ ગયો છે. ઢોળાવ અને ચડાવવાળા, ખરબચડા કાળા પથ્થરથી છવાએલા અને સાંકડા રસ્તાઓ, પાકી ગટરને અભાવે ખાળકૂવા અને મોરીઓનાં ગંદાં પાણીથી કાયમ ભેજવાળી રહેતી સાંકડી ગલીઓ અને જૂની ઢબનાં મકાનો ધરાવતું ભરૂચ હવે નવરચના માગે છે. એના વ્યાપારઉદ્યોગ ફરી ચાલુ થાય, બંદરનો વિકાસ થાય અને એની કાયાપલટ થાય એ સ્થિતિ પ્રાપ્ત કરવાનો અવસર પાકી ગયો છે. આજે એના આંગણે એક મહાવિદ્યાલય સ્થપાયું છે, બીજું સ્થપાવાની વકી છે. વૉટર વર્ક્સની યોજના ટૂંક સમયમાં અમલી બનતાં એને 'સુકાબાદ'નો મળેલો ઈલ્કાબ પણ ભુંસાવાનો છે. ઈચ્છીએ કે આજનું ભરૂચ ભવિષ્યમાં એની પૂર્વવત્ સ્થિતિને પ્રાપ્ત કરવાના પ્રયત્નો આજથી જ શરૂ કરે. ભલે આજે એ ભગ્ન દશામાં હોય, છતાં યે 'ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ' છે!

(આધારિત)

૬ પૃથ્વીના નકશામાં શોધ્યું ય ન જડે એવા નાનકડા ભરૂચને ગ્રેઇટ બ્રિટનમાં જાણીતું કરનાર સર શાપુરજી ભરૂચા હતા. તેમણે પચાસ હજાર રૂપિયાના ખર્ચે ભરૂચમાં મ્યુનિસિપલ હૉલની પાસે ભરૂચા હૉલ બંધાવ્યો અને હૉલની નીચેનો ભાગ પુસ્તકાલય માટે આપ્યો. ભરૂચમાં તેમજ અન્યત્ર લાખો રૂપિયાની સખાવત કરીને તેમણે પોતાનું અને ભરૂચનું નામ રોશન કર્યું હતું.

મણિલાલ નભુભાઈ (અનુ. ૩૮૩થી) यदभावि न तद्भावि, भाविचेन्न तदन्यथा। (ન-થવાનું થવાનું ના, થવાનું ન-થવાનું ના.) ૧૮૮૨ પછી તેમને શરીરે હાથપગ પર ગાંઠા નીકળી આવેલા, જે પગ પર વિશેષ હતા. ૧૮૮૪માં એક વૈદ્ય પાસેથી મળેલી રસકપૂરની માત્રાથી રોગ કાબૂમાં આવી શકેલો. પોતાની જીવનભરની રોગદશા સંભારીને તેઓ કહેતા: 'આટલો વ્યાધિ છતાં મેં 'અરે' કે 'ઉં' કર્યું નથી. મારામાં તો કોઇ અલૌકિક ધીરજ આવ્યું હતું, ને હું કશાથી ડરતો ન હતો.' એને તેઓ 'પરમ જ્ઞાનથી પેદા થએલા વિશ્વાસ અને હિંમતનું જ ફલ' ગણાવે છે.


ભાવનગર રાજ્યના દીવાન શામળદાસ પરમાનંદદાસનું ૧૮૮૪માં અવસાન થતાં તેમને નામે ૧૮૮૫માં ભાવનગરમાં સામળદાસ કૉલેજ સ્થપાઈ. આ કૉલેજના સંસ્કૃત, તત્ત્વજ્ઞાન કે ઇતિહાસના અધ્યાપક તરીકે આવવા મણિલાલને આમંત્રણ મળ્યું. મણિલાલ સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમાં જોડાયા અને મુંબાઈ છોડયું. તેમની શીખવવાની પદ્ધતિ એટલી તો વિષયલક્ષી અને છતાં હૃદ્‌ગમ હતી કે વિદ્યાર્થીઓમાં તેઓ પરમ પ્રિય થઈ પડેલા. વિદ્યાર્થીઓમાં કહેવાતું: 'એક ગણિતના અને બીજા સંસ્કૃતના એ બે જ પ્રોફેસર આખી કૉલેજનું નાક છે.' ૧૮૮૬માં તો પ્રીવિયસ, ફર્સ્ટ બી. એ. અને બી. એ.ના તેઓ સંસ્કૃતના પરીક્ષક નિમાયા, જે તરીકે નિમાનાર તેઓ પહેલા ગુજરાતી હતા. તેમને ભાવનગર આવ્યે ત્રણ મહિના થયા ત્યાં તેમને નાકમાં ઝાડ બાઝવાનો રોગ લાગુ પડયો. નાકનો વચલો પડદો ખવાઇ જવાથી નાક વચ્ચેથી બેસી ગયું હતું. પછી તો બોલાતું પણ અશક્ય થઈ પડેલું. તેમની આ હાલતમાં કૉલેજના પ્રિન્સિપલ ગનિયને પહેલાં તો માંદગીની રજા આપવા બાબત અને પછી તો નોકરી બાબત પણ તેમને ખૂબ સતાવેલા. પરિણામે ૧૮૮૮ના એપ્રિલમાં સ્વમાની મણિલાલને ભાવનગર છોડી જવું પડેલું. તેમના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવનાર તેમના વિદ્યાર્થી-શિષ્યોમાંના કેટલાક તો ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ પુરુષો હતા. પ્રો. બ. ક. ઠાકોર, માનશંકર પી. મહેતા, જીવણલાલ લ. દવે (જટિલ) પ્રો. ઠાકોર તેમને પોતાના ચાર ગદ્યગુરુઓ પૈકીના એક ગણાવે છે.

'લાઇટ ઑવ એશિયા'ના પ્રસિદ્ધ કવિ એડ્‌વિન આર્નોલ્ડ હિંદુસ્તાનની મુસાફરીએ આવેલા, તે ફરતાફરતા ભાવનગર આવી ગયા હતા. ભાવનગરમાં તેમને મણિલાલ સાથે થએલી મુલાકાતનો પોતા પરનો પ્રભાવ વર્ણવતાં તેઓ લખે છે: 'Nor does Poona or Bombay contain any Shastree with clearer conclusions on Hindu theology and philosophy, better command of lucid language, or ideas more enlightened and profound, than Mr. Manilal Nabhubhai Dvivedi, whose book just publishedon the Rajayoga ought tobecome widely known in Europe, and to converse with whom has been a real privilege.'

૧૮૮૫ના ઑગસ્ટથી તેમણે 'પ્રિયંવદા' માસિક પ્રકટ કરવા માંડેલું, જેમાં સ્ત્રી-વિષયલક્ષી અને બીજી પણ અનેકવિધ લેખસામગ્રી અપાતી. 'પ્રિયંવદા' પાંચ વર્ષે બંધ કરીને ૧૮૯૦ના ઑક્ટોબરથી તેમણે 'સુદર્શન' માસિક શરૂ કર્યું. ૧૮૯૦ના ડિસેમ્બરમાં તેમણે 'ગુપ્ત અધ્યાત્મ મંડળ'ની સ્થાપના કરેલી. તે વિષે તા. ૧૧-૪-૧૮૯૧ની નોંધમાં તેઓ કહે છે: 'એ સભામાં બે વિભાગ રાખ્યા છે. એક બાહ્ય તે થિયૉસૉફિકલ સોસાએટી' જેવો જ, પણ ગુજરાતીમાં; અને બીજો તે કેવળ યોગાભ્યાસાદિ માટે, જેમાં પ્રતિજ્ઞા ઉપર જ દાખલ કરી શકાય. બંને મંડલમાં ગુરુશિષ્ય કોઈ નહિ; સર્વસમાન. ઉભયમાં ઘણા ગૃહસ્થો દાખલ થાય છે.' ૧૮૮૬ના ઑક્ટોબર-નવેમ્બરમાં તેમને 'સ્પેક્ટેટર' તથા 'ઍડવોકેટ ઑવ ઇન્ડિયા'માં પુનર્વિવાહ વિષે બહેરામજી મલબારી સાથે વિવાદ થએલો. વિયેનામાં ભરાનાર 'ઓરીએન્ટલ કૉન્ગ્રેસ'માં હાજરી આપવાનું પણ તેમને ૧૮૮૬માં આમંત્રણ મળેલું, જેમાં તેઓ હાજરી તો નહોતા આપી શકયા, પરંતુ કૉન્ફરન્સને 'અદ્વૈત' વિષે એક લેખ લખી મોકલેલો. ૧૮૮૮ના ડિસેમ્બરમાં એમની તબિયતે ફરી ઊથલો ખાધો. ૧૮૮૯ના માર્ચમાં પ્રસિદ્ધ થએલા તેમના અંગ્રેજી ગ્રંથ 'મૉનિઝમ ઑર અદ્વૈતિઝમ?' માટે એ જ વર્ષે સપ્ટેમ્બરમાં તેમના પરવિદેશી વિદ્વાનોનાં ઘણા પ્રશંસા-પત્રો આવ્યાં. ૧૮૮૯ના માર્ચમાં, ફરી 'ઑરીએન્ટલ કૉન્ફરન્સ'માં જવાનું તેમને આમંત્રણ મળ્યું, ને સપ્ટેમ્બરમાં તેને માટે 'પુરાણ' ઉપરનો એક નિબંધ લખી મોકલ્યો. ૧૮૯૧ના મે-ઑક્ટોબરમાં લંડન ખાતે ભરાએલી 'ઑરીએન્ટલ કૉન્ફરન્સ' માટે પણ તેમણે 'જૈન ફિલૉસૉફી' વિષે નિબંધ લખી મોકલેલો.

નવીન વિચારોનાં ધસમસતાં આવતાં પાણી આડે 'સંરક્ષક સુધારા'ની વિવેક-પાળ પહેલેથી બાંધી રાખવાની યોજના કવિ નર્મદાશંકરે જે પોતાની ઉત્તરવયે ઘડેલી, એ પોતાનું અધૂરું રહેલું કાર્ય જતાં જતાં તેઓ મણિલાલને સોંપતા ગએલા. મણિલાલના શબ્દોમાં જ તેનું વર્ણન જોઇએ: "કવિ નર્મદાશંકર જે જૂના જમાનામાં સુધારાના મહારથી હતા તે આ વખતે બદલાઇને મારા જેવા જ વિચાર જણાવતા લખતા હતા. અરે, મારી-તેમની એટલી બધી એકતા હતી કે તેમણે તેમના મરવાના પ્રસંગે હું તેમને મળેલો તેવામાં મને જે શબ્દો કહેલા તે પરથી જ તે એટલી બધી છે એમ મેં જાણેલું, 'જવાનિયા સુધારાવાળા મારી ઉપર કરડી નજર કરતા હશે, પણ હું કહું છું કે તેમના જ મંડલમાં એક જુવાન ઊછરે છે, જે પરિણામે મારા જ વિચારો તમારે ગળે ઉતારશે—એ માણસ તમે જ. તમારાં સર્વ લખાણ મેં લક્ષપૂર્વક વાંચ્યાં છે, તમારી વાતો સાંભળી છે, ને એમ જ માનું છું કે તમે જે રસ્તે છો તે જ રસ્તે ચાલ્યા જજો. એ જ ખરી વાત છે." આપણે એમ કહી શકીએ કે સંરક્ષક સુધારાનો પોતાને મળેલો એ મહત્ત્વનો વારસો મણિલાલ પછી તેમના પ્રિય અનુગામી ડૉ. આનંદશંકર ધ્રુવે સાચવ્યો; અને પછી તો ગાંધીજીની વ્યવહારલક્ષી આદર્શ-પ્રણાલીમાં તે એકરસ-એકરૂપ બની ગયો, જીવનતત્ત્વથી એનું અલગ સ્વરૂપ જ ન રહ્યું.

૧૮૮૮ના એપ્રિલ-મેમાં ગૃહક્લેશને કારણે તેઓ પોતાની અસહાય સ્થિતિનો તીવ્ર અનુભવ કરે છે. ૧૮૮૮ના જૂનમાં સ્વજીવનના આદર્શનું તેઓ સુનિશ્ચિત સ્વરૂપ વિચારે છે, અને પોતાના મુદ્રાલેખ રૂપે આંકે છે. તેઓ કહે છે: 'શરીરથી, સંબંધીઓથી, પૈસેથી, આજીવિકાનાં સાધનથી જે વેળે હું છેક બેજાર થઈ કેવલ પરમાત્મા પર શ્રદ્ધા કરી નિભાવ કરતો હતો તે વેળે મેં એક 'રબર સ્ટૅમ્પ' કરાવ્યો તે મારી માનસિક સ્થિતિ જણાવવા પૂરો છે, માટે તેનું અત્રે વિવેચન કરું: કૂંડાળું



છે તે સૂર્ય છે. મતલબ સૂર્યોપાસક બ્રાહ્મણ છું. તે પછી નામ ને અટક. પછી મધ્યે પુસ્તક છે એ મારો નિરંતરનો અભ્યાસ, અને સરસ્વતીની સેવા એ જ કર્મ એમ સૂચવે છે. પુસ્તકમાં કલમ છે તે લખવાનો ધંધો કથે છે. ॐ એ શબ્દ સર્વ વેદના સારરૂપ પરમાત્માના પ્રતીકરૂપ પ્રણવ છે. પુસ્તકો વાંચી, કલમથી લખી, અને તત્ત્વ એ જ કાઢયું છે કે ब्रह्म सत्यं जगन्मिथ्या। માટે એ મારા અદ્વૈતમાર્ગનું સૂચક છે. તે માર્ગે ચાલતાં ચાર સિદ્ધાંત ઠરાવ્યા છે: પ્રથમ પ્રેમ—જે મેં મારાં લખાણોમાં

બહુરૂપે વારેવારે વર્ણવ્યો છે. અર્થાત્ બ્રહ્મભાવ-સમાનતા-અભેદ. એમ કશામાં દુઃખ ન માનતાં પ્રેમ-અભેદ-રૂપ આનંદમાં રહી, સર્વદા ગમે તે દુઃખમાં નિરાશ ન થતાં સારાની **આશા** ગ્રહણ કરી પ્રયત્નપરાયણ રહેવું અને જે પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થાય તેમાં સંતોષ માની ધૈર્ય તજવું નહિ; અને આ બધું થવા માટે સર્વદા શાસ્ત્ર, સુવિચાર અને તજ્જન્ય પરમજ્ઞાન ઉપર **શ્રદ્ધા** રાખ્યાં જવી. આ કહ્યા પછી સર્વદા હારી ન જતાં આનંદથી જ રહેવાનું મારા અનુભવે જે સબલ કારણ બતાવ્યું છે તે કહ્યું છે કે પુરુષને હાથ કાંઈ નથી, હરિ, પ્રારબ્ધ કરે છે તે જ થાય છે; માટે શોકનો સર્વથા અવકાશ નથી—માટે જ સદા બ્રહ્માનંદ—આનંદ! અહો એ જો મને ન મળ્યો હોત, તો આજ આ લખનાર કોઈ ન હોત!'


તેમના ત્રીસના વય વખતે તો તેમની ખ્યાતિ ચોમેર એક સમર્થ લેખક અને ધર્મચિંતક તરીકે ફેલાઈ ગએલી. 'ગુજરાતમાં તો સારી પેઠે, બધા હિંદુસ્તાનમાં પણ ઠીક રીતે, અને છેક યુરોપ-અમેરિકામાં પણ આશાજનક રીતે' મણિલાલનું નામ આ અરસામાં જાણમાં આવે છે. અને મણિલાલ પણ સ્વ-લક્ષ્યાર્થે કેટલા કૃતનિશ્ચય અને કટિબદ્ધ હતા, એ તેમના જ શબ્દોમાં જોઈએ: 'મારો દેહ પડો, મને ગમે તે થાઓ, પણ મેં જે ભગીરથ પ્રયત્ન મારા આર્યધર્મના ઉદ્ધારાર્થે આદર્યો છે તે કાંઈ પણ બીજ રૂપે જમીનમાં ચોંટે તો કૃતાર્થતા છે.' તેઓ અદ્વૈતમાં માનતા હતા. અને શાંકર વેદાન્તના અનુયાયી હતા. પરંતુ તેમનું આ અદ્વૈત જીવનવિમુખતાથી કલુષિત ન હતું, બલકે પ્રેમ દ્વારા અદ્વૈતનો સાક્ષાત્કાર શક્ય છે એમ તેઓ સમજતા હતા. આથી જીવન ને કવનમાં સર્વત્ર તેઓ અભેદમાર્ગપ્રવાસી જ રહ્યા છે. અનેકવિધ વાદ-વિવાદ-વિતંડાઓ વચ્ચે તેઓ અદ્ભુત સ્થિરતા જાળવી શકતા. એક વિવાદને અનુલક્ષીને તેઓ લખે છે: 'ગુજરાતમાં મારા વિચારોનું બલ ઠીક જામ્યું છે. સુધારાવાળા ગભરાયા છે. તેમણે મારી વિરુદ્ધ બહુ લડાઇઓ યોજી છે, તે 'સુદર્શન' તથા બીજાં પત્રો દ્વારા સુવ્યક્ત છે. મારે દ્વેષ નથી, આગ્રહ નથી, સત્ય છે તે કહું છું. તેમાં તે લોક તો કેવલ ક્ષુદ્ર શરીરના દ્વેષે કરી લડે છે, તો ભલે; તેમને પણ તેમનું કર્મ કદી સત્ય બતાવે તો સારું.'

૧૮૯૩માં અમેરિકાના પાટનગર શિકાગોમાં વિશ્વ-ધર્મ-પરિષદ ભરાવાની હતી તેની 'સલાહકાર સમિતિ'માં મણિલાલને લેવામાં આવ્યા હતા. વેદાન્ત-ધર્મના આ ગરવા અને ચુસ્ત પ્રેમીને વેદાન્ત-ધર્મના પડઘા વિશ્વને ખૂણેખૂણે પડતા જોવાની સ્વાભાવિક મહત્ત્વાકાંક્ષા હતી. એ માટે તેમને અમેરિકા જવાની તીવ્ર ઇચ્છા થઇ. પણ તેમાં થતા ગંજાવર ખર્ચનો અડસટ્ટો લગાવતાં, તેમણે 'હિન્દુઈઝમ' ઉપર એક વિદ્વત્તાપૂર્ણ લેખ જ માત્ર પરિષદમાં વાંચવા માટે મોકલી આપ્યો. આ લેખ પરિષદના કાર્યવાહક અધ્યક્ષને એટલો તો પસંદ પડી ગયો કે તેણે મણિલાલને અમેરિકા આવવા હાર્દિક આમંત્રણ આપ્યું, અને હિંદુ ધર્મનો સર્વસામાન્ય ખયાલ મેળવવા દસ સવાલો તેમને પત્રથી પુછાવ્યા. તેમના ખર્ચની જોગવાઇ કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું. વેદાન્ત-ધર્મના પ્રસાર માટેના આ વેળાના મણિલાલના ઉદ્ગારો નોંધપાત્ર છે: 'તા. ૧૧મી કે ૧૮મી(ઑગસ્ટ)ની મેલમાં જવું એમ નિશ્ચય રાખ્યો છે. કેવો આનંદ! આપણા વેદાન્તના સિદ્ધાંતો આખી દુનિયા આગળ મૂકવાનો કેવો સંધિ! પણ પૈસા–પૈસા–પૈસા–એ જ અડચણ નડે છે! અરે ભાવિ! પૈસા લાવ, ઉપજાવ. આર્યભૂમિ! સમય જાય છે!' આચારશુદ્ધિના આગ્રહી મણિલાલને પોતાની સાથે કોઇ શુદ્ધ બ્રાહ્મણ સાથે લઈ જવો જોઈએ, અને પરિણામે ખર્ચ ઘણું જ વધી પડે, એ વિચારે અંતે અમેરિકા જવાનું માંડી વાળવું પડેલું.

શરીર–મન–જ્ઞાનતંતુઓને **યોગાસનો** સ્વસ્થ રાખતી વ્યાયામરીતિ

૧૦: ઊર્ધ્વ-પદ્માસન

પદ્માસન ઉપર બેત્રણ આસનો કર્યાં એટલે પદ્માસન કરતાં તમને આવડી ગયું. હવે શરીરને શીર્ષાસનની જેમ ઊંચકીને પદ્માસન કરો. શરીરને ઊંચું કર્યા પછી પદ્માસન કરવાનું છે માટે આ આસનને ઊર્ધ્વ-પદ્માસન કહે છે.



શીર્ષાસનમાં શરીરને રાખો છો તેમ રાખી શરીરને ઊંચકીને પગને વળેલા રાખીને માથા ઉપર સ્થિર થાઓ. હવે એ જ સ્થિતિમાં પદ્માસન કરો. યાદ છે ને? જમણા પગને ડાબી જાંઘ ઉપર ને ડાબાને જમણી ઉપર. એમ કરતાં હાલીને પડી ન જવાય એની કાળજી રાખો. એ અદ્ધર પદ્માસન કરીને માથા પર સ્થિર થવું તે ઊર્ધ્વ-પદ્માસન.

શીર્ષાસનમાં ઢીંચણમાંથી પગને સીધા કરતી વખતે ઘણા માણસોને ડર લાગે છે, અને એમના પગ સ્થિર રહી શકતા નથી. એવા માણસો પગને લાંબા કરવાને બદલે આ પ્રમાણે પદ્માસનમાં વાળીને રાખે તો પણ એમને શીર્ષાસનના બધા જ લાભ મળે. આ આસનનો સમય અનુકૂળતા પ્રમાણે વધારી શકાય છે. —હાસુભાઈ શુક્લ

વેદાન્તના સમર્થ અને વિદ્વાન પંડિત તરીકે તેમની ખ્યાતિ જગતભરમાં ફેલાઈ ગઈ હતી. ઘણા પરદેશીઓ તેમના વેદાન્ત-જ્ઞાનનો લાભ લેવા તેમને મળવા નડિયાદ આવતા. ભારત-અટન કરતાંકરતાં ૧૮૯૨ના એપ્રિલમાં સ્વામી વિવેકાનંદ નડિયાદ આવ્યા ત્યારે તેમને મળેલા. એ મુલાકાતનો એક મિત્રને પત્રમાં ઉલ્લેખ કરતાં તેમણે લખેલું: 'At Nariad I met Mr. Manilal Nabhubhai. He is a very learned and pious gentleman, and I enjoyed his company much.'

નિત્યધર્મકર્મ તથા દૈનિક જપજાપ-પાઠપૂજા એ તેમની દિનચર્યાનું મહત્ત્વનું અંગ હતું. ભાવનગરથી નડિયાદ આવ્યા ત્યારે તેઓ રોજ ત્રિકાલસંધ્યા, એક હજાર ગાયત્રીનો જાપ અને આખી યે ગીતાનો પાઠ કરતા. આ ધર્મવિધિમાં ૧૮૯૨ના મે મહિનાથી શ્રીચક્રની પૂજા તથા ચંડીપાઠનો ઉમેરો થયો હતો.

૧૮૮૯ની નાતાલમાં મુંબાઇ ખાતે મળેલા હિંદી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં તેમણે નડિયાદના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. નડિયાદ તાલુકા તથા ખેડા જિલ્લાની કૉંગ્રેસ સમિતિઓ સ્થાપવાનો પ્રબંધ તેમણે કર્યો હતો. ખેડા–પંચમહાલ જિલ્લાઓ માટે સંયુક્ત કૉંગ્રેસ સમિતિ નડિયાદમાં સ્થપાઈ હતી તેના મણિલાલ તથા હરિલાલ પંડ્યા મંત્રીઓ ચૂંટાએલા. ૧૮૯૦ના ડિસેમ્બરમાં ભરાનાર અધિવેશનમાં ખેડા, પંચમહાલ તથા અમદાવાદ જિલ્લાના પ્રતિનિધિ તરીકે તેમની નિમણૂક થઈ હતી, પરંતુ માંદગીને કારણે તેઓ હાજર રહી શકેલા નહિ. તા. ૧૧–૪–'૯૧ના રોજ તેમણે નડિયાદ મુકામે કરેલી નોંધ મુજબ નડિયાદના ઑનરરી મૅજિસ્ટ્રેટ તરીકે પણ તેમની નિમણૂક થએલી. અને ૧૮૯૧ની અધવચમાં તેઓ સરકાર તરફથી નડિયાદની સુધરાઈના સભ્ય તરીકે પણ નિમાયા. એ હેરજો ૧૮૯૩ના અંતભાગ સુધી તેમણે સુધરાઈના કાર્યવાહક મંડળમાં તેમજ

શાળાસમિતિના અધ્યક્ષ તરીકે પણ કામ કરેલું.

કુટુંબ સાથે મણિલાલને જાણે કે લેણું જ ન હતું. પિતા નભુભાઈ પણ પુત્રને સ્વાર્થનું સાધન જ સમજતા. ૧૮૮૯ની ૧લી સપ્ટેમ્બરે નભુભાઇનું નડિયાદ ખાતે અવસાન થયું. ૧૮૮૯ની ૧૮મી ઑક્ટોબરે તેમના ઘરમાં દોઢસો હજાર રૂપિયાની કિંમતનાં ઘરેણાંની ચોરી થઈ તેમાં તેમનો તેર વર્ષનો ભાઈ માધવલાલ, અને તેમની પત્ની પણ સંડોવાએલાં હતાં. ૧૮૮૯ની ૬ઠ્ઠી ડિસેમ્બરે મણિલાલ સંન્યાસ ધારણ કરવાનો વિચાર કરે છે, પરતુ માથે લીધેલી જવાબદારીઓને એમ

મેં સાહસ કર્યું:૨

સને ૧૯૨૬ની વાત છે. બસરાની દક્ષિણે શટ-અલ-અરબ નદીને કિનારે આવેલા મોહમેરાહ બંદરથી ૪૦ માઈલ દૂર આવેલા આહવાઝ (નાસરી) શહેર જવા પોષ મહિનાની અંધારી રાતે હું એક પૅસેન્જર બગલા(નાનું ખુલ્લુ વહાણ)માં રવાના થયો. કારૂન નદી નૅવિગેબલ છે. અમારા બગલામાં ૬–૭ અરબ કુટુંબો અને ૨–૩ આજમ કુટુંબો હતાં. હિંદી હું માત્ર એકલો હતો. ત્રણત્રણ થરાં કપડાં પહેરેલાં, છતાં લોહી થીજી જાય એવી કાતિલ ઠંડી હોવાથી સગડીઓ કરી અમે તાપતાં હતાં.

રાતના એક વાગ્યાના સુમારે સામેથી આવતી એક મોટર-લૉંચ અમારા બગલા સાથે અથડાઇ! અમારા બગલાના બે ફાચરા થતાં અમે બધાં પાણીમાં નીચે ગયાં. હું તો ઊંડો ને ઊંડો પાણીમાં જતો ગયો. કદાચ કાંઈ વાગી બેસે એ ભયથી પ્રાણ જાય એટલી સીમા સુધી શ્વાસ ઘૂંટયો. પછી તો ઇચ્છા વિરુદ્ધ સપાટી પર અવાયું. ઘોર અંધારું હતું, એમાં માત્ર કુદરતને આધારે હું તરવા લાગ્યો, અને કિનારે આવી પહોંચ્યો. કાંઠો પાણીથી આશરે ૫ ફૂટ ઊંચો હશે. જમીન એવી ચીકણી હતી કે પકડવા જતાં લપસી પડાતું. પણ ઝાળાંઝાંખરાં દાંત વડે પકડીને ઉપર ચડી તો ગયો, પણ ત્યાં તો સઢ અને પવન કહે કે મારું કામ. ત્રણથરાં કપડાં, આંગળાં થીજી જવાથી, નીકળે નહિ કે ફાડી શકાય નહિ. અંતે પવન એટલો તો અસહ્ય લાગ્યો કે બહાર એમાં થીજી મરવા કરતાં નદીમાં હૂંફ મેળવવી સારી એમ નિરુપાયે વિચારી દોડીને મેં કારૂનમાં ઝંપલાવ્યું. એ પછી ખબર નથી કે શું થયું; પણ બરાબર પચાસ કલાકે ભાન આવ્યું ત્યારે હું મોહમેરાહની શેખ ખઝાલ ઑસ્પિટલના બિછાના પર પડયો હતો. પાછળથી જાણ્યું કે અકસ્માત કરનાર લૉંચે બીજાં થોડાંક ઉતારુ સાથે મને પણ બેભાનાવસ્થામાં ઊંચકી લીધેલો. શાર્ક માછલીઓની મોટી સંખ્યાને લીધે નદીને કિનારે પણ કોઈ નાહવા પડી શકતું નથી! હું બચ્યો શી રીતે? એનું મને હજુ સુધી આશ્ચર્ય છે. મારું એ સાહસ ખરેખર જીવલેણ હતું. —દેવકૃષ્ણ જોષી

કાયરપણે અળગી કરવામાં તેમનું મન માનતું નથી. ૧૮૯૩ના ઑગસ્ટ મહિનામાં તેમણે નડિયાદમાં પોતાનું નવું ઘર બંધાવ્યું, તેથી થતા ઘરના વેધ અંગે પડોશીએ દાવો કરેલો. આ બનાવનો લાભ લઈ નાતીલાઓએ પ્રચાર કરી બાબરના સાસરાના ખૂનનો તેમના ઉપર જૂઠો આરોપ મૂકયો, પરંતુ એમાંથી તેમને મુક્તિ મળી. હવે પણ સંન્યાસનો તેમને વિચાર આવી જાય છે, પરંતુ જવાબદારીઓને ખયાલે ફરી તે પડતો મૂકે છે. ૧૮૯૭ની ૨૭ જાન્યુઆરીએ તેમણે પોતાનું વસિયતનામું, કૌટુંબિક ક્લેશ આદિને કારણે વહેલું, તૈયાર કરી રાખેલું.

તા. ૨૧-૩-૧૮૯૧ના રોજ મણિલાલની પત્ની મહાલક્ષ્મી કોઈ એક માણસ સાથે નાસી ગઇ. પત્નીને મનાવવા–સુધારવા માટે મણિલાલે આ બનાવ પહેલાં તો ઘણા જ પ્રયાસો કરેલા, પરંતુ એ નિષ્ફળ

ગયા. પત્નીના ગૃહત્યાગના આ બનાવનો ભગ્ન હૃદયે ઉલ્લેખ કરતાં તેઓ લખે છે: 'હું ધારું છું કે × × × સાથેના મારા સંબંધરૂપી નાટકનો આ છેલ્લો જ પ્રવેશ હો!'

૧૮૯૦ના એપ્રિલમાં તેઓ પંજાબ યુનિવર્સિટીમાં બી. એ. તથા એમ.એ.ના સંસ્કૃતના પરીક્ષક નિમાયા, એ જ અરસામાં તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું. તરત જ વડોદરા રાજ્ય તરફથી છ માસ ચાલે તેટલું ભાષાંતરનું કામ તેમને મળ્યું. ને ૧૮૯૦ના ડિસેમ્બરમાં ફરી બીજું પાંચ માસ ચાલે એટલું કામ મળ્યું. ૧૮૯૩ના ડિસેમ્બરમાં વડોદરા રાજ્ય તરફથી 'સંસ્કૃત ભાષાંતર ખાતું' પાંચ માસ માટે ખોલવામાં આવ્યું, તેના મુખ્ય અધિકારી તરીકે માસિક રૂ. ૩૫૦(બાબાશાઇ)ના પગારથી મણિલાલની નિમણૂક થઇ. હવે તેમણે વડોદરામાં નિવાસ સ્થિર કર્યો. મણિલાલ ને રાજ્યના વિદ્યાધિકારી હરગોવનદાસ કાંટાવાળા વચ્ચે 'બાળવિલાસ'ના પાઠો અને તેની ભાષા અંગે તીવ્ર મતભેદ ઊભો થયો હતો. આને લીધે હરગોવનદાસનું વલણ મણિલાલની વિરુદ્ધ હતું, જે આખર સુધી રહ્યું. પરિણામે તેમની નોકરી બાબત અનેક ગૂંચો ઊભી કરવામાં આવી હતી. મણિલાલનું હૃદય પોકારી ઉઠે છે: 'આ કાજળની કોટડી છે, એમાં હું આવીને ફસાયાથી પસ્તાઉં છું; વગર ડાઘે જવાય તો સારું.' અંતે ૧૮૯૫ના જુલાઈમાં ભાષાંતરખાતું બંધ થતાં નોકરીનો મહામહેનતે પગાર મેળવી શકીને તેઓ નડિયાદ આવ્યા.

એક અગત્યનો સુધારો

આ અંકના પૃ. ૪૦૧ ઉપર આપેલા પાનાંની રમતના કોયડા (નાનો પ્રશ્ન)માં, ઉત્તર દિશાના રમનારની બાજીમાં પહેલું પત્તું (મથાળાની બરોબર નીચે જ) ♠ AA છે તેને બદલે ♠ A 4 જોઇએ. આ છાપભૂલ માટે દિલગીર છીએ.

૧૮૯૮ના માર્ચ માસમાં મણિલાલના રસિક અને ફક્કડ કવિમિત્ર બાલાશંકરનું અવસાન થયું. બાલાશંકરની દુર્દશા વખતે મણિલાલે તેમને કલાપી પાસેથી આર્થિક મદદ કરાવીને તથા બીજા ઘણા પ્રકારે હૂંફાળી હમદર્દી બતાવેલી. છેલ્લેછેલ્લે બંને મિત્રો નડિયાદમાં જ રહેતા, અને કાવ્ય-સંગીત-વિનોદથી પુરાણી મિત્ર-પ્રીતિનો પુનરનુભવ કરતા. એપ્રિલ ૧૮૯૮ના 'સુદર્શન'માં પોતાના આ બાલમિત્રને અંજલિ આપતાં મણિલાલ લખે છે: "જે 'મૃચ્છકટિક'નું આ પુરુષે બહુ સુરસ વાણીથી ભાષાંતર કર્યું છે તેનો નાયક ચારુદત્ત એ જ જાણે એની નિરંતરની ભાવના રહી. મહાવિપત્તિ ને ભાગ્યના વિપર્યય આ તરુણ કવિએ અનુભવ્યા, તેમાં જે ધીરજ પરાક્રમ ને ભવ્યતા સાચવી રાખ્યાં, તે એના વિદ્યાવિલાસ જેટલાં જ હરકોઈને બોધક અને અનુકરણીય છે."

જિંદગીનાં છેલ્લાં બે વર્ષ દરમ્યાન દેશભરમાં તેમજ દેશ બહાર તેમની ખ્યાતિ સંસ્કૃત ભાષાના મહાન પંડિત તરીકે ફેલાઈ હતી. ગુજરાતમાં તો તેઓ આર્ય ધર્મ ને સંસ્કૃતિના ચિંતક અને પુરસ્કર્તા તરીકે તથા પ્રથમ પંક્તિના સાક્ષર તરીકે ઉચ્ચતમ કોટિનું માન પામ્યા હતા.

મણિલાલની પ્રકટ ચરિત્રસામગ્રીમાં વધુ આધારભૂત અને માહિતીદાયક જીવનકથા 'મણિલાલ નભુભાઈ: જીવનરંગ'માં મણિલાલના વ્યક્તિત્વ વિષે લખતાં લેખક ડૉ. ધીરુભાઈ ઠાકર કહે છે: 'મણિલાલનું વ્યક્તિત્વ આકર્ષક હતું. ગૌરવર્ણ, વિશાળ તેજસ્વી ભાલપ્રદેશ, ઊંડી અને વેધક આંખો, શાંત ગંભીર અને પ્રતાપી મુખમુદ્રા, લાંબી આજાનબાહુ કાયા, લાલચટક અમદાવાદી પાઘડી અને લાંબા કોટ ઉપર ફરફરતો ખેસ, જ્યાં જાય ત્યાં, મણિલાલનો સુદૃઢ પ્રભાવ પાડતાં.'

૧૮૯૮ના જુલાઈ કે ઑગસ્ટમાં તેમને ગરદન પાછળ ગૂમડું થયું.

ગૂમડામાં નારાં પડતાં પાકું પડી ગયું. સપ્ટેમ્બરમાં એ પાઠામાંથી ક્રમળો થયો. દાક્તરની દવા તો ચાલુ જ હતી. પોતાને શી દવા આપવામાં આવે છે એ જાણવા માટે તેમણે દવાની એક શીશીના લેબલ પર જોયું તો ખબર પડી કે વાછડાના પેટના રસમાંથી તે દવા બનેલી છે. મણિલાલે તરત દવાની શીશીનો ઘા કરી દીધો. તાવ તો એમને હતો જ. દવા નહિ લેવાથી પ્લુરસી થઈ.

એમ કહેવાય છે કે મૃત્યુ વિષે મણિલાલને પહેલેથી જાણ થઈ ગએલી. આથી તેમણે બહારગામથી મિત્રોને મળવા બોલાવેલા. ભીષણ માંદગી વખતે પણ તેમને લેખન-વાચન તથા આજુબાજુ બેઠેલા મિત્રમંડળ વિના ચાલતું નહિ. તા. ૧-૧૦-૧૮૯૮ના રોજ સવારના આઠ ને નવની વચ્ચે ચતુરભાઈ, નાનાસાહેબ, ડૉ. રામસિંગ, ફૂલચંદભાઈ શાહ અને સૂરતથી આવેલા કોઈ હરરાયભાઈ વગેરે મિત્રો તેમની બેઠકમાં એકઠા થયા હતા. મણિલાલ અસ્વસ્થ હતા. તકિયા પર ઊંધા પડી તેઓ ત્યારે કંઈક લખી રહ્યા હતા. એકાએક તેમના હાથમાંથી કલમ પડી ગઈ અને તેમના પ્રાણ છૂટી ગયા. જો આ પ્રસંગ સાચો હોય તો આજીવન અક્ષરસેવી મણિલાલ માટે તો ઘણો જ ભવ્ય અને ઉજ્જ્વલ ગણાય.

કહેવાય છે કે એમનાં માતાએ આ માંદગી વખતે તેમની ખડે પગે તનતોડ ચાકરી કરેલી, અને મણિલાલના અવસાનનો આઘાત એવો કપરો નીવડયો કે તેઓ ગાંડાં જેવાં થઈ ગએલાં, અને એ જ હાલતમાં રિબાઇરિબાઇને ત્રીજે વર્ષે-ઘણું કરીને ૧૯૦૧માં તેમનું અવસાન થયું.

(ઉપસંહાર આવતા અંકમાં)

નવા યુગની નવી કહેવતો

ગળણાને નસીબ કચરો!
વાલ ફૂલે ને પાણી ગંધાય.
હલકું પલ્લું ઊંચે જ જાય.
પોતાનાં છિદ્રો ચાંદરણાં કહેવાય.
મળ્યા તો રામ, નહિ તો રામપાતર!
થાકયાં આંગળાં ને ઢગલો થઇ ભ્રમણ.
ઈંટ આડી થયા વિના ભીંત ઊભી ન થાય.
શાહુડી અને ઘોડાની પાછળ કદી ન રહેવું.
બગલાને તો માછલી મળે ત્યાં માનસરોવર!
કાટલાં જોખ્યે વાણિયા થવાય,-વેપારી નહિ.
નીલકંઠે નીલકંઠે ફેર: સાપ કંઇ મોરને મહાદેવ ન માને!
અમદાવાદનો ધુમાડો:ઉપર પણ જાય, ને નીચે પણ આવે!
મોરપીછની આંખમાં બહુબહુ તો મોર દેખાય.
ઉપવાસ કરે તો યે દાંત ખોતરવાનું ન ભૂલે!
લુહારને શ્વાસ ચડે, પણ ધમણને ન ચડે.
વીજળીનું વીંધ્યું આકાશ કાણું ન થાય.
કાફિયા બદલાય એમાં રદીફને શું?

રતિલાલ 'અનિલ'

રસાયનશાસ્ત્રના પ્રોફેસર દવાવાળાની દુકાને આવીને થોડી વાર તો મૂગામૂગા ઊભા રહ્યા. પછી બોલ્યા, 'મને થોડો એસેટિલસેલીસીલિક ઍસિડ જોઈએ છે'.

દવાવાળાના ગુમાસ્તાએ પૂછ્યું 'તમારે ઍસ્પીરીન જોઇએ છે ને?

'હા—હા, એ જ;' પ્રોફેસર સાહેબ બોલ્યા, મને, સાળું, એ નામ જ યાદ નથી રહેતું!

ગુજરાતની કાષ્ઠપ્રતિમા

પ્રતિમાઓનાં અનેકવિધ દ્રવ્યોમાં દારુ-કાષ્ઠની પ્રતિમાઓ બનાવવાનું પણ સૂચવ્યું છે.[1] સાથે સાથે તેમાં વપરાતાં કાષ્ઠો-વૃક્ષોના પણ ઉલ્લેખો આપવામાં આવેલા છે.[2] પણ પાષાણ અને ધાતુઓને મુકાબલે લાકડાની મૂર્તિઓ ક્વચિત જ બનાવવામાં આવતી એમ લાગે છે. તેનાં કારણોમાં એ કે, કાષ્ઠને પાણીથી ભીંજાઈ ખવાઈ જવાની તથા ભ્રમર અને બીજા કીટ-જંતુઓથી તેને નુકસાન થવાની સંભાવના રહે. વળી કાળાંતરે કાષ્ઠપ્રતિમાઓમાં ફાટ પડી જીર્ણ થતાં તૂટી જવાનો પણ ભય. આથી જ સેવ્ય પ્રતિમાઓ ખાસ કરીને ધાતુ કે પાષાણની બનાવવાનું આપણા શ્રદ્ધેય સમાજે સ્વીકાર્યું હશે.

ગુજરાતમાંથી પાષાણ અને ધાતુની તો સેંકડો નાનીમોટી પ્રતિમાઓ મળી આવે છે, પરંતુ કાષ્ઠની સેવ્ય પ્રતિમાઓ જવલ્લે જ જાણવામાં આવી છે. કેટલાંક ઘરમંદિરોમાં નાનીનાની કાષ્ઠમૂર્તિઓ પૂજાતી જોવામાં આવે છે, જેમાં ગણપતિની પ્રતિમાઓ મુખ્ય હોય છે. શ્વેતાર્ક—ધોળા આકડાના ગણપતિ ઉપાસકને સદ્યઃસિદ્ધિ આપતા હોવાનું મંત્રશાસ્ત્રકારોએ જણાવ્યું હોવાથી, તેવી મૂર્તિઓ ઉપાસકો પૂજે છે. એ જ રીતે જગન્નાથની મૂર્તિઓ પણ કાષ્ઠની જ હોય છે. ઓરિસ્સામાં આવેલા જગન્નાથ પુરીના મંદિરની પ્રધાન પ્રતિમાઓ કાષ્ઠની જ છે, અને તે દર બાર વર્ષે નવી બનાવવામાં આવે છે. આ જ પરંપરાને અનુલક્ષી ગુજરાતમાં આવેલાં અમદાવાદ, પાટણ આદિનાં જગન્નાથજીનાં મંદિરોમાં પણ જગન્નાથજી, બળદેવજી, સુભદ્રા આદિની મૂર્તિઓ કાષ્ઠની જ છે. મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં અર્ધનારીશ્વર જેવી એક કાષ્ઠમૂર્તિ છે. તે પાટણથી મળી હોવાનું તેની પરિચયનોંધમાં સૂચન છે. તેનો કલાવિન્યાસ નોંધપાત્ર છે.


આ સિવાય ગુજરાતમાં મને બીજી બે કાષ્ઠમૂર્તિઓ જોવા મળી છે. પાટણમાં 'જગત્સ્વામી' નામથી ઓળખાતી સૂર્યની એક કાષ્ઠમૂર્તિ મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં પૂજાય છે. આ મૂર્તિ આશરે ૪ ફૂટ ઊંચી, અખંડ ચંપાના કાષ્ઠમાંથી જ બનાવવામાં આવેલી છે. સૂર્યનાં ૧૦૮ નામો પૈકી બકુલસ્વામી, ભામલસ્વામી, જગત્સ્વામી વગેરે નામ જુદાં જુદાં કારણોને લઇ ચરિતાર્થ થયાં છે, અને આ નામ ધરાવતાં સૂર્યમંદિરો મધ્યકાળમાં હોવાનું પ્રાચીન શિલાલેખો અને તામ્રપત્રો ઉપરથી જાણવા મળે છે.[3] આ પૈકી જગત્સ્વામી નામ સૂર્ય માટે શ્રીમાળમાં વધુ જાણીતું હતું; કારણ કે શ્રીમાળ જ્યારે ગુર્જરદેશની રાજધાની તરીકે જાહોજલાલી ભોગવતું હતું, ત્યારે તે શહેરના નાગરિકો સૂર્યનારાયણના પરમ ભક્તો હોવાથી, તેઓ આ નામથી સૂર્યની ઉપાસના કરતા હતા. એ શ્રીમાળના પતન બાદ અણહિલપુર ગુજરાતના પાટનગર તરીકે પ્રસિદ્ધિમાં આવ્યું.

શ્રીમાળમાં 'જગત્સ્વામી'નું પ્રાચીન મંદિર વિદ્યમાન હતું, એટલું જ નહિ પણ તે કાષ્ઠનું હોવાનું જણાય છે. પ્રાચીનયુગમાં મંદિરો,

૧ अष्टलोहमयी मूर्तिं शैलरत्नमयी शुभा।
श्रेष्ठवृक्षमयीवाडश्री प्रवालादिमयी शुभा॥ १०॥ રૂપમંડન અ-૧

૨ चंदनं देवदारुश्च शमीपिप्पलशिंशपा।
खदीराम्रं च मालूरमधुका बकुलस्तथा॥
पद्मकं कर्णिकारं च निम्बादिनां त्र्यं त्र्यं।
क्रमादारवबिबानां विज्ञेयास्तरवः शुभाः॥ देवतामूर्तिप्रकरण-पा-२२

૩ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો (કલકત્તા) ભા. ૨ પૃ. ૬૬



પાટણમાં મહાલક્ષ્મી માતાના મંદિરમા 'જગત્સ્વામી' નામથી પૂજાતી સૂર્યની પ્રાચીન કાષ્ઠમૂર્તિ તથા રન્નાદેવીની મૂર્તિ. આ પ્રતિમાને વસ્ત્રો પહેરાવી રાખે છે, જે બાર મહિને માત્ર આસો સુદ ૮ના દિવસે ઊતરે છે. તેમના પૂજારીને ખાસ વિનતિ કરી ત્યારે આટલો જ ભાગ ખુલ્લો કરી છબી લઈ શકાઇ છે. (શ્રી મણિભાઇ પાંડયેના સૌજન્યથી)


મહાલયો, પ્રાકારો અને રાજપ્રાસાદો કાષ્ઠના બનાવવામાં આવતા હોવાનું ઇતિહાસ કહે છે.[4] (પાટલીપુત્રનો રાજપ્રાસાદ કાષ્ઠનો હતો.) પ્રાચીન લોકકથાના આધારે બૉમ્બે ગેઝેટિયરના લેખક શ્રી જૅક્સને શ્રીમાળનું ઉપર્યુક્ત મંદિર સંવત ૨૦૨માં બંધાયું હોવાનું નોંધ્યું છે.[5] આ નગરનો સૌથી પહેલો વિનાશ સં. ૨૯૫મા થયો. ત્યાર બાદ સં. ૪૯૪માં તેનું પુનર્વિધાન થયું. સં. ૯૦૦માં ફરીથી તેનો નાશ કરવામાં આવ્યો; અને પુનઃ સં. ૯૫૫માં તેનું નવનિર્માણ કર્યું, જે ચૌદમા સૈકા સુધી જાહોજલાલી ધરાવતું હતુ. પરંતુ જગત્સ્વામીના પ્રાચીન મંદિરનું શું થયું, શહેરના વિનાશ સાથે તે ખંડિત કે અખંડિત રહ્યું હતું કે કેમ વગેરે હકીકત અંધારામાં જ રહી છે.

શ્રીમાળનો નાશ અનેક વખત થયો છે, પરંતુ તેનો છેલ્લો મહાવિનાશ સં. ૧૩૯૮માં અલ્લાઉદ્દીનના લશ્કરે ઝાલોરના આક્રમણ વખતે કર્યો. આ અગાઉ વારંવાર હુમલાઓ થવાના કારણે, તેમજ ઉપરાઉપરી દુષ્કાળો પડવાથી, ત્યાંની પ્રજાનો મોટો ભાગ સ્થળાંતર કરી તે કાળનાં વિખ્યાત મહાનગરો અણહિલપુર, ખંભાત, ભરૂચ, વડનગર અને સૌરાષ્ટ્ર તરફ ચાલ્યો ગયો હતો. છતાં ત્યાંનાં મંદિરો તથા તીર્થો આબાદ હતાં. આ મંદિરો પૈકી શ્રીમાળનું મુખ્ય જગત્સ્વામીનું મંદિર વિક્રમ સંવતના બારમા સૈકા સુધી સારી સ્થિતિમાં હતું એમ ત્યાંના શિલાલેખો ઉપરથી જણાય છે. હાલના ભિન્નમાલ(પૂર્વકાળના શ્રીમાળ)માંની એક ધર્મશાળામાં બે પ્રાચીન સ્તંભો, જગત્સ્વામી મંદિરના અવશેષોરૂપે છે. આ સ્તંભોમાં કોતરેલા લેખો ઉપરથી જાણવા મળે છે કે 'સં. ૧૧૧૭ના મહા સુદ છઠ ને રવિવારે, બે ઓશવાળ તથા એક પોરવાડ વણિકે પરમાર રાજા કૃષ્ણદેવના સમયમાં જગત્સ્વામી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતાં આ સ્તંભો મુકાવ્યા હતા.'

શ્રીમાળનો ભંગ થતાં ત્યાંનાં મુખ્ય અધિષ્ઠાત્રી ભગવતી મહાલક્ષ્મીની પ્રતિમાને તેમના ભક્તો પાટણમાં લાવ્યા હતા; અને પાટણમાં શહેરના મધ્યભાગે મહાલક્ષ્મીના પ્રાચીન મંદિરમાં પધરાવેલી પ્રતિમા શ્રીમાળની હોવાનું કહે છે તથા તેની સાથે શ્રીમાળ તથા શ્રીમાળીઓના ઇષ્ટદેવ જગત્સ્વામી તથા તેમની પત્ની રન્નાદેવીની કાષ્ઠપ્રતિમાઓ પણ લાવ્યા હતા એમ જાણવા મળે છે. આ બે પ્રાચીન કાષ્ઠમૂર્તિઓ ગુજરાતની વરિષ્ઠ પ્રતિમાઓ પૈકીની કહેવાય છે.

જગત્સ્વામી નામથી ઓળખાતી સૂર્યનારાયણની આ પ્રતિમા અખંડ કાષ્ઠમાંથી બનાવવામાં આવી છે. લોકો તેને ચંપાના કાષ્ઠની હોવાનું જણાવે છે, જ્યારે શ્રીમાળ પુરાણના કથન મુજબ તે પારિજાતના કાષ્ઠમાંથી બનાવેલી હોવાનું જણાય છે. પ્રતિમાનો મુકુટ પ્રાક્કાલીન પ્રતિમાઓના જેવો ઈરાનિયન શૈલીનો છે. સૂર્યપૂજા ઈરાનમાં પણ પ્રચલિત હતી, અને ત્યાંના મગ બ્રાહ્મણો તેના અર્ચકો હોવાનું ઈતિહાસ કહે છે. ગુજરાતમાંથી મળતી સૂર્યપ્રતિમાઓ મોટે ભાગે ઉદીચ્યવેશ અને વિયાંગ ધારણ કરેલી જોવામાં આવે છે. વધુમાં સૂર્યને સૈનિકો જેવા ઢીંચણ સુધીના હોલબૂટ પહેરાવેલા હોય છે, જ્યારે આ કાષ્ઠપ્રતિમામાં ભારતીય વેશભૂષા છે. તેના પગ ખુલ્લા છે અને બંને બાજુ પગ પાસે દંડ તથા પિંગલ નામના ગણો મૂકેલા છે. તેમના બંને હાથમાં કમળ, કટિ નીચે ધોતિયું, ગળામાં એકાવલિ હાર, કાનમાં કુંડળ, અને કટિસૂત્ર-કંદોરો વગેરે પહેરેલાં બતાવ્યાં છે. મૂર્તિની ઊંચાઈ આશરે ૪ થી ૪॥ ફૂટની છે. આ પ્રતિમાને ચંપાનું અભ્યંગ કરવામાં આવે છે—કાષ્ઠ પલળવાથી બગડે તેથી સ્નાન કરાવવામાં આવતું નથી. તેમની પાસેની રન્નાદેવીની પણ કાષ્ઠપ્રતિમા જ છે, જે તેનાથી ૦॥ ફૂટ નીચી છે. તેમને બે હાથ બતાવ્યા હોઈ એકમાં કમળ અને બીજામાં બિજોરું-ફળ છે. માથે રત્નમુકુટ, ગળામાં હાર, કાનમાં કુંડળ, હાથમાં વલયો, અને પગમાં નૂપુરો છે.

આથી ગુજરાતમાં કાષ્ઠની સેવ્ય પ્રતિમાઓ પણ બનાવવામાં આવતી હતી તે પુરવાર થાય છે. પાટણનાં કેટલાંક પ્રાચીન જૈન મંદિરોમાં તો કાષ્ઠના મંડપો, અને તેમાં અનેક દેવદેવીઓનાં સ્વરૂપો કોતરેલાં આજે યે જોવા મળે છે. —**કનૈયાલાલ ભાઈશંકર દવે**



આ અંકની પાછલી આર્ટ-પ્લેટ પર જેનો પરિચય આપ્યો છે તે પાટણની બીજી કાષ્ઠકલાની પૂતળીઓ પૈકીની એક

4 કેમ્બ્રિજ હિસ્ટરી ઑવ ઇન્ડિયા—વૉ. ૧. પૃ. ૪૭૭
5 બૉમ્બે ગૅઝેટીઅર—વૉ. ૧. પૃ. ૪૬૩

સાહિત્યસંપર્ક

શબ્દકથા: શ્રીખંડ કે શિખંડ?

'શ્રીખંડ' કે 'શિખંડ' એ ઘણાંનું ભાવતું ભોજન છે. 'શ્રીખંડ' શબ્દનો દેખાવ જોતાં તેને ચોખ્ખો સંસ્કૃત શબ્દ માનવા મન થાય. અને આથી કોઇકોઇ કલ્પનો ચલાવે છે પણ ખરા, કે સંસ્કૃતમાં 'શ્રીખંડ' એટલે 'ચંદન'; એટલે કેસરવાળા દહીંસાકરના મિષ્ટાન્નમાં યે ઠંડક, સુગંધ ને રંગ હોવાથી તે પણ 'શ્રીખંડ' કહેવાયું; અને 'શ્રીખંડ'નો અશુદ્ધ ઉચ્ચાર તે 'શિખંડ'.

પણ હકીકત જુદી જણાય છે. 'શ્રીખંડ' અને 'શિખડ' એ બેમાં 'શિખંડ' મૂળ રૂપ છે, જ્યારે 'શ્રીખંડ' છે એનું સુધરેલું વેશાંતર. તેજનાથી સુવાસિત દહીંસાકરની વાનીને 'ભાવ-પ્રકાશ' નામનો ગ્રંથ 'શિખરિણી'ને નામે ઓળખાવે છે. આ 'શિખરિણી' ઉપરથી હિંદી 'શિખરન' અને મરાઠી 'શિખરણ' ઊતરી આવ્યા છે. 'શિખરન' એટલે 'દહીંનું સાકર, કેસર, કપૂર ને મેવા નાખેલું પીણું'; ને તે જ પ્રમાણે 'શિખરણ'નો અર્થ છે 'કેળાં વગેરે ફળોમાં દહીં, દૂધ, સાકર, મસાલો વગેરે નાખીને બનાવેલી વાની'. આ 'શિખરણ'નો ઉચ્ચાર બદલાઈને 'શિખણ' કે 'શિખંડ' એવો થયો, ને પછી એ ઉચ્ચાર ભ્રષ્ટ ગણાતાં સંસ્કૃતશાઈ 'શ્રીખંડ' એવો પ્રયોગ ચાલુ થયો. એ શિખંડપ્રેમીને રૂપાળો લાગે એવો પણ ખરો.

રકાર કે અનુસ્વાર વળગાડીને શબ્દને સંસ્કૃતની છાપ લગાડવાનું વલણ જાણીતું છે. 'સીમંત'-ને અશુદ્ધ માની 'શ્રીમંત', 'શાપ'ને અશુદ્ધ માની 'શ્રાપ', 'તાંડવ'ને અશુદ્ધ માની 'ત્રાંડવ' વગેરે બોલાય છે, અને 'અંટપંટ', 'અગડંબગડં' વગેરે સંસ્કૃતનો આભાસ આપતા પ્રયોગો ચાલુ થએલા છે. તે જ પ્રમાણે 'શિખંડ'ને બદલે 'શ્રીખંડ'. કાવ્યમય ને કોમળ નામનો પ્રેમ હોય તેઓ 'શ્રીખડ' કરતાં 'શિખરિણી'ને વધુ પસંદ કરે તો ના નહીં. —હરિવલ્લભ ભાયાણી

વોરા ઍન્ડ કંપનીનાં પ્રકાશનો

પિયો ગોરી: શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનું પ્રદાન કાવ્યની જેમ નાટકમાં પણ મૌલિક ને વિશિષ્ટ છે. શ્રી ઉમાશંકરે તેમનાં કાવ્યોમાં નાટ્યાત્મક તેમ શ્રી ચં. ચી. મહેતાએ તેમનાં નાટકોમાં કાવ્યાત્મક વિલક્ષણતા જોઇ છે.

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનાં દસ એકાંકી ધરાવતા આ પુસ્તકમાં શ્રી ચન્દ્રવદન મહેતા-એ કરાવેલો પુસ્તક-પરિચય ('અર્ક કાવ્યનો, મહેક નાટકની'), લેખકનાં દોરેલાં નાટકોચિત સુશોભનો તેમજ ફ્લૅપ પરનો લેખકનો ટૂંકો જીવન પરિચય—એ બધું પણ ખુદ નાટકો જેટલું જ ગણનાપાત્ર છે. કિંમત: ૩–૫૦. **મોરનાં ઈંડાં અને પદ્મિની**: એ જ લેખકનાં બે (એક સામાજિક અને એક ઐતિહાસિક એવાં) પ્રખ્યાત ત્રિઅંકી નાટકો, રૂા. ૨-૫૦; **ચંદરવો**: ગ્રામજીવનનાં વિધવિધ પાસાંને સ્પર્શતી શ્રી ચુનીલાલ મડિયાની ચૂંટેલી વાર્તાઓ, ૧-૭૫; **સાહિત્યમાં વિવેક**: વિવેચનના સાર્વત્રિક સિદ્ધાંતોનું નિરૂપણ કરીને સાહિત્યવિવેકને ઉપબોધતા, મૂળ વર્સફોલ્ડે લખેલા સાહિત્યજગત્પ્રખ્યાત પુસ્તક 'જજમેન્ટ ઈન લિટરેચર'નો શ્રી નગીનદાસ પારેખે કરેલો અનુવાદ, રૂા. ૨-૫૦; **કૂતરો કે કાળ**: રહસ્યમય નવલકથાઓના યુગનો આરંભ કરતી, અંગ્રેજી સાહિત્યની લોકપ્રિય થએલી, સર આર્થર કૉનન ડૉઇલે લખેલી શેરલૉક હોમ્સની લાંબી જાસૂસી સાહસકથા 'ધ હાઉન્ડ ઑવ બાસ્કરવિલે'નો, શ્રી જેઠાલાલ સોમૈયાએ કરેલો અનુવાદ, રૂ. ૫–૦૦; **બારભાયા**: કચ્છની એક સાચી બનેલી ઐતિહાસિક કથા, લેખક: શ્રી ગુણવંતરાય આચાર્ય, રૂ. ૧-૫૦; **છૂપો ખજાનો**: રૉબર્ટ લૂઈ સ્ટીવન્સનની મશહૂર સાહસકથા 'ટ્રેઝર આઇલૅન્ડ' પરથી સૂચિત, લેખક: શ્રી ગુણવંતરાય આચાર્ય, રૂા. ૧-૨૫; **બાપુના જીવનપ્રસંગો**: શ્રી મનુબહેન ગાંધીએ સરળ અને હૃદયસ્પર્શી શૈલીમાં લખેલા ગાંધીજીના પ્રેરક જીવન પ્રસંગો, રૂ. ૦-૬૦; **સંત જ્ઞાનેશ્વર**: મધ્યકાલીન સંત જ્ઞાનદેવના જીવનની ચિત્રકથા, બિબી અને પિંપીની પેઠે પોતાના પ્રકાશનક્ષેત્રમાં ચિત્રકથાનું બીજું એક નવું પગરણ ઉમેરતી, વોરા કંપનીની 'કુમાર'ના કદની બેરંગી ને આકર્ષક મુદ્રણવાળી પ્રકાશન શ્રેણીનો પહેલો મણકો, રૂા. ૦-૯૦.

ચાલો નાગરિક બનીએ: સારા નાગરિક થવા માટેની શારીરિક યોગ્યતાથી માંડીને કૌટુંબિક પ્રણાલિકા, સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર, રાષ્ટ્રીય સરકાર તથા સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાને લગતી રસપ્રદ માહિતી આપતી, મિ. રૉબર્ટ રૅાઇનૉવની લખેલી પુસ્તિકા, અનુવાદક: નગીનદાસ સંઘવી, રૂ. ૨-૦૦; **વિશ્વરાજકારણમાં લોકશાહી**: 'લોકશાહી' એટલે કેવળ પ્રજાનો ઊભડ સ્વચ્છંદ?—એ પ્રશ્ન લઈને લોકશાહીનું હાર્દ સમજાવતાં ૧૯૫૭નું શાંતિ માટેનું નૉબેલ પારિતોષિક મેળવનાર મિ. લેસ્ટર બી. પીઅર્સને ૧૯૫૫માં આપેલાં 'સ્ટૅફર્ડ લિટલ વ્યાખ્યાનો', અનુ.: શ્રી યશવંત દોશી, રૂા. ૧-૫૦; **ઉદારમતવાદી લોકશાહી**: પુસ્તકના 'પ્રાસ્તાવિક'માં જણાવ્યા અનુસાર 'સમાનતા ને સ્વાતંત્ર્યના સંમિશ્રણ'ની સૂચક એવી 'સ્વાતંત્ર્યને વ્યવસ્થિત કરનાર લોકશાહી' વિષેનો પ્રબંધ, લેખક: મિ. મસિમો સાલવોડોરી, અનુવાદક: નગીનદાસ હ. સંઘવી, રૂા. ૧-૫૦; **અમેરિકાનો અંતરંગ પરિચય**: ગ્રીસના ખ્યાતનામ લેખક: મિ. જ્યૉર્જ થીઓટોકસે લખેલા, અમેરિકાના સાંસ્કૃતિક જીવનનો આંતરિક પરિચય આપતા તથા તેના ગુણદોષોને સ્પષ્ટતા અને નિખાલસતાથી વર્ણવતા પુસ્તક 'ઍન એસે ઑન અમેરિકા'નો શ્રી નગીનદાસ હ. સંઘવીએ કરેલો અનુવાદ, રૂ. ૨-૫૦; **આર્થિક સામ્રાજ્યવાદ**: રશિયન વહીવટને કારણે મધ્ય ને પૂર્વ યુરોપના પ્રદેશોમાં થએલાં પરિવર્તનો પછીના ત્યાંના રશિયા સાથેના આર્થિક સંબંધને અવલોકતું મિ. આલ્ફ્રેડ ઝોબરમૅનનું પુસ્તક, અનુવાદક: શ્રી નવીન હિ. શાહ, રૂ. ૦ ૭૫.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

સદાચારને પગલે અથવા શિષ્ટાચાર: શ્રી શ્રી. વા. કાળેએ મૂળ મરાઠીમાં લખેલી, ગૃહજીવનના રોજિંદા પ્રશ્નો તથ સમસ્યાઓનો વિશદ ઉકેલ દાખવતી, અનિવાર્યપણે ઉપયોગી એવી એક આચારપોથી, અનુવાદક: શ્રી શશિન્ ઓઝા, રૂ. ૧-૨૫; **હઠયોગપ્રદીપિકા**: સ્વાત્મારામ યોગીની મૂળ સંસ્કૃત રચનાના શ્લોકોનો બ્રહ્માનંદે કરેલી સંસ્કૃતટીકા પરથી અનુવાદ, મૂળ શ્લોકો સાથે, અનુવાદક: શ્રી વાસુદેવ મહાશંકર જોષી, રૂ. ૧-૫૦; **શુકદેવજી અને બીજાં આખ્યાનો**: કવિચિત્રકાર સ્વ. શ્રી ફૂલશંકરભાઈ ઝવેરચંદ શાહે રચેલાં ભક્તિજ્ઞાન-રસથી રસળતાં આખ્યાનો, રૂ. ૦-૫૦; **પરમભક્ત પ્રહ્લાદ અને બીજાં આખ્યાનો**: એ જ લેખકના એવાં વધુ આખ્યાનો, રૂ. ૦-૫૦; **મહાપુરુષોના જીવનપ્રસંગો**: જીવનની સમજ અને દૃષ્ટિ મેળવવા તથા કેળવવા આબાલવૃદ્ધ સૌને સરખા ઉપયોગી, મહાપુરુષોના રસાળ અને પ્રેરક ૧૧૩ જીવનપ્રસંગો, સંપાદક: શ્રી શાંતિના. શાહ 'સત્યમ', ૧-૫૦; રૂા. **સોરઠી સ્ત્રી-સંતો**: પરચાની પરવા નહિ કરનારે, સ્થાનો બાંધવાના સંપ્રદાયો સ્થાપવાના કે શિષ્યો મૂંડવાના કોડ નહિ રાખનાર, સાચા અર્થમાં ત્યાગભાવનાપૂત અને ભક્તિભાવભર્યું ઉદાત્ત જીવન જીવી જનાર દસ સોરઠી સ્ત્રીસંતોની, શ્રી કાલિદાસ મહારાજે લખેલી વાતો, રૂ.

૧-૨૫; સંવત ૨૦૧૫નું શુદ્ધ ગ્રહલાઘવીય **કાર્તિકી પંચાંગ**: પંચાંગ, મુહૂર્ત જ્યોતિષ, દિનમાન વગેરેનો શાસ્ત્રોક્ત પરિચય, કર્તા: શાસ્ત્રી હિમ્મતરામ મહાશંકર જાની, ૦-૬૦.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય (વડોદરા)નાં

વિક્રમોર્વશી: 'મહાકવિ કાલિદાસની રસ અને કથાએ સુરસાળ, અર્થભારે ખચિત નહિ ને ખૂબીદાર સરળતાવાળી ભાષાને કારણે લાલિત્ય સ્વરવ્યંજનનાં નૃત્ય વગેરે આકર્ષક ગુણોએ ઊભરાતી, સરલ તેજસ્વી લોકપ્રિય સંસ્કૃત નાટ્યકૃતિ' વિક્રમોર્વશીયમના, આપણા પ્રખરવિદ્વાન, તલસ્પર્શી સાહિત્યાધ્યાપક ને મર્મગામી સાહિત્યકાર સ્વ. શ્રી બલવંતરાય ક. ઠાકોરે કરેલા પ્રસ્તુત અનુવાદના પ્રકાશન સાથે કાલિદાસનાં નાટકોની તેમણે કરેલી અનુવાદત્રયી (બીજાં બે 'શાકુન્તલ' ને 'માલવિકાગ્નિમિત્ર')નું પ્રકાશન પૂર્ણ થાય છે. શ્રી બ.ક. ઠાકોરે લખેલી, અપૂર્ણ રહી ગએલી, પરિચયાત્મક માર્ગદર્શક 'મનનિકા' સાથે. રૂ. ૧-૭૫.

નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય: ભારતીય નાટ્યશાસ્ત્રનાં સ્વરૂપ, બંધારણ અને ઘડતરના વિવેચનમાં જેનો અગ્ર હિસ્સો છે તે આચાર્ય અભિનવગુપ્તાચાર્ય વિષે ભારતીય સાહિત્યમીમાંસાના પીઢ અને અધિકારી વિદ્વાન વિચારક શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ મ. સ. વિશ્વવિદ્યાલયની જ્ઞાનશાખા 'ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય'ને ઉપક્રમે આપેલાં વ્યાખ્યાનો, ગ્રંથસ્થ સ્વરૂપે; જેમાં તેમણે પોતાના આ વિષયને નાટ્યશાસ્ત્રનાં રચનાકાળ, કર્તા, વાચનાઓ, ચર્ચિત વિષય, ને વિશિષ્ટતા ઉપરાંત નાટ્યશાસ્ત્ર ને અભિનવગુપ્ત, અભિનવગુપ્ત ને કાવ્યશાસ્ત્ર, અભિનવગુપ્તની વિશિષ્ટતા, એમ આઠ ખંડોમાં વિભાજિત કરીને શક્ય એટલી વધુ વિગતથી ચર્ચ્યો છે. રૂ. ૧-૭૫.

સંક્ષિપ્ત ભરત-નાટ્યશાસ્ત્ર: ભારતીય નાટ્ય વિષયક ઉપર્યુક્ત પુસ્તકના અનુસંધાનમાં ભારતીય નાટ્યશાસ્ત્રના પિતા ભરતમુનિના નાટ્યશાસ્ત્ર વિષે શ્રી કે. કા. શાસ્ત્રીએ સંયોજેલું શાસ્ત્રીય માહિતીસમૃદ્ધ પુસ્તક. ભરતનાટ્યશાસ્ત્રનો સમગ્ર પાઠ ન લેતાં જરૂરી ભાગોની તારવણી રૂપે લેખકે કરેલો તેનો સમશ્લોકી અનુવાદ સર્વસામાન્ય વાચકને પણ દૃષ્ટિમાં રાખીને બની શકે તેટલો સરળ કરવામાં આવ્યો છે, એ તેની રચનાત્મક વિશિષ્ટતા છે.

અભિનેય ગુજરાતી નાટકો: જેટલાં અને જેવાં છે એવાં ગ્રંથસ્થ ગુજરાતી નાટકોમાંથી ૩૬૦ કૃતિઓની રંગસૂચિ (ભજવણીને લગતા પૃથક્કરણ–પાત્રસંખ્યા, અંકસંખ્યા, સમય, પ્રકાર, સન્નિવેષ-Settings, વસ્તુ, વિશેષ હકીકત–અને વધુમાં લેખક, પ્રકાશક, પ્રકાશન સાલ, પૃષ્ઠ, કિંમત) સહિતની સંકલિત યાદી તરીકેનું આ પુસ્તક અભિનેય ગુજરાતી નાટકોનો તે પ્રકારનો વિરલ સંદર્ભ-ગ્રંથ છે. તેની સાથે, તૈયાર કરનાર આપણા એક અગ્રણી સાહિત્યાભ્યાસી ડૉ. ધીરુભાઈ પ્રે. ઠાકરે અભિનેય ગુજરાતી નાટકનાં ઇતિહાસ, વસ્તુ, પ્રયોગ, પ્રેરક બળો આદિ પર માર્ગદર્શક જે અભ્યાસુ માહિતી 'પ્રાસ્તાવિક'માં આપી છે, તે ઘણી મૂલ્યવાન છે. રૂ. ૪-૦૦

ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન: આપણા સમાજમાં સ્ત્રીનું સ્થાન એ જેમના આજીવન સર્વલેખનનો પ્રિય વિષય રહ્યો છે એ, ગુજરાતનાં અગ્રણી સમાજચિંતક ને સ્ત્રી-લેખિકા શ્રીમતી સરોજિની મહેતાના પ્રસ્તુત વિષયના ગ્રંથસ્થ વિચારો, રૂા. ૬-૦૦; **સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો**: સાહિત્યમીમાંસાના બે અગત્યના પ્રશ્નો 'રસાભાસનું સ્વરૂપ' અને 'અલંકારની વ્યંગ્યતા' એ વિષય ઉપર, મ.સ. વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગના મુલાકાતી અધ્યાપક તરીકે આ. શ્રી ડોલરરાય માંકડે આપેલાં બે મનનીય વ્યાખ્યાનો; રૂા. ૦-૫૦; **ઉત્તરાપથ**: સ્વામી પ્રણવતીર્થ (પૂર્વાશ્રમના શ્રી રમેશનાથ ગૌતમે) લખેલા પોતાના હિમાલય-પ્રવાસના આ વર્ણન-પુસ્તકના 'બે બોલ'માં શ્રી રમણલાલ વ. દેસાઈ લખે છે: "'ઉત્તરાપથ' એ એક વિદ્વાન, અનુભવી, રસિક અને રમૂજી હૃદયની મુમુક્ષુ દશામાં થતા પર્યટનની વેગભરી છાપ છે', ૧૫ ફોટોગ્રાફો તથા યાત્રામાર્ગના મોટા નકશા સાથે, રૂા. ૪-૦૦; **મુંબાઇ રાજ્યનાં કૃષિકેન્દ્રો**: મુંબાઇ રાજ્યમાંની કૃષિવિષયક નાનાવિધ પરિસ્થિતિના ઉલ્લેખ સાથે એ સર્વ કૃષિકેન્દ્રોનું સાદી ભાષામાં વિગતભર્યું ને અધિકૃત ઓળખાણ, લેખક: શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા, ૨-૫૬.

વિજયસંદેશ : સંસ્થા-પરિચય વિશેષાંક

આગામી નવેમ્બર માસનો 'વિજયસંદેશ' સામયિકનો અંક 'સંસ્થા પરિચય વિશેષાંક' તરીકે પ્રસિદ્ધ થશે. તેમાં પોતાનો પરિચય આપવા ઇચ્છતી સામાજિક–સાંસ્કૃતિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓએ તેની વિગતો મોકલવા માટેનું પત્રક તા. ૨૦મી ઑક્ટોબર પહેલાં મેળવી લેવું. સરનામું: 'વિજયસંદેશ', C/o બાઈ લીલાવંતી હાઈસ્કૂલ, ૩૭૫ સરદાર પટેલ રોડ, મુંબાઈ-૪.



આર્ધુ ફળી

રે રે કાળ! તહારી પાંખ સબળી સર્વત્ર ગર્જી રહી,
જેની ઉપર એક પાછળ બીજો કલ્લાક જાતો વહી,
જેના ગ્રીષ્મ વૃષા વસંત સમય સ્નેહી થઈ સંચરે,
ખેંચી જાય જગત્ સમસ્ત વહીને શૂન્યાવસાને ખરે.

—બાલાશંકર

રણકતી સચ્ચાઇનો મસ્ત કવિ : બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનો ગુજરાતી કવિતાનો ક્ષેત્રપટ, રણકતી સચ્ચાઈના ભાવોદ્ગાર સમાં, કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા 'બાલ'નાં, સંખ્યાની ગણતરીએ ઓછાં છતાં ગુણની દૃષ્ટિએ બહુમૂલ્ય કાવ્યોએ કરીને હર્યોભર્યો છે. ચાલુ વર્ષે મણિલાલની તેમ તેમના આ સમાનધર્મા વયસ્યની પણ જન્મશતાબ્દી ગુજરાતે ઉત્સાહભેર અને માનપૂર્વક ઊજવી.

એમનો જન્મ નડિયાદમાં સં. ૧૯૧૪ના જેઠ સુદ પાંચમના રોજ, ઈ. ૧૮૫૮ના જૂન માસમાં સાઠોદરા નાગર કુટુંબમાં સારી આર્થિક સ્થિતિ ધરાવતા મામલતદાર પિતાને ઘેર થયો હતો. તેમના કુટુંબમાં બાલા અને ત્રિપુરા નામની બે શક્તિઓની ઉપાસના થતી. તેમને બાલાશંકર નામ શક્તિદેવી 'બાલા' પરથી મળ્યું. પાંચ વર્ષની વયે તેમણે ગુજરાતી ભણવાનું શરૂ કરેલું. ભણવામાં તેઓ હોશિયાર તો હતા જ, પરંતુ મસ્ત અને ધૂની સ્વભાવને કારણે તેઓ મૅટ્રિક પછી પ્રીવિયસ સુધીનો જ અભ્યાસ કરી શક્યા.

કવિતા તો તેઓ નાના હતા ત્યારથી જ લખતા અને વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન કવિ દલપતરામ પાસે કવિતાનો અભ્યાસ કરવા તેઓ દર શનિ-રવિએ અમદાવાદ જતા. મણિલાલને પણ કવિતા લખતા કર્યા તેમના આ મિત્ર બાલાશંકરે. તેમણે કાવ્યલેખનનો આરંભ દલપતરામની શૈલીથી કર્યો હતો; અને મણિલાલ 'આત્મવૃત્તાંત'માં લખે છે તેમ, બંને મિત્રો 'ટાંટિયા મેળવીને' કવિતાઓ લખતા. ઈ. ૧૮૭૨-૭૩માં તેમણે મણિલાલ સાથે મળીને 'સ્વસુધારક' મંડળી સ્થાપેલી. તેમનું લગ્ન સુશીલ અને અતિપ્રેમાળ સ્વભાવનાં મણિગૌરી સાથે થએલું. એ મણિગૌરીની સ્નેહભરી સંભાળથી જ બાલાશંકરનું જીવન પ્રમાણમાં સંતોષભર્યું વીત્યું.

૧૮૮૦માં તેઓ ઘોઘામાં જકાતખાતામાં જોડાયા. તે પછી ૧૮૮૧-૮૨માં ભરૂચમાં રેવન્યુ તથા રજિસ્ટ્રેશન ખાતાના કારકુન તરીકે રહ્યા. ત્યાંથી ૧૮૮૨-૮૩માં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના શિરસ્તેદાર તરીકે તેમની બદલી થઈ, અને છેલ્લે આમોદમાં તેઓ તિજોરી-કારકુન તરીકે રહેલા. આ બધી નોકરી દરમ્યાન ગુજરાતી સાહિત્યની સેવા કરવાની તેમની તમન્ના એટલી તો વેગભરી રહેતી કે અંતે તેમણે સારી આશાવાળી નોકરીનો પણ ત્યાગ કરી દીધો અને વિદ્યાવ્યાસંગને પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું.

૧૮૮૭માં તેમણે 'ભારતીભૂષણ' નામનું ત્રૈમાસિક પ્રસિદ્ધ કરેલું, જે સાહિત્યાધ્યાયીઓનું ઘણું પ્રિય બનેલું. તેમાં સાહિત્યની અને વિદ્યાનાં અનેકવિધ ક્ષેત્રોની નાનાવિધ વિદ્વત્તાપૂર્ણ સામગ્રી પ્રકટ થતી ને તેને વિદ્વદ્વર્ગનો સહકાર પણ સારો મળી રહેતો. બાલાશંકરે સંસ્કૃત ગ્રંથો 'કર્પૂરમંજરી' ને 'મૃચ્છકટિક'ના કરેલા અનુવાદો આ ત્રૈમાસિકમાં હપતેહપતે પ્રકટ થએલા.

જુદીજુદી ભાષાઓનો બાલાશંકરને સ્વાભાવિક અનુરાગ હતો. સંસ્કૃત, અરબી, ફારસી અને વ્રજ ભાષાઓના સાહિત્ય સાથે તો તેઓ તદ્રૂપ થઈ ગયા હતા, જેની સીધી અસર તેમના સાહિત્ય ઉપર પણ પડી છે. વ્રજ ભાષામાં તેમણે કેટલીક સુંદર કવિતાઓ પણ આપી છે. એક મુનશી તેમની સાથે હમેશાં રહેતો અને એની પાસે તેઓ અરબી-ફારસી ભાષાઓનું અધ્યયન કરતા. પહેલાંના જમાનામાં નાગરો ફારસી-ગુજરાતીમાં સવ્યસાચીની અદાથી કલમ ચલાવતા, અને ગુજરાતી કવિ 'વ્રજભાખા'માં પણ હાથ અજમાવ્યા વગર રહેતો નહિ. તેનો છેલ્લો દાખલો બાલાશંકર પૂરો પાડે છે. 'કવિના પિતાના વખતમાં વીરપુરથી એક પીરનો

આપણાં પ્રાણીઓ-૨૪

કરચલો



પોતાના સળંગ પશ્ચિમ કંઠારે સાગર ધરાવતા ગુજરાતના લોકોને કરચલા શા સામાન્ય જલપ્રાણી વિષે ય બહુ ઓછી માહિતી છે.

દેખાવે કુરૂપ આ પ્રાણીની ઘણી જાતો છે. તેનું માથું અને છાતી જોડાએલાં, અને છાતી ઉપર કવચ જેવું મજબૂત ઢાંકણ હોય છે. તેનું નાનું પેટ, એ છાતી તથા નાની મૂછ આગળની બખોલમાં ગૂંચળા રૂપે ગોઠવાએલું હોય છે. કુલ દસ પગ; તેમાંથી આગલા બે આંકડા તરીકે અને બાકીની ચાર જોડ ખોદવા તેમજ તરવામાં કામ આવે છે. જોકે પ્રથમ કક્ષાએ નાજુક બચ્ચાને તો ગળા ને પેટાળ વચ્ચેના ઢાંકણ રૂપે રમૂજી લાંબા નાક જેવી સૂંઢ હોય છે અને આંખો મોટી તથા પેટાળ લાંબું ને પાતળું હોય છે. આ વિચિત્ર નાનું પ્રાણી જડબાના પગ જેવા સાધન વડે તરે છે. પછી કદમાં વધતું તે વખતોવખત ખાલ ઉતારતું જઇને પુખ્ત સ્વરૂપે વિકસે છે.

કરચલા વિષે આપણે ત્યાં તો નહિવત્ સંશોધન થયું છે, એમ કહી શકાય. 'દરિયાકાંઠાનો સામાન્ય' કરચલો ઘણુંખરું ભરતી-ઓટ વચ્ચેના વિસ્તારમાંના વનસ્પતિ–આચ્છાદિત ખડકોની નીચે રહે છે. આ કરચલો તેના વર્ગનો લાક્ષણિક છે. રાતી ઝાંયવાળા ઘઉંવર્ણા રંગ પરથી પરખાતો, લાંબો, ક્યારેક બાર રતલ સુધીનું વજન ધરાવતો, ને માછલીની પેઠે ખોરાકના ઉપયોગમાં આવતો 'એડિબલ' કરચલો ઊંડાં પાણીની ચે ખડકો વચ્ચે રહે છે. 'મીઠા પાણીના' કરચલા નદી–તળાવોમાં રહે છે. 'ભૂમિના' કરચલાની એક જાત જમીન પર પણ રહે છે, અને પ્રજનનઋતુ દરમ્યાન દરિયે પાછી ફરે છે. લાંબા, સુંવાળા ને ગોળ વળેલા પેટાળવાળા 'હર્મિટ' કરચલા 'ઍનૉમ્યૂરા' જાતિના છે. 'રૉબર' કરચલા નાળિયેરની શોધમાં નાળિયેરી પર પણ ચડી જાય છે.

કરચલો એ ચેતનવંતો ને બુદ્ધિશાળી જીવ છે. ખોરાકનાં જંતુને તે આંકડાથી પકડે છે. મરેલાં જંતુ પણ તેને ચાલે. આમ તે પાણીને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે.



કવિ બાલાશંકર : યુવાન વયે

દીવો ઘેર આણ્યો હતો, અને રોજ સંધ્યાકાળે તે પેટાવવામાં આવતો. બાલાશંકર લોબાનનો ધૂપ કરી તે દીવા આગળ સાંજને સમયે ધ્યાનમાં બેસતા. એ સાધનાથી એમણે 'મસ્તફકીરી' સ્વીકારી હતી. આવો સ્વાનુભવ અને ફારસી ભાષાનો ગાઢ પરિચય, એટલે સહેજે બાલાશંકર જલાલુદ્દીન રૂમી, હાફિઝ આદિ સૂફીઓના રાહગીર જેવા બની રહ્યા.' હાફિઝ એમનો પ્રિય કવિ હતો અને તેની કેટલીક કૃતિઓ તેમણે ગુજરાતીમાં ઉતારી છે જે લોકપ્રિય પણ નીવડી છે. એ ઉપરાંત બેનીલાલના વ્રજભાષામાં લખાએલા 'સાહિત્યસિંધુ', ને સંસ્કૃતમાંથી મમ્મટના 'કાવ્યપ્રકાશ' તથા વિશ્વનાથના 'સાહિત્યદર્પણ'ને પણ ગુજરાતીમાં ઉતારવાનો તેમણે પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. ઇતિહાસ પણ તેમના શોખનો વિષય હતો અને ગુજરાતના ઇતિહાસના ફારસી ગ્રંથો ગુજરાતીમાં ઉતારવાનો તેમણે ખાસ પરિશ્રમ લીધેલો. 'મીરાતે સિકંદરી'નો ગુજરાતી તરજુમો કરવાનો તેમણે મોટા પાયા પર પ્રયત્ન શરૂ કરેલો અને 'ઇતિહાસમાળા' નામનું ઇતિહાસવિષયક ખાસ સચિત્ર માસિક પણ તેમણે કાઢ્યું હતું. તેમની પાસે પ્રાચીન લેખો અને સિક્કાઓનો ગણનાપાત્ર સંગ્રહ હતો. શાસ્ત્રમાત્રના પારિભાષિક શબ્દોનો એક સર્વસંગ્રહ (સાઈક્લોપીડિયા) તૈયાર કરવાનું મહાભારત કાર્ય પણ તેમણે ઉપાડેલું. ઉપરાંત સંગીતના પણ તેઓ અચ્છા જાણકાર હતા.

એક મિત્રસંબંધથી પ્રેરાઇને ૧૮૯૩માં તેમણે 'કૃષ્ણમહોદય' માસિક કાઢેલું. તેના માલિક શેઠ સાંકળચંદ મગનલાલ વૈષ્ણવ હતા, એટલે કૃષ્ણભક્તિનું સાહિત્ય તેમાં પ્રધાનપણે આવતું. શ્રી કેશવ હર્ષદ ધ્રુવ અનુવાદિત 'ગીતગોવિંદ' સૌ પહેલું એ 'કૃષ્ણમહોદય'માં પ્રકટ થએલું.

થોડો વખત તે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના નાયબ મંત્રી પણ બનેલા, જે પદેથી 'બુદ્ધિપ્રકાશ' સામયિકનું પણ સંપાદન તેમણે કરેલું. સંસ્કૃતમાંથી 'મૃચ્છકટિક' અને 'કર્પૂરમંજરી'નું ભાષાન્તર, કાવ્યસંગ્રહ 'ક્લાન્ત કવિ', હિંદી કવિ હરિશ્ચન્દ્રે લખેલા 'ચંદ્રાવલી' નાટકનું ભાષાંતર, 'દેવીદાસની રાજનીતિ' એ તેમનો ગુજરાતી સાહિત્યને ગ્રંથ-અર્ઘ્ય છે.

વચ્ચે વળી દેશપ્રેમથી પ્રેરાઇને તેમણે લોઢાના બીડનું જંગી કારખાનું કાઢ્યું હતું. પરંતુ ધૂની સ્વભાવને કારણે તેઓ ધંધામાં ઝાઝું ધ્યાન આપી શક્યા નહિ અને મોટી ખોટ આવી પડી. વચ્ચે તેમણે ખેતી પણ અજમાવી જોએલી, પણ એમાં યે તેઓ સફળ થઈ શકેલા નહિ. તેમની માંદગી, આર્થિક દુર્દશા તેમજ માનસિક અસ્વસ્થતા વખતે મણિલાલે શક્ય તેટલી પૂરી મદદ આપીને મિત્રકર્તવ્ય બજાવ્યું હતું.

વડોદરે પ્લેગમાં સપડાઈ માત્ર બે દિવસમાં બાલાશંકરે જ્યારે ચાલીસ વર્ષની કાચી ઉમરે, સંવત્ ૧૯૫૪ના ચૈત્ર સુદ ૧૧ના રોજ, ઈ. ૧૮૯૮ના એપ્રિલની ૨૭મી તારીખે દેહ છોડચો, ત્યારે બીજી તરફ નડિયાદમાં, બાપદાદા તરફથી વારસામાં મળેલા ભર્યાભર્યા ઘરનું છેલ્લું વાસણ પણ વેચાઈ ચૂક્યું હતું!

સ્વભાવે ઉત્કટ પ્રેમમાં મસ્ત બાલાશંકર પોતાની રચના માટે પણ લાપરવાહ, નિર્મમ હતા. તેમના અવસાન નિમિત્તે મણિલાલે તેમની કવિતાને અંજલિ આપતાં ૧૮૯૮ના 'સુદર્શન'માં નોંધ્યું: 'સર્વ કરતાં મુખ્ય તો તેમની આકર્ષક અને લાવણ્યમયી અતિ મધુર પ્રાસાદિક કાવ્યકલા જ તેમનું નામ અમર કરી શકે તેવી છે... 'ક્લાન્ત કવિ', 'સૌંદર્યલહરિ' અને છુટક કાવ્યો કરતાં વધારે સંગ્રહ આપણી પાસે નથી, તથાપિ તેટલાથી યે તેમની પૂર્ણ પ્રતિભાનું આપણને પ્રમાણ મળી રહે છે.'

તેમની કાવ્યકૃતિઓનું સંપાદન કરવાના પ્રયાસો મણિલાલ, કલાપી, રા. વિ. પાઠક, કવિ ન્હાનાલાલ, સ્વ. બ. ક. ઠાકોર, રસિકલાલ પરીખ વગેરે અનેક વિદ્વાનો અને સહૃદયોએ કરેલા, પણ એ તાત્કાલિક ફળેલા નહિ. વિદ્વદ્વર્ય નવલરામે પણ ગેરસમજથી એમનાં કાવ્યોનું વિવેચન ન કર્યું તેથી તેમની પ્રતિભા લાંબા સમય સુધી ગુજરાતનું ધ્યાન ખેંચી શકેલી નહિ. અંતે ૧૯૪૨માં 'ક્લાન્ત કવિ'ના પ્રાકટ્યથી શ્રી ઉમાશંકર જોષીને હાથે તે કામ પાર પડયું.

વિપ્રલંભ શૃંગાર નિરૂપતી, ઈ. ૧૮૮૫માં પ્રકટ થએલી તેમની લાંબી કવિતા 'ક્લાન્ત કવિ', એ તેમની સમર્થ કવિપ્રતિભાની લાક્ષણિક ને વિશિષ્ટ પ્રતિનિધિ કૃતિ છે. શ્રી ઉમાશંકર જોષી કહે છે: ''ક્લાન્ત કવિ'માં પ્રિયતમા, કવિતા અને વિશ્વ-અધિષ્ઠાત્રી મહાદેવીની ત્રિવેણી ગૂંથાએલી છે. આ વસ્તુએ તે જમાનાના લોકોને આંચકો આપ્યો હતો. પણ આ આખા કાવ્ય ઉપર નજર નાખતાં આપણને સમજાય છે કે કવિનું લક્ષ્ય ઊર્ધ્વીકરણ તરફ છે.' અને તેમની સમગ્ર કવિતા-પ્રવૃત્તિની આલોચના કરતાં ઉમાશંકર કહે છે: 'ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના કવિ બે: બાલાશંકર ને મણિશંકર—'ક્લાન્ત' અને 'કાન્ત'. બાલાશંકરના બુલંદ લલકાર ને કાન્તનું કમનીય કૂજન ગુર્જર કાવ્યવાટિકામાં કદી શમનાર નથી. એક આપણી ગિરા ગુર્જરીનો મૂર્તિમંત વિપ્રલંભ શૃંગાર છે, બીજો સાક્ષાત્ કરુણ છે. બાલાશંકરના વિરહાલાપમાં એક પ્રકારનું ઊંડું સાંત્વન છે એટલું વિશેષ છે.'

એક અખબારની અર્ધશતાબ્દી

પત્રકારત્વના આદર્શ રૂપ જે ગણતરીનાં અખબાર અમારી નજર સમક્ષ રહ્યાં છે તેમાં અમેરિકાનું 'ક્રિશ્ચિયન સાયન્સ મૉનિટર' એક છે. મિત્રો આગળ તેનું નામ લેતાં તેનો પહેલો શબ્દ (ક્રિશ્ચિયન) તેઓમાં પણ ઉત્સાહ જગાડી શકતો નહિ, પણ તેની જે ગુણાતિશયતા અમારા મનમાં વસી હતી તેણે એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવેલી હતી એ જોતાં અમને તો સંતોષ જ થતો હતો. આજે તે અર્ધી સદીની ઉમરે પહોંચ્યું

છે તે પ્રસંગ નિમિત્તે તેની પરિચયરેખા અહીં ઉતારીએ છીએ:

આજથી પચાસ વર્ષ પહેલાં અમેરિકાના મૅસૅચ્યુસેટ્સ રાજ્યના બૉસ્ટન નગરમાં એક ધાર્મિક આદર્શને અનુલક્ષીને, વિશ્વશાંતિ અને માનવ-કલ્યાણના વિકાસ માટે રચનાત્મક માહિતીઓનું વિતરણ કરવાના ઉદ્દેશથી આ અખબાર સ્થપાએલું. તેમ છતાં, અર્ધી સદીની કારકિર્દી દરમિયાન તેનું કાર્યક્ષેત્ર એ ધર્મસંપ્રદાયની પાર એટલું તો વિશાળ બની રહ્યું છે કે આજે તેણે 'આંતરરાષ્ટ્રીય અખબાર' તરીકેની નામના પ્રાપ્ત કરી છે.

દુનિયાભરના ૧૨૦ દેશોમાં પહોંચતા આ અખબારની એક લાખ ને ઍંશી હજાર નકલોમાંની ઘણી તો હવાઈ માર્ગે જાય છે, પણ દૂર-દૂરના દેશોમાં ઊંટ ઉપર, હાથી ઉપર, કૂતરાગાડીમાં તથા વિષુવવૃત્તના કેટલાક ટાપુઓમાં પગે ચાલતા હલકારાઓ મારફત પણ એની વહેંચણી થાય છે. 'મૉનિટર'માં કાયમી રસવાળી ઘટનાઓ જ છપાતી હોવાથી ઘણા તો પોતાની નકલ વાંચીને બીજાઓને પણ આપે છે.

'ક્રિશ્ચિયન સાયન્સ ચર્ચ' નામના ધર્મપંથ તરફથી સ્થપાએલા આ અખબારમાં એના રોજિંદા ધર્મોપદેશનું તો એક જ કૉલમ હોય છે. બાકી તો અન્ય સંપ્રદાયોની મહત્ત્વની ઘટનાઓ પણ નિષ્પક્ષપણે રજૂ કરવામાં આવે છે. સ્ટાફના માણસો પંથના અનુયાયીઓ જ હોય એવો આગ્રહ રખાતો નથી. દેશનાં બધાં મુખ્ય શહેરોમાં એની શાખા–કચેરીઓ અને ખબરપત્રીઓ હોવા ઉપરાંત ઘણા દેશોમાં એના વૃત્તાંતનિવેદકો અને નિયમિત લખનારાઓ છે. અર્વિન કનહામ નામના અગ્રણી લેખક તેના તંત્રી છે.

ક્રિશ્ચિયન સાયન્સ પબ્લિશિંગ સોસાએટીની જે ઇમારતમાં આ અખબાર છપાય છે ત્યાં દર વર્ષે એક લાખ માણસો તો તેની કચેરી જોવા આવે છે, જેમાંના ઘણા તો વિદેશોમાંથી આવે છે. અહીં ૩૦ ફૂટના વ્યાસવાળો પૃથ્વીનો એક વિશાળ ગોળો રચવામાં આવ્યો છે, જેમાં વિવિધ દેશો અને મહાસાગરો રંગીન કાચ વડે નિર્દેશાયા છે. મુલાકાતીઓ આ ગોળામાં થઇને તેની ધરી પરના કાચના માર્ગ પરથી પસાર થાય છે ત્યારે એમની ટોચે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ દેખાય છે. ઇમારતના ચાર ખૂણે પથ્થરો ઉપર તેની પ્રવૃત્તિના પ્રાણ સમા શબ્દો કોતરેલા છે: 'શ્રદ્ધા, આશા, પ્રેમ, દયા, ન્યાય, પાવિત્ર્ય, આરોગ્ય અને શાંતિ.'

'ક્રિશ્ચિયન સાયન્સ ચર્ચ'નો આરંભ કરનાર શ્રીમતી મેરી બેકર એડીએ ૧૯૦૮ના નવેમ્બરમાં આ અખબારની સ્થાપના કરી ત્યારથી જ 'સહાયરૂપ, રચનાત્મક અને પ્રેરક' સામગ્રીઓના પ્રકાશનનો આગ્રહ રાખેલો; સાથેસાથ એવી પણ સૂચના આપેલી કે લોકકલ્યાણને સ્પર્શતા જાહેર અગત્યના કોઈ પણ સમાચારને ઉવેખવા નહિ. ગુનાખોરી કે હોનારતોના સમાચાર એમાં માત્ર નક્કર માહિતી પૂરતા જ છપાય છે, ને એમાંથી આવશ્યક ભભક કે સનસનાટીનાં તત્ત્વો દૂર કરવામાં આવે છે. કોઈ અનિચ્છનીય ચીજ–જણસની જાહેરખબર તેમાં સ્વીકારાતી નથી. રૂપરંગ અને સજાવટમાં પણ તે અન્ય અખબારોથી જુદું પડે છે. સમાચારોનાં અનુસંધાનો અંદરને પાને લઈ જવાનો શિરસ્તો એણે વાચકોની સગવડ સાચવવા માટે કદી અપનાવ્યો નથી. વળી એનાં મથાળાં નાનાં કદનાં અને ઓછાં સનસનાટીપ્રેરક હોય છે. માત્ર 'ફેલાવો' વધારવાના જ નેમથી આપણાં આજનાં પત્રો ચલાવનારા એ સંચાલકોનું લક્ષ્ય આ લેખ પ્રત્યે ખેંચાયું હોય તો સારું.

પરપોટાની પાળ

દરિયાનાં મોજાંને ગોદીમાં કે બારામાં આવી કુરજા કે ધક્કા સાથે અથડાતાં અટકાવવા, મોજાંની દિશામાં મોટા ખર્ચે સિમેંટ-કૉન્ક્રીટની પાળ બાંધવામાં આવે છે. હવે ડોવર (બ્રિટન)ના બારામાં પરપોટાની પાળ બાંધવાનો સફળ અખતરો થયો છે! પરપોટાની પાળ તોફાની દરિયાનાં મોજાંને પણ અટકાવી દે છે અને તેથી જહાજની આસપાસ દરિયો શાન્ત રહે છે!

દરિયાને તળિયે હવાના નળ નાખવામાં આવે છે, જેમાં ઠેકાણે ઠેકાણે મુખ હોય છે. આ મુખોમાંથી ભારે દબાણ નીચેની હવા જોરથી બહાર ધકેલાય છે અને પરપોટા રૂપે તે સપાટી તરફ ધસે છે. હવાના આ ધસતા પરપોટાઓની દીવાલ ધસી આવતાં મોજાંને એવી તો રોકે છે કે એથી મોજાંની ઊંચાઈ અરધી થઇ જાય છે અને તેનું વિનાશક બળ ચોથા ભાગનું ઘટી જાય છે. આવી દીવાલની બાજુમાં પરપોટાની બીજી દીવાલ ઊભી કરવામાં આવે તો વળી વધુ સારુ પરિણામ આવે.

ધક્કા પાસે લંગર નાખીને પડેલું જહાજ માલ લેતું કે ઉતારતું હોય ત્યારે મોજાં તેને ઉછાળે છે ને તેથી તેના વ્યવહારમાં ખલેલ પડે છે. આથી જહાજને ફરતી પરપોટાની પાળ રચી દીધી હોય તો બહાર દરિયો ઉછળતો હોવા છતાં અંદર જહાજની આસપાસ પાણી શાંત રહે.

તોફાની મોજાં દીવાદાંડીને નુકસાન કરે છે; છીછરા દરિયામાં તેલના કૂવા ગાળ્યા હોય ત્યાં કૂવાની માંડણીને પણ તે નુકસાન કરે છે. તેમને પણ પરપોટાની પાળ વડે ઘેરી લેવામાં આવે તો રક્ષણ મળે.

જો આ પ્રયોગો વ્યવહારુ બનશે તો કરોડો રૂપિયાને ખર્ચે દરિયામાં પથ્થર અને કૉંક્રીટના બંધ બાંધવા નહિ પડે. (પ્રવાસી)

અસ્ત્રો અને વીંછી

ઇંગ્લંડમાં 'ધ રેઝર' (અસ્ત્રો) અને 'ધ સ્કૉર્પિયન' (વીંછી) નામનાં બે વિલક્ષણ સાપ્તાહિકો પ્રગટ થતાં હતાં. બંનેની ખપત પણ ખૂબ થતી, કેમકે એ બંનેનું મુખ્યકામ એકમેકની ટીકા કરવાનું હતું. તેઓ પરસ્પરના વિચારોની તો ઉઘાડે છોગ ને આકરી ટીકા કરતાં હતાં જ, પરંતુ સાથેસાથે એકમેકના તંત્રીઓની અંગત ટીકા પણ તેમાં એવા ખુલ્લા શબ્દોમાં ને એટલી છૂટથી થતી કે સુરુચિવાળા વાચકોને આઘાત થાય. છેવટે એક સુરુચિવાળા એવા વાચકથી એ ન સહેવાતાં તેણે એ બંનેનો ઝઘડો ઘરમેળે પતાવીને મનમેળ કરાવવા બંને સંપાદકોને પત્ર લખીને નિયત સમયે પોતાને ત્યાં ચા પીવા માટે આમંત્ર્યા.

એક સાપ્તાહિકના તંત્રી તો વખતસર આવી લાગ્યા, પરંતુ બીજાનું આગમન હજું થયું નહોતું. તેની અરધોએક કલાક રાહ જોતાં પણ તે આવ્યા નહિ. એટલે સ્વાભાવિકરીતે જ તેમણે વખતસર આવેલા તંત્રીને પૂછ્યું, 'સાહેબ, કયા પત્રના તંત્રી છો? 'રેઝર'ના કે 'સ્કૉર્પિયન'ના?'

તંત્રી મહાશયે ઠંડે પેટે જવાબ આપ્યો, 'હું એકલો જ એ બંને સાપ્તાહિકોનો તંત્રી છું!' —શિવમ્ સુંદરમ્



મુનીમ: 'શેઠજી, આજે હું સાંજના સાત વાગ્યા સુધી ઑફિસમાં જ હતો એવી મારી શ્રીમતી પર ચિઠ્ઠી ન લખી આપો?'

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૩ 'સ્વરાજ્ય'ની યોજનાને આર્થિક રીતે સફળ કરવા માટે શિવાજીએ સૂરત લૂંટ્યું, ૧૬૭૦.
તા. ૧૦ પૅસિફિક–ઍટલાન્ટિક મહાસાગરોને જોડતી પનામાની નહેર બંધાઈ રહી, ૧૯૧૩.
તા. ૧૧ ટ્રાન્સવાલના બિન-ડચ વસાહતીઓની તુમાખીમાંથી બોઅરયુદ્ધ આરંભાયું, ૧૮૯૯.
તા. ૧૨ ભારતીય ક્રિકેટની શાન વધારનાર ખેલાડી,હાલનિવૃત્ત,વિજય મરચન્ટનો જન્મ, ૧૯૧૧.
તા. ૧૪ ઑક્સફર્ડ યુનિવર્સિટીએ પહેલી જ વાર સ્ત્રી-સ્નાતકોને ઉપાધિ આપવા માંડી, ૧૮૫૪.
તા.૧૧ વાણીસ્વાતંત્ર્ય માટે ગાંધીજીએ અંગ્રેજ સરકારસામે વૈયક્તિક સત્યાગ્રહ ઉપાડ્યો,૧૯૪૦.
તા. ૨૧ અંગ્રેજો-ફ્રેન્ચો વચ્ચે ટ્રફાલ્ગરનું જગનામી નૌકાયુદ્ધ, ને એમાં નેલ્સનનો અંત, ૧૮૦૫.
તા. ૨૩ સિંધુ નદી પરના જગતના લાંબામાં લાંબા બંધ સક્કરબરાજનો પાયો નંખાયો, ૧૯૨૩.
તા. ૨૫ પ્રસિદ્ધ અંગ્રેજ ઇતિહાસકાર,નિબંધ લેખક,કવિ ને મુત્સદ્દી લૉર્ડ મૅકૉલેનો જન્મ,૧૮૦૦.
તા. ૨૯ વાસ્કો દ ગામાએ કાલિકટ બંદર જીતી લીધું અને ૮૦૯ માણસોની કતલ કરી, ૧૫૦૪.
તા. ૩૧ સાયમન કમિશન વિરુદ્ધના સરઘસના નેતા લાલા લજપતરાય પર લાઠીમાર, ૧૯૨૮.

વ્યક્તિવિશેષ: પ્રમુખ આઈઝનહોવર



ગયા મહાયુદ્ધમાં મિત્રરાજ્યોના વિજય માટે 'વીરમૂર્તિ' તરીકે વધાવાએલા સરસેનાપતિ, ને હવે જગતના એક વિચક્ષણ શક્તિસંપન્ન રાજપુરુષ, અમેરિકાના રીપબ્લિકન પક્ષના નેતા તથા ત્યાંના પ્રમુખ ડ્વાઈટ ડેવિડ આઈઝનહોવરનો જન્મ, અમેરિકાના ટેક્સાસ પરગણાના ડેનિસન ગામમાં ઈ.૧૮૯૦ની ૧૪મી ઑક્ટોબરે,માખણ-પનીરની દુકાનમાં નોકરી કરતા પિતાને ઘેર, સાત ભાઇઓમાં ત્રીજા તરીકે થએલો. કુટુંબની સ્થિતિ ઘણી નાજુક હતી. પૈસા ખૂટી પડતા ત્યારે આ ભાઇઓને મજૂરીએ પણ જવું પડતું. ૧૯૦૯માં શાળા છોડયા બાદ ડ્વાઈટે અને એક ભાઈ એડ્ગરે એકબીજાનો આગળનો અભ્યાસનો ખર્ચ આંતરે વરસે કમાઇકમાઇને કાઢવાનો નિર્ણય કર્યો. પણ એવામાં ડ્વાઇટને ૧૯૧૧માંલશ્કરી ખાતામાંપ્રવેશ મળતાં તે પડતો મૂક્યો.તરુણ વયમાં તેઓ અચ્છા ખેલાડી હતા. લશ્કરી શાળાના સ્નાતક થઈ૧૯૧૫માં તે સેકંડલેફ્ટનન્ટ બન્યા, અને ૧૯૧૬ની ૧લી જુલાઇએ સાન ઍન્ટોનિયો ગામની મામી દાઉદ નામની યુવતી સાથે લગ્ન કર્યાં. એ જ દિવસે, એમને ફર્સ્ટ લેફ્ટનન્ટની પદવી પણ મળી। ત્યારથી તે ૧૯૪૧ સુધી લશ્કરમાં જુદીજુદી જગ્યાઓ સંભાળી. ટૅંકયુદ્ધની કલામાં તેઓ નિષ્ણાત છે;વિમાની ઉડ્ડયન અંગે તેઓ ઉત્સાહી હતા,એટલે ૪૭ની વયે 'પાયલટ' બન્યા,એમ તેમણે સર્વ પ્રકારની તાલીમ મેળવી લીધેલી.

પર્લ હાર્બર પર જાપાનનો હુમલો થયો ત્યાર પછી પાંચ દિવસે યુદ્ધ ખાતાએ બ્રિગેડિયર જનરલ આઈઝનહોવરને 'વૉર પ્લૅન્સ ડિવિઝન' સંભાળવા વૉશિંગ્ટન બોલાવ્યા. તમામ લશ્કરી મોરચાઓ માટે વ્યૂહો નક્કી કરતો એ વિભાગ છ મહિના સુધી એમણે સંભાળ્યો અને ૧૯૪૨ના જૂનમાં એ યુરોપનો લશ્કરી મોરચો સંભાળવા સેનાપતિ બનીને ગયા.

ત્યાર પછીના મહિનાઓમાં તેમણે ઉત્તર આફ્રિકા, સિસિલી, ઇટાલી અને છેવટે નૉર્મન્ડીમાં સેનાઓને દોરી. નૉર્મન્ડીમાં થઈને એમણે પોતાનાં દળોને નાઝી દળોની શરણાગતિના સમય સુધી ફ્રાન્સ અને જર્મનીમાં જીત ('કુમાર' અંક ૪૧૮) દોર્યાં હતાં. સાથી દળોના સર્વોચ્ચ સેનાપતિ તરીકે દૂરંદેશી અને વહીવટી શક્તિ વાપરીને તેમણે બાર જેટલાં રાષ્ટ્રોના સૈનિકોને એક તાંતણે બાંધી અંતે વિજય હાંસલ કર્યો હતો.

૧૯૪૩માં તેઓ જનરલ બન્યા. બીજે વર્ષે લશ્કરનું સર્વોચ્ચપદ'જનરલ ઑવ ધી આર્મી' પ્રાપ્ત કર્યું. ૧૯૪૫ની ૭મી મેએ નાઝી દળો શરણે થયાં ત્યાર પછી જર્મનીમાંનાં અમેરિકન કબજાદળોના તે વડા બન્યા. એ જ વર્ષે નવેમ્બરમાં 'આર્મી ઑવ સ્ટાફ'નો ઓદ્ધો સંભાળવા તેમને વૉશિંગ્ટન બોલાવવામાં આવ્યા, ને પછી કોલંબિયા યુનિવર્સિટીનું પ્રમુખપદ સ્વીકારવા ૧૯૪૮માં એ ઓદ્ધાનું રાજીનામું આપ્યું.શાળાઓમાં વિશ્વશાંતિને લગતા નવા અભ્યાસક્રમ તેમણે દાખલ કરેલા.

૧૯૫૦ના ડિસેમ્બરથી શરૂ કરીને દોઢ વરસ સુધી ફરી યુરોપમાંનાં સાથી દળોના સરસેનાપતિ તરીકે તેઓ 'ઉત્તર આટ્લાન્ટિક કરાર સંસ્થા'(નાટો)નાં રાષ્ટ્રસૈન્યોને એકત્રિત કરી રહ્યા. ૧૯૫૨ની ૩જી જૂને તેમણે યુરોપ ખાતેના વરિષ્ઠસેનાપતિતરીકેના સ્થાન પરથી રાજીનામું આપ્યું ને લશ્કરી કારકિર્દીનો વિધિસર ત્યાગ કર્યો. ૧૯૫૨માં તેમણે રીપબ્લિકન પક્ષ તરફથી ચૂંટણીજંગમાં ઝંપલાવ્યું, જેમાં તેઓ બહુમતે પ્રમુખ ચૂંટાઈ આવ્યા.

ગયા મહાયુદ્ધના આ વિજયી વીર યુદ્ધને ધિક્કારે છે. લાંબે ગાળે અણુશસ્ત્રોના નિયંત્રણ સહિતના અસરકારક આંતરરાષ્ટ્રીય નિઃશસ્ત્રીકરણમાં તેઓ માને છે.

તેમનું વાચન ઘણું વિશાળ અને સ્મૃતિ અસાધારણ છે. એકાગ્રચિત્ત થવાની એમનામાં અજબ શક્તિ છે. તેઓ અચ્છા વક્તા છે અને એમનું વ્યક્તિત્વ આકર્ષક છે. 'આઇક' એ તેમનું લાડનું નામ છે. જે મુઠ્ઠીભર વ્યક્તિઓના હાથમાં જગતનું ભવિષ્ય આજે તોળાઈ રહ્યું છે, તેમાં પ્રમુખ આઈઝનહોવર અગ્રણી છે.

પ્રસંગ વિશેષ: પ્રથમ અફઘાન વિગ્રહ આરંભાયો • ૧લી ઑક્ટોબર ૧૮૩૯

બ્રિટિશ સામ્રાજ્યની સરહદ વિસ્તારવાના લૉર્ડ ઑક્લૅન્ડના અમલ દરમ્યાનના પ્રયત્નોનું એક ફળ તે અફઘાન વિગ્રહ. તેની પૂર્વભૂમિકા રૂપે લૉર્ડ બેન્ટિકે મહારાજા રણજિતસિંહને ભેટ મોકલવાને બહાને લશ્કરી દૃષ્ટિએ સિંધુ નદીની છૂપી તપાસ કરાવી લીધી હતી; અને અંગ્રેજોને રહેતી રશિયાની બીકનું કારણ બતાવીને ૧૮૩૨માં બર્ન્સને મધ્ય એશિયામાં પણ મોકલ્યો હતો.

અફઘાનિસ્તાનનો પૂર્વનો થોડો મુલક—ખાસ કરીને પેશાવરનો ફળદ્રુપ જિલ્લો મહારાજા રણજિતસિંહે અફઘાનિસ્તાન પાસેથી પડાવ્યો હતો, તે રશિયા વિરુદ્ધ મદદ માગવાના બદલામાં અંગ્રેજો પોતાને પાછો અપાવે એવી માગણી અફઘાનિસ્તાનના શાસક દોસ્તમોહમ્મદે અંગ્રેજો પાસે મૂકી. એ તક ઝડપીને, અફઘાનિસ્તાનના પદચ્યુત શાસક શાહ શુજાનો પક્ષ લઈ ૧૮૩૯ની ૧લી ઑક્ટોબરે લૉર્ડ ઑક્લૅન્ડે દોસ્તમોહમ્મદ સામે યુદ્ધ જાહેર કર્યું. શાહ શુજાને નામે અંગ્રેજોએ પહેલાં તો કાબુલ મેળવ્યું, દોસ્ત મોહમ્મદને કેદ કરી ભારત મોકલ્યો. વિગ્રહનું એ પછીનું પાસું બહુ કરુણ છે. અને ઝનૂની અફઘાનોએ શાહ શુજા ને બર્ન્સનાં ખૂન કર્યાં, અંગ્રેજ એલચી મૅકનૉટનને દોસ્ત મોહમ્મદખાંના પુત્ર અકબરખાંએ ઠાર માર્યો, અને હારીને પાછી ફરતી વીસ હજારની અંગ્રેજ સેનાના એકેએકને અફઘાનોએ માર્ગમાં જ રહેંસી નાખ્યો. બચવા પામેલો એકમાત્ર અંગ્રેજ ડૉ. બ્રાઇડન જલાલાબાદ સુધી પહોંચી શક્યો. એ પછી પોલાકની સરદારી નીચે ફરી ચડાઇ કરવા ગએલી બીજી અંગ્રેજ સેના પણ હાર ખાઇને પાછી આવી.



અનન્તને આરે • કલાકાર દિલીપ બક્ષી
કોડાઇ કેનાલમાં પોતાના મુકામ પરથી દેખાતા ધુમ્મસાચ્છાદિત ગિરિદૃશ્યમાં કલાકારે જે અનંત તત્ત્વની ઝાંખી કરી તેનું, સ્વપ્નરૂપ રંગશૈલીમાં દર્શન
(કલાકારના સૌજન્યથી)



ગુજરાતનું કાષ્ઠશિલ્પ — ફોટો: મહેન્દ્રકુમાર સી. શાહ

પાટણના એક આધુનિક મંદિરમાં જડી રાખેલી ત્રણસો વર્ષ પહેલાંની કારીગરીની નવ મૂર્તિઓના ફોટોગ્રાફ ભાઇ શાહે અમને ઘણા વખત પહેલાં મોકલેલા તે, આ અંકમાંના 'ગુજરાતની કાષ્ઠપ્રતિમા'ના લેખના અનુસંધાનમાં આજે પ્રકટ કરીએ છીએ. જોકે આ પૂતળીઓ તો નવી ઢબે બાંધેલા મકાનના ચણતરના થાંભલાઓ પર જૂની ઢબે માત્ર શોભાના ટેકા તરીકે મૂકેલી છે, છતાં આપણાં પ્રાચીન મંદિરોમાં એ સ્થળે સંગીત–નર્તનના વિવિધ પ્રકારો તથા ભાવોને વ્યક્ત કરતી મૂર્તિઓ જે મુકાતી તેની પરંપરાની દ્યોતક હોવા સાથે આપણી તત્કાલીન કલાની કક્ષા એ દાખવે છે.


ગયું તેને જ રોવું શું, ગયું તેને જ જોવું શું?
ગયું તેને ગયું જાણી મૂકી દે જોવું ને રોવું.

—બાલાશંકર

કેમ્બ્રિજ વિદ્યાપીઠમાં ગણિતમાં પ્રથમ આવી અપ્રતિમ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થી રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે ભારત આવ્યા ત્યારે તેમને દેશને ખૂણેખૂણેથી ભારે પગારે રોકી લેવાનાં માગાં આવવા માંડયાં; પણ એ તો ભારતસેવક ગોખલેજીને મળી ૭૫ રૂપિયાના નજીવા દરમાયાથી પોતાના જૂના વિદ્યાલય ફર્ગ્યુસ્સન કૉલેજના આચાર્ય બન્યા. તેમણે કહ્યું: 'દેશસેવા એ પ્રથમ ધર્મ છે. એમાં, જેની પાસે ધન હોય તે ધન આપે; મારી પાસે વિદ્યા સિવાય કંઈ નથી, એટલે હું વિદ્યા આપું છું.'

કહેવતોની કથા: 'વો દિન કહાં, કે મિયાં કે પાઉં મે જૂતી?' એક મુફલિસ પણ તિસ્મારખાં મિયાંએ, પોતાની બીબી પર ગુસ્સો આવતાં ધમકી આપી કે 'જૂતી મારમાર કે સિર તોડ ડાલૂંગા', ત્યારે બીબીએ કહ્યું કે 'વો દિન કહાં કે મિયાં કે પાઉં મે જૂતી?' આ રીતે, કમજોર છતાં રોષ કરવો, પોતાની તાકાત બહારની બડાશ હાંકવી, કે અસંભવિતનાં સ્વપ્નાં સેવવા પર ઉપાલંભ તરીકે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવત એ છે કે 'ન કરે નારાયણ કે ગઢવી ગાડે ચડે.'


અનેકાર્થી શબ્દ: **વાન**=શરીરનો વર્ણ; કાંતિ; સૌંદર્ય; શરીર; મોટી ભરતી; વહાણ; ટાઢે ફાટેલી ચામડી; કાળો રંગ બનાવવાનું મિશ્રણ; ગતિ, ગમન; વાહન; ભીંતમાં છિદ્ર; તપખીર; પાણીમાં કૂદતી વાયુલહેર; વણવું તે, વાણો; વનસમૂહ, વન સંબંધી; વાવું તે; સાદડી; સુગંધ; સુરંગ; સૂકું ફળ; સુકાએલું.



અંગ્રેજી મૂળાક્ષરના ઓગણીસમા અક્ષર 'એસ'ના વિકાસક્રમ અનુસાર તેનાં ઇજિપ્સ્યન હાયરોગ્લિફિક, હાયરેટિક, ફિનિશ્યન, જૂનું ગ્રીક, આરંભનું ઈટાલી અને આધુનિક રૂપ પ્રથમ તકતીમાં દર્શાવાયાં છે. બીજી તકતીમાં તેના લેખનમરોડના કૅપિટલ અને નાના રૂપનું હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આજનું સ્વરૂપ, કાલક્રમ અનુસાર, દર્શાવ્યું છે.



માત્ર ઘરનાં સાધન વડે ડિસ્ટિલ્ડ વૉટર (બાષ્પજળ) બનાવી લેવાની સહેલી રીત: નાળચા ઉપર કપ ઊંધો લટકાવીને તેમાંથી પડતાં ઠરેલી વરાળનાં ટીપાં નીચે પ્યાલામાં ઝીલી લો.



પવનનો વેગ માપવાનું યંત્ર.

તીરની નિશાની વડે હવાની દિશા દર્શાવતી ચિત્રની ઉપરની યોજના તો જાણીતી છે. તેની સાથોસાથ જ હવાનો વેગ માપવાનું યંત્ર પણ આવે છે. ઉપરની ફૂદડીમાંના વાડકામાં હવા ભરાવાને લીધે તે જેટલા વેગથી ફરે તેનો આંક નીચેની ઘડિયાળનો કાંટો બતાવે. ઘડિયાળમાં વૈજ્ઞાનિક ગણતરી કરીને આંક મૂક્યા હોય તે પરથી કલાકના કેટલા માઈલના વેગે પવન ફૂંકાય છે તેનું માપ મળે.

જરૂર વગરની ચીજ લેવા માટે કોક વાર જરૂરી ચીજ વેચવાનો વખત આવે.

'જય હરિ'

કપડા પરના તેલના ડાઘ કાઢવાં માટે બેન્ઝિન ઉત્તમ છે. ડાઘ સાબુથી ધોવો જરૂરી છે. વેજીટેબલ ઘીના ડાઘવાળું કાપડ ૨ ટકા કૉસ્ટિક સોડા મેળવેલા પાણીમાં ૧ કલાક સુધી રાખવું કે ૫ ટકા સોડા નાખેલા પાણીમાં તેને ઉકાળવું.

ન્યાયાધીશ—એ બે જણ ખુરશીઓ લઈને લડતા હતા, તો તેં બંનેની વચ્ચે શાન્તિ સ્થાપવાનો કંઇ પણ પ્રયત્ન ન કર્યો?

સાક્ષી—ના જી, શું કરું? ત્યાં ત્રીજી ખુરશી જ નહોતી!

કુદીના પર થોડી દળેલી ખાંડ ભભરાવવાથી તે જલદી સમારી શકાશે.



કલાકણિકા: સૌંદર્યદ્વીપ બાલીના સોનારોના એક ગામડામાં બનેલી ગરુડમૂર્તિમાં બારીક ચાંદીકામની પ્રશસ્ય કારીગીરી